પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. 30-૭-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૧૨૨

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
હૃદયથી સાફ રહેશો તો,
કેટલાય લોકોના ખાસ રહેશો.
સુવિચારો મહત્ત્વનાં નથી સુ(શું)
વિચારો છો? તે મહત્ત્વનું છે...

**૭૧ વિધાનસભાના ધારાસભ્ય**
## ‘ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે’: ત્રંબામાં પોસ્ટરો લાગ્યા

(વાંચો છેલ્લા પાને)

# અલકાયદાની મહિલા આતંકી સમા પરવીનને બેંગ્લોરથી દબોચી લેતી ગુજરાત એટીએસ

### એક સપ્તાહ પહેલા જ અલકાયદાના ચાર આતંકીની ધરપકડ કરાયા બાદ એટીએસને વધુ એક સફળતા: સમા પરવીન સોશિયલ મીડિયા પર કટ્ટરવાદી સામગ્રી શેર કરવાની હતી તેમજ ઈન્સ્ટાગ્રામ પર આતંકવાદી સંગઠનોની વિચારધારાને પ્રોત્સાહન આપતી હતી



**અબતક, અમદાવાદ**


ગુજરાત એટીએસએ અલકાયદા સાથે સંકળાયેલી બેંગાલુરુની સમા પરવીનની ધરપકડ કરી છે. આ પહેલા ૨૩ જુલાઈએ ૪ અલકાયદાના ચાર આતંકીની ધરપકડ કરી હતી.

૨૩ જુલાઈએ ઝડપાયેલા ચાર આતંકીમાં બે અમદાવાદ અને મોડાસાના, જ્યારે બે વ્યક્તિ દિલ્હી અને નોઈડાની હોવાનું સામે આવ્યું હતું. અલકાયદાના દક્ષિણ એશિયા ક્ષેત્ર સાથે જોડાયેલા અલકાયદા ઈન ઈન્ડિયા સબકોન્ટિનન્ટની વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તેઓ સોશિયલ મીડિયા અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હતા.

ગુજરાત એટીએસએ ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ ચોક્કસ માહિતી મળી હતી કે ભારતમાં અલ-કાયદાની વિચારધારાને પ્રોત્સાહન આપતા પાંચ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સક્રિય છે. આ માહિતીના આધારે એટીએસએ ટેકનિકલ ટીમ બનાવી અને આ એકાઉન્ટ્સનું વિશ્લેષણ કર્યું. આ દરમિયાન, ચાર વ્યક્તિઓ - ફરદીન શેખ (અમદાવાદ), મોહમ્મદ ફૈક (દિલ્હી), ઝીશાન અલી (નોઈડા), અને સૈફુલ્લા કુરેશી (મોડાસા, ગુજરાત) - ની ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ ચારેય વ્યક્તિઓ અલ-કાયદા સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું હતું, અને તેઓ સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદી વિચારધારાનો પ્રચાર કરતા હતા.

આ ઓપરેશનના ભાગરૂપે, એટીએસએ સમા પરવીનની શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખી. તપાસમાં જાણવા (અનુ. આઠમા પાને)

### જમ્મુ-કાશ્મીરના પૂંછમાં બે આતંકીઓ ઠાર: સેનાનું સર્ચ ઓપરેશન યથાવત



જમ્મુ-કાશ્મીરના પૂંછ સેક્ટરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. સેનાના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં આતંકવાદીઓ પ્રવૃત્તિઓ જોવા મળી હતી, જેના પગલે ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળોની ટીમ પર ગોળીબાર કર્યો. તેના જવાબમાં સુરક્ષા દળોની ટીમે અથડામણમાં બંને આતંકવાદીઓને ઠાર કર્યા. સુરક્ષા દળોએ વધુમાં જણાવ્યું કે દેગવાર સેક્ટરમાં એલઓસી નજીક શંકાસ્પદ પ્રવૃત્તિઓની માહિતી મળી હતી. જેના આધારે સેનાએ તરત જ વિસ્તારને ઘેરી લીધો અને (અનુ. આઠમા પાને)

# રશિયામાં ૮.૮ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ: સુનામીને લઈ જાપાનના અણુમથકો જોખમમાં મુકાયા

### જાપાને કુકુશીમા પરમાણુ રિએક્ટર ખાલી કરાવ્યું: ૧૩ ફુટ ઉંચા મોજાં ઉછળ્યાં: રશિયામાં વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો ભૂકંપ: રશિયા, જાપાન અને અમેરિકા ત્રણેય દેશોમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયું: જાપાનમાં ૧૬ જગ્યાએ સુનામીએ દસ્તક આપી: અનેક ઈમારતોને નુકશાન

**અબતક, નવી દિલ્હી**

રશિયામાં ૮.૮ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદથી અનેક દેશોમાં ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે.

બુધવારે વહેલી સવારે ૮.૮ની તીવ્રતાના ભૂકંપ પછી રશિયાના કુરિલ ટાપુઓ અને જાપાનના ઉત્તરીય ટાપુ હોક્કાઈડોના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામી આવી હતી. હોનોલુલુમાં સુનામી ચેતવણીના સાયરન વાગવા લાગ્યા અને લોકોને ઊંચા સ્થળોએ જવા માટે કહેવામાં આવ્યું. જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે લગભગ 30 સેન્ટિમીટર ઊંચી સુનામીના પ્રથમ લહેર હોક્કાઈડોના પૂર્વ કિનારે નેમુરો પહોંચી હતી.



સ્થાનિક ગવર્નર વાલેરી લિમારેન્કોના જણાવ્યા અનુસાર, પ્રથમ સુનામી મોજા પેસિફિક મહાસાગરમાં રશિયાના કુરિલ ટાપુઓના મુખ્ય વસાહત સેવેરો-કુરિલ્સ્કના દરિયાકાંઠાના વિસ્તારમાં ત્રાટક્યા હતા.

યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૯.૩ કિલોમીટર નીચે હતું. એજન્સીના જણાવ્યા અનુસાર, (અનુ. આઠમા પાને)

### ટ્રમ્પએ સુનામીની ચેતવણી જાહેર કરી

યુએસની ભૂકંપ એજન્સી દ્વારા એલર્ટ જાહેર કરાયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સુનામીની ચેતવણી જાહેર કરી હતી. તેમણે ટ્રુથ પર પોસ્ટમાં જણાવ્યું કે કેલિફોર્નિયા અને તટીય વિસ્તારોમાં સુનામી આવી શકે છે એટલે લોકો સાવચેત રહે. ઉલ્લેખનીય છે કે રશિયામાં શક્તિશાળી ભૂકંપ બાદ અનેક ઈમારતોને નુકસાન થયાની તસવીરો સામે આવી છે. દરિયામાં પણ સુનામીની એક્ટિવિટી જોવા મળી રહી છે.

### જાપાનમાં અનેક જગ્યાએ સુનામીની દસ્તક ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવાની તૈયારી

જાપાનમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયા બાદથી લોકો ધાબે ચઢી ગયા હતા. લોકોને ઈમારત પર ઊભેલા વીડિયો જોઈ શકાય છે. પેસિફિક વોર્નિંગ સેન્ટર કહે છે કે હવાઈ, ચિલી અને જાપાન તથા સોલોમન ટાપુ પર સુનામીની સ્થિતિ સર્જાઈ છે. જાપાનમાં ૧૬ જગ્યાએ સુનામીએ દસ્તક આપી છે. આ દરમિયાન સમુદ્રમાં ૪૦ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. ઈશિનોમાકી પોર્ટ પર સમુદ્રમાં પચાસ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. જાપાના હોક્કાઈદોમાં પણ સુનામીની લહેરો જોવા મળી હતી. હાલમાં ૧૦ લાખથી વધુ લોકોને સ્થળાતર કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

# હવે સીએ ૬૦થી વધુ ઓડિટ નહિ કરી શકે: આઈસીએઆઈ

### આઈસીએઆઈએ જાહેર કરેલી આ નવી માર્ગદર્શિકા એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા એ મંગળવારે નવી માર્ગદર્શિકા જાહેર કરી, જે એક એકાઉન્ટિંગ ફર્મના પાર્ટનર દ્વારા એક વર્ષમાં લઈ શકાય તેવા ટેક્સ ઓડિટની સંખ્યાને ૬૦ સુધી મર્યાદિત કરે છે. આ નવી માર્ગદર્શિકા એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે.

હાલની માર્ગદર્શિકા મુજબ, એકલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જે સ્વતંત્ર રીતે કામ કરે છે, તે એક નાણાકીય વર્ષમાં ૬૦ ટેક્સ ઓડિટ કરી શકે છે, જ્યારે પાર્ટનરશિપ ફર્મ તેના તમામ પાર્ટનર્સની સંયુક્ત મર્યાદા સુધી ઓડિટ કરી શકે છે. આનાથી ઘણીવાર વરિષ્ઠ પાર્ટનર્સ પોતાની વ્યક્તિગત મર્યાદા પૂરી થયા બાદ તેમના જુનિયર સાથીઓનો ક્વોટા વાપરે છે. ઈટીએ ૧૮ જૂને અહેવાલ આપ્યો હતો કે આઈસીએઆઈ આ મર્યાદા લાદશે જેથી એકાઉન્ટિંગ ફર્મ્સમાં થોડા વરિષ્ઠ પાર્ટનર્સ પાસે ઓડિટના કામનું કેન્દ્રીકરણ ન થાય અને અસ્પર્ધાત્મક વર્તનને અંકુશમાં લેવાય.’ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (ટેક્સ ઓડિટની સંખ્યા પર મર્યાદા) માર્ગદર્શિકા, ૨૦૨૫’, જે મંગળવારે જાહેર કરવામાં આવી, તેમાં જણાવાયું છે કે એક એન્ટિટીના મુખ્ય કાર્યાલય અને શાખા કાર્યાલયોનું ઓડિટ એક જ ટેક્સ ઓડિટ ગણાશે.

એક જ એન્ટિટીની એક કે વધુ શાખાઓનું એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવેલું ઓડિટ એક જ ટેક્સ ઓડિટ ગણાશે, એમ તેમાં (અનુ. આઠમા પાને)

# ન હોય... ફક્ત એક જ દિવસમાં રૂ.૫૦ હજાર કરોડની ઓનલાઈન બઠ્ઠાંતરી!!

### મેક્સિકન ઉદ્યોગપતિની ૧૬ અબજ ડોલર સંપત્તિનો ત્રીજો હિસ્સો સાયબર ગઠીયા ઉસેડી ગયા

**અબતક, રાજકોટ**

હું પોતાની જાતને મૂર્ખ સમજુ છું... શબ્દો છે મેક્સિકન અબજપતિ અને ગ્રુપો સેલિનાસના માલિક રિકાર્ડો સેલિનાસ પ્લિગોના છે. કારણ કે, ટેલિકોમ્યુનિકેશન્સ સમૂહ ગ્રુપો સેલિનાસના માલિકે તેમની કુલ સંપત્તિ ૧૬ અબજ ડોલરનો લગભગ ત્રીજો હિસ્સો સાયબર ઠગાઈમાં એક જ ઝાટકે ગુમાવી દીધી હતી.

સાયબર ઠગાઈની વિગતો મુજબ વર્ષ ૨૦૨૧ માં સેલિનાસ પ્લિગોએ ૧૯૫૦ માં તેમના પિતા દ્વારા સ્થાપિત રિટેલ અને બેંકિંગ સામ્રાજ્ય ગ્રુપો એલેક્ટ્રામાં તેમના શેર સામે ૪૦૦ મિલિયન ડોલર ઉધાર લઈને બિટકોઈન રોકાણ માટે નાણાં પૂરા પાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે સ્વિસ નાણાકીય સલાહકાર દ્વારા એસ્ટર કેપિટલ ફંડ સાથે જોડાણ કર્યું હતું. તેઓ એવું માનતા કે તે એસ્ટર વારસા સાથે જોડાયેલી એક પ્રતિષ્ઠિત પેઢી છે. ‘‘થોમસ એસ્ટર મેલોન‘‘ હોવાનો દાવો કરતા એક શખ્સના કહેવાથી કંપનીએ ૧.૧૫% વ્યાજની લોન ઓફર કરી અને પોલિશ્ડ સામગ્રી રજૂ કરી હતી. જેમાં સિંહ સીલવાળી વેબસાઈટ અને બ્રાન્ડેડ ઓફિસો દર્શાવતો પ્રમોશનલ વિડિઓનો સમાવેશ થાય છે.

જોકે, આ તમામ બાબતો ફક્ત જુઠાણાં સિવાય કશું જ ન હતું. થોમસ એસ્ટર મેલોન તરીકે ઓળખ આપતો શખ્સ (અનુ. આઠમા પાને)




# કર્ણાટક કોંગ્રેસમાં કાળો કકળાટ: મુખ્યમંત્રી-ના.મુખ્યમંત્રી સામસામા

### ધારાસભ્યો સાથેની મુખ્યમંત્રી સિધ્ધાર મૈયાની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર ગેરહાજર

**અબતક, રાજકોટ**

કર્ણાટકમાં કોંગ્રેસમાં કાળો કકળાટ જોવા મળી રહ્યો છે.પક્ષમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે.તાજેતરમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર ગેરહાજર રહ્યા હતા.એકમાત્ર મોટા રાજ્યમાં શાસન હોવા છતાં કોંગ્રેસ હાઈ કમાન્ડ સ્થાનિક નેતાઓએ સમજાવી સાથે રાખી શકાતી નથી.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તાજેતરમાં પક્ષના ધારાસભ્યો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી.જેનો ઉદ્દેશ્ય ધારાસભ્યોની ફરિયાદો સાંભળવાનો અને ૫૦ કરોડના વિશેષ વિકાસ અનુદાન માટે મંજૂરી પત્રોનું વિતરણ કરવાનો હતો. જોકે, આ બેઠકોથી



કોંગ્રેસ પક્ષમાં ચાલી રહેલો આંતરિક જૂથવાદ અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા તથા નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર વચ્ચેનો સત્તા સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે.

ગઈકાલથી શરૂ થયેલી આ બેઠકોમાં ડી.કે. શિવકુમારને ઔપચારિક રીતે આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, જે બે નેતાઓ વચ્ચેના તણાવને સ્પષ્ટપણે દર્શાવે છે. આ બેઠકો દરમિયાન સિદ્ધારમૈયાના વફાદાર ધારાસભ્યો અને શિવકુમારને ટેકો આપનારા ધારાસભ્યો વચ્ચે ખુલ્લેઆમ મતભેદો સપાટી પર આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર કર્ણાટકના વિકાસ મંત્રી અને કેપીસીસી પ્રમુખ પણ છે, તેઓ ૪ ઓગસ્ટે બેંગલુરુમાં (અનુ. આઠમા પાને)

**જોડે રે જો રાજ**

# વસુંધરાને ચૂંક ઉપડતા રાજસ્થાન સરકારનું નાવડું હાલક ડોલક!!

### વસુંધરા અને ભજનલાલની મોદી સાથેની ઓચિંતી મુલાકાતથી રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તનની અટકળો

**અબતક, રાજકોટ**

રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તનની અટકળોએ ફરી વેગ પકડયો છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજ અને મુખ્યમંત્રી ભજનલાલ શર્મા બે દિવસથી દિલ્હીમાં છે બન્ને નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે મેરેથોન બેઠક કરતા દેશભરમાં રાજકારણમાં આગામી દિવસોમાં મોટી ઉથલ પાથલના સંકેતો મળી રહ્યા છે.

લોકસભાની ગત ચુંટણીમાં રાજસ્થાનમાં ભાજપને મોટી નુકશાની થવા પામી છે. રાજસ્થાનમાં ગમે ત્યારે નેતૃત્વ પરિવર્તન થશે તેવી વાતો છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. દરમિયાન સરકારી શાળાની છત ધરાશાયી થવાની ઘટનામાં અનેક માસુમ બાળકોના મોત નિપજયાની ઘટના બાદ રાજસ્થાનની ભજનલાલ શર્માની સરકાર પર ભારે માછલા ધોવાય (અનુ. આઠમા પાને)

# ભારતની ૧૫ ટકા સુધી ડ્યુટી રાખવાની માંગ સામે ટ્રમ્પે ૨૦થી ૨૫ ટકાની ઓફર આપી

### ૧ ઓગસ્ટથી બન્ને દેશો વચ્ચે નવો વેપાર કરાર લાગુ કરવા યુએસની કવાયત: યુએસએ બીજા દેશો સાથે ટેરિફ નક્કી કર્યા, પણ ભારત ઉપર કેટલો ટેરિફ નક્કી થાય છે તેના ઉપર વિશ્વભરની નજર

**અબતક, નવી દિલ્હી**

ભારત સાથે વેપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૦-૨૫% ટેરિફ લાદવાની ચેતવણી આપી છે. ટ્રમ્પે



કહ્યું કે ભારત સાથેના વેપાર કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવી સ્થિતિમાં, તેમને લાગે છે કે ભારત પર ટેરિફ દરો લાગુ રહેશે.

એરફોર્સ વનમાં પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું કે શું ભારત સાથેના વેપાર કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવી સ્થિતિમાં, શું ભારત પર ૨૦-૨૫% ટેરિફ દરો લાગુ થશે? આના પર, ટ્રમ્પે જવાબ આપ્યો, ’હા, મને લાગે છે. ભારત અમારો મિત્ર છે. તેમણે મારી વિનંતી પર પાકિસ્તાન સાથે યુધ્ધ સમાપ્ત કર્યું... ભારત સાથેના કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. મૂળભૂત રીતે તેઓએ અન્ય કોઈપણ દેશ કરતાં વધુ ટેરિફ લાધા છે.’


જોકે, તેમણે (અનુ. આઠમા પાને)

### કૃષિ અને ડેરી ક્ષેત્રે ભારત જરા પણ બાંધછોડ કરવા ઈચ્છતું નથી

આ વર્ષે અમેરિકા સાથે વેપાર વાટાઘાટો શરૂ કરવા છતાં, ભારતે તેના કૃષિ અને ડેરી ક્ષેત્રો અંગે મક્કમ વલણ જાળવી રાખ્યું છે. સરકાર આ મુદ્દા પર ઝૂકીને દેશના લાખો ખેડૂતોના હિત સાથે સમાધાન કરવા માંગતી નથી. જ્યારે અમેરિકા આ ક્ષેત્રને અમેરિકન ઉત્પાદનો માટે સંપૂર્ણપણે ખોલવાની માંગ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, બંને દેશો વચ્ચે કરાર પર પહોંચવાનો મુદ્દો હાલમાં અટવાયેલો છે.

### બન્ને દેશો વચ્ચે ટૂંક સમયમાં કરાર થશે: પિયુષ ગોયલ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧ ઓગસ્ટ સુધીમાં વેપાર કરાર નહીં થાય તો ભારત પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં, દરેકના મનમાં પ્રશ્ન એ છે કે શું બંને દેશો નિર્ધારિત સમયમર્યાદામાં કોઈ કરાર પર પહોંચી શકશે. ભારતના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં કરાર થશે. તેમણે સંકેત આપ્યો કે વેપાર કરાર માટેની વાટાઘાટો ઝડપથી આગળ વધી રહી છે, અને તેમણે એ પણ ભાર મૂક્યો કે આવી કોઈપણ ચર્ચામાં ભારતના રાષ્ટ્રીય હિતો સર્વોપરી છે.



એક બાઈટમાં ખુશીનો ધમાકો

# ઘાટે... ઘાટ...નું પાણી પાણીપૂરીમાં સમાણું

## એક પુરી અનેક સ્વાદનો સંગમ છે, તે દરેક ગુજરાતીનું ફેવરીટ સ્નેહ: તે ભારતીય ઉપખંડમાં ખુબ જ લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ છે: તેના ઘણા ઘટકો સ્વાસ્થ્યને લાભ આપી શકે છે, પણ સ્વચ્છતા અને વેપરાયેલી સામગ્રીની ગુણવત્તા મહત્વપૂર્ણ છે

સમગ્ર ભારતમાં વિવિધ નામોથી પ્રચલિત પાણીપુરી ગુજરાતીઓની પ્રથમ પસંદગી છે. ઘરની આસપાસ કે શહેરમાં મળતી શ્રેષ્ઠ પાણીપુરી યુવા વર્ગની હોટ ફેવરીટ છે. પુરૂષો કરતા મહિલાઓ તે વધુ ખાતા જોવા મળે છે. આજે તો વિવિધ પાણીના સ્વાદ સાથે પાણીપુરીના ચટાકેદાર સ્વાદમાં પરિવર્તન આવી ગયું છે.

તેની એક બાઈટમાં સ્વર્ગ જેવી ખુશનો આનંદ મળતો હોવાથી તેનો વેચવાવાળા કોર્પોરેટ જગતના નોકરીયાત કરતાં વધુ કમાણી કરે છે. ચટાકેદાર પાણીપુરીના સ્વાદનો ચસ્કો ઘણાને ટેવમાં પણ બદલાયો છે. તેની અદભુત દુનિયા છે, અને રસપ્રદ ઈતિહાસ સાથે તેના પ્રારંભ વિશે ઘણી લોકવાયકા પણ જોવા મળે છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦


એક નાનકડી પાણીપુરી અનેક સ્વાદનો સંગમ છે. ભારતીય ઉપખંડમાં તે એક લોકપ્રિય સ્ટ્રીટ ફુડ છે. જે તેના અનોખા સ્વાદ મિશ્રણ માટે જાણીતી છે. તે એક ક્રિસ્પી, પોચીપુરી લોટ કે રવામાંથી બનેલી હોય છે. બટાકા, ચણા અને મસાલાના મિશ્રણથી ભરેલી હોય છે. ચણા, ડુંગળી, લસણ, ફુદીનાની ચણણી, તીખુ - પણ તેનું મૂળ ભારતના પ્રાચિન મગધ રાજય (આજનું બિહાર) માં હોવાનું મનાય છે. પ્રારંભમાં તેનું નામ 'ફૂલ્કી' હતું. મહાભારત સાથે પણ તેની લોકવાયકા જોડાયેલી છે., તેમાં દ્રૌપદીએ ઓછા સંસાધનોમાંથી પાંડવોને સંતોષવા આ વાનગી બનાવાય હોવાની વાત પ્રચલિત છે. સમય જતાં પાણીપુરી ભારતના વિવિધ પ્રાંતોમાં પ્રસરી અને તેને તેમાં પોતાની આગવી શૈલીથી સ્વાદ ઉમેર્યા હતા.



ભારતના વિવિધ રાજયોમાં તે અલગ અલગ નામથી ઓળખાય છે, જેમાં ઉત્તર ભારતમાં ગોલ ગપ્પા, પશ્ચિમ બંગાળમાં ફૂચકા કે ફુચકી, ઉત્તર પ્રદેશમાં પાની કે બતાશે, ઓડીશા અને ઝારખંડમાં ગુપ-ચુપ અને ગુજરાત - મહારાષ્ટ્રમાં તેને પાણીપુરી કહેવાય છે. આજની ૨૧મી સદીના યુગમાં તેમાં પણ ઘણા ફેરફારો કરીને નવા પ્રયોગોમાં દહીં પુરી, શેઝવાન પાનીપુરી, ચોકલેટ પાણીપુરી, ચીઝ બર્સ્ટ અને ફ્રુટ પંચ જેવી પાણીપુરી બજારોમાં જોવા મળે છે. પહેલા ભાવ સસ્તો હતો તો આજે કવોલીટી વાળી પુરીમાં છ કે સાત પાણીપુરી આવે છે. પાણીપુરી એ માત્ર એક નાસ્તો નથી પણ ભારતીય સ્ટ્રીટફુડ કલ્ચરનું એક અભિન્ન અંગ છે. તે તેના સ્વાદ, સુગંધ અને તેને ખાવાની અનોખી રીત માટે દુનિયાભરમાં લોકપ્રિય છે. બિહારમાંથી તેનો ઉદભવ થવાની લોક વાયકાને કારણે જ બિહારના ભૈયા ગુજરાતમાં આ વ્યવસાય સાથે વધુ જોવા મળે છે. ઘણા વર્ષોથી અહીં સ્થાયી થયેલા આ વેપારીને ગુજરાતી આવડતું હોવા છતાં આપણે તેની સાથે હિન્દીમાં વાત કરીએ છીએ - પાણીપુરીના ટેસ્ટ બાદ મસાલા પુરીની માંગણી બધા ગુજરાતીની ટેવ છે. પાણીપુરીમા ઘણા ઘટકો એવા છે, જે આપણા સ્વાસ્થ્યને ફાયદો કરી શકે છે, જો તે સ્વચ્છતા અને વપરાયેલી વસ્તુ કે પાણી ગુણવત્તા વાળું હોય તો બાકી પાણીપુરી નુકશાન કરી શકે છે.



તેમાં વિટામીન, ખનીજો સાથે આયર્ન, મેગ્યનેશિયમ, મેગેનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝીંક અને વિટામીન એ, બી-૬, બી-૧૨, સી અને ડી જેવા વિટામીન્સ અને ખનીજો મળે છે, આને કારણે આયર્ન તત્વ લોહીમાં ઓકિસજન જાળવી રાખવામાં મદદ કરે છે. પાણીમાં ફૂદિનો, આમલી, જીરૂ, ધાણા જેવા મસાલા પાચનમાં મદદ કરે અને અપચો, ગેસ અને એસીડીટી જેવી સમસ્યામાંથી રાહત આપે છે. જીલજીરા અને ફૂદીનાને કારણે પાણીપુરી મોઢામાં પડેલ ચાંદામાં રાહત આપે છે. તેનો તીખો અને વિવિધ સ્વાદ મૂડને તાજગી આપે છે, અને મનને સક્રિય અને પ્રફુલ્લિત કરે છે. તેનું પાણી મસાલા, આંબલી અને ફૂદીનાથી ભરેલું હોવાથી તે શરીરને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે, ખાસ કરીને ઉનાળાની ગરમીમાં તે ઓછી કેલરીવાળી સામગ્રીમાંથી તૈયાર થતી હોવાથી વજન નિયંત્રણ માટે સારી છે. આપણે ધ્યાન એટલું જ રાખવું જરૂરી છે કે તેનો વધુ પડતો ઉપયોગ કે અસ્વચ્છ રીતે બનેલી હોય તો આપણાં શરીર માટે હાનીકારક છે. પુરી તળેલી હોવાથી તેમાં કાર્બો હાઈડ્રેટસનું પ્રમાણ વધુ હોય છે, અમુક મીઠી ચટણીમાં ખાંડનું પ્રમાણ પણ વધારે હોવાથી મર્યાદિત ખાવી જરુરી છે. તે સ્વાદિષ્ટ હોવા છતાં અસ્વચ્છ પાણીપુરી, ખરાબ પાણીથી કે તેની ખરાબ સામગ્રીથી ઝાડા, ઊલ્ટી, ફુડ પોઈઝનિંગ અને અન્ય પેટ સંબંધિત બિમારી થઈ શકે છે. ખુલ્લી જગ્યાએ વહેચાતી પાણીપુરીમાં ધૂળ - માખીઓ અને અન્ય જીવાણુંઓ પડવાની શકયતાઓ રહેલી હોવાથી આપણે સાવચેત રહેવું જોઈએ, તેના પાણીમાં અને ચટણીમાં મીઠાનું પ્રમાણ વધારે હોવાથી બ્લડપ્રેસર અને હૃદયરોગના દર્દીઓ માટે હાનીકારક થઈ શકે છે, પાણીપુરી તળવામાં વપરાતું ખરાબ તેલ અને અતિશય મસાલા એસીડીટી, છાતીમાં બળતરા કે અપચા જેવી સમસ્યા કરે છે.



તમે પાણીપુરીના શોખીન છો, તો સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખીને જ તેનો ટેસ્ટ કરવો. આજે તો જાગૃતિને કારણે પરિણામો પોતાના ઘેર જ પાણીપુરી બનાવીને આનંદોત્સવ માણે છે. અમુક મહિલાઓની માસ્ટરી હોવાથી પરિવાર તેના હાથની પાણીપુરીના દિવાના હોય છે.

### પ્રાચિન કાળની 'ફૂલ્કી' જ આજની પાણીપુરી

સમગ્ર દેશમાં પાણીપુરી યુવા વર્ગ અને બાળથી મોટેરાની પ્રથમ પસંદ બની છે. પ્રાચિન કાળની ફુલ્કી એટલે જ આજની પાણીપુરી દેશના વિવિધ રાજયોમાં તેના નામ અલગ અલગ જોવા મળે છે. આધુનિક સમયમાં દહીપુરી, ચીઝ બર્સ્ટ, શેઝવાન, ચોકલેટ પાણીપુરી જેવી વિવિધ આઈટમમાં મળે છે. આજે વિવિધ પાણીમાં ફૂદીના, લસણ, આંબલી, જલજીરા, લીંબુનું ખાટુ, ખજુર વિગેરે સાથે પાંચથી સાત ટેસ્ટી પાણી સાથે પાણીપુરી મળી રહી છે, જે ટેસ્ટમાં બેસ્ટ હોય છે.

**ગોલગપ્પા, ફુચકા, પાની કે બતાવશે, ગુપ-ચુપ અને ફુલ્કી જેવા નામોથી પાણીપુરી ઓળખાય છે: તેમાં વિટામીન, ખનીજો જેવા વિવિધ તત્વો હોવાથી પાચનમાં મદદરૂપ, મોઢાના ચાંદામાં રાહત, મુડ તાજગી, હાઈડ્રેશન, વજન નિયંત્રણ જેવામાં રાહતરૂપ છે: તેનું વધુ પડતું સેવન અને અસ્વચ્છ રીતે બનેલી પાણીપુરી સ્વાસ્થ્ય માટે હાનીકારક છે**

# સફળતાની સીડીનાં ત્રણ પગથિયાં-પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રયાસ

## આ ત્રણેય ગુણો કોઈ પણ વ્યક્તિના વ્યક્તિતત્ત્વને ઘડવામાં અને તેના જીવનને નવી દિશા આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે

માનવ જીવનમાં સફળતા મેળવવા માટે ઘણા ઘટકો જવાબદાર હોય છે,તેમાં પણ ત્રણ મહત્વનાં તત્ત્વો છે - પ્રેરણા (Inspiration),પ્રોત્સાહન (Encouragement) અને પ્રયાસ (Effort).આ ત્રણે શબ્દો જેટલા સરળ લાગે છે,તેટલાં જીવનના ઊંડાણમાં જઈને સફળતા તરફ દોરી જાય છે. આ ત્રણેય ગુણો કોઈ પણ વ્યક્તિના વ્યક્તિતત્ત્વને ઘડવામાં અને તેના જીવનને નવી દિશા આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**પ્રેરણા:** પ્રેરણા એ એક એવી અંદરથી ઊગતી શક્તિ છે,જે કોઈ વ્યક્તિને ઊર્જાથી ભરપૂર બનાવી દે છે. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં કંઈક મોટું કરવાનું વિચારે છે,ત્યારે તેનું મૂળ બિંદુ હોય છે,તેને મળેલી પ્રેરણા. આ પ્રેરણા ગ્રંથો વાંચવાથી,મહાન વ્યક્તિઓની આત્મકથા દ્વારા, ગુરુઓના ઉપદેશથી, કે જીવનમાં સંઘર્ષ કરતી વ્યક્તિઓને જોઈને પણ મળી શકે છે.ઉદાહરણ તરીકે,મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પ્રિટોરિયા જતા હતા ત્યારે તેમની પાસે પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં રેલવેના ટીટી તેમને નીચે ઉતારી દે છે. સામાન ફેંકી દે છે. આ ગોરા કાળાના ભેદની ઘટના પછી ગાંધીજી ત્યારે જ મનોમન પ્રતિજ્ઞા કરે છે કે આ અન્યાય થતો અટકાવવા જરૂર મથામણ કરીશ.આ કાળા કાયદા સામે હું બંડ પોકારીશ. આ ઘટનામાંથી ગાંધીજીએ અંગ્રેજો સામે લડવાની પ્રેરણા મેળવી. એ પ્રેરણાએ જ તેમને સમગ્ર દેશના નેતા બનાવી દીધા.તેવી જ રીતે ડો. એ.પી.જે.અબ્દુલ કલામ પોતાના ગુરુ સુબ્રમણ્યમ ઐયર પાસેથી મળેલી પ્રેરણાથી વિજ્ઞાન ક્ષેત્રે



એરોનોટિકલ એન્જિનિયર બન્યા.આગળ જઈને દેશના રાષ્ટ્રપતિ પણ બન્યા.સ્વામી વિવેકાનંદ બાળપણમાં જ્યારે રામકૃષ્ણ પરમહંસને મળ્યા, ત્યારે તેમની નિષ્કપટ ભક્તિ, જ્ઞાન અને સાધનાને જોઈને તેમણે ધાર્યું કે, 'મારું જીવન પણ સમાજ સેવા અને આત્મજ્ઞાન માટે સમર્પિત કરવું છે.' અંદરથી મળેલી આ પ્રેરણાએ વિવેકાનંદને એટલી ઊંચાઈએ પહોંચાડ્યા કે તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના આગવા પ્રતિનિધિ બની ગયા.૧૮૯૩ની શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં તેઓના ભાષણમાંથી પૂરી દુનિયાએ ભારતીય ચિંતનનું મહાત્મ્ય જાણ્યું. પ્રેરણા એ આંતરિક ચેતનાનું સૂત્ર છે. તે કોઈને કહ્યા વિના વ્યક્તિને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. પણ માત્ર પ્રેરણા પર્યાપ્ત નથી, તે આગળ જવા માટે દિશા સૂચક માઈલ સ્ટોન છે, માર્ગ નહીં !

**પ્રોત્સાહન - આત્મ વિશ્વાસનો આધારસ્તંભ:** પ્રેરણા જેટલી આંતરિક હોય છે,પ્રોત્સાહન તેટલું જ બાહ્ય હોય છે.પ્રોત્સાહન આપણે પરિવારજનો,મિત્રો,શિક્ષકો કે સમાજ તરફથી પ્રાપ્ત કરીએ છીએ.જ્યારે કોઈ યુવાન કે બાળક મોટું સપનું જોવે છે, ત્યારે તેના માતા-પિતા, શિક્ષકો અથવા મિત્રોએ તેને માર્ગદર્શન આપવું પડે છે, તેને ઊંડા ખાડામાં પડતાં પહેલા ચેતવવું પડે છે. એ હેતુ પૂરતું મળતું પ્રોત્સાહન એ બાળકને મજબૂત બનાવે છે. માણસ કઈક નવું શરૂ કરે ત્યારે પહેલા તબક્કે ઘણા પ્રશ્નો, ડર અને શંકાઓ હોય છે. તે સમયે કોઈ એક સાચો શબ્દ - 'તમે કરી શકો છો' ! 'આપનો પ્રયાસ સરાહનીય છે' ! 'હું છું ને તમારી સાથે! - વ્યક્તિના આત્મવિશ્વાસને મજબૂત બનાવી શકે છે. પ્રોત્સાહન એ તોફાનમાં હાલક ડોલક થતી નૌકાનાં લંગર સમાન છે. શાબાશી આપતો કોઈ એક હાથ વ્યક્તિને નવી ઊંચાઈ સુધી લઈ જઈ શકે છે. ઘણી વખત કશું ન કરી શકનાર લોકો પણ માત્ર બીજાએ આપેલા પ્રોત્સાહનથી પહાડ પાર કરી શકે છે. હેલેન કેલર જન્મના થોડા સમય બાદ અંધ અને બહેરાં બની ગયાં હતાં. તેમ છતાં તેમની શિક્ષિકા એન સાલિવનના સતત પ્રોત્સાહન,સહાનુભૂતિ અને દ્રઢતાથી હેલેન કેલરે વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી,પુસ્તકો લખ્યાં અને દલિતો માટે કામ કર્યું.જો એન સાલિવનએ હેલેનનમાં આશા ન જન્માવી હોત કે આશીર્વાદ ન આપ્યા હોત તો કદાચ હેલેન કેલરને આખું જીવન સંકેતો વિના જીવવું પડ્યું હોત. પ્રોત્સાહનના આ એક સંઘર્ષમય ઉદાહરણ દ્વારા આપણે સમજી શકીએ કે પ્રોત્સાહનના શબ્દો જીવન બદલી શકે છે.

**પ્રયાસ:** કોઈ પણ પ્રકારની પ્રેરણા કે પ્રોત્સાહન વ્યર્થ છે,જો વ્યક્તિ તે દિશામાં પ્રયત્ન ન કરે તો ..! જીવનમાં સફળતા મેળવવી હોય તો પ્રયત્નો અનિવાર્ય છે. પ્રયત્ન એ સતત શ્રમ છે. એક દિવસનો નહીં પણ સતત પ્રયત્ન. ઘણાં મહાન વૈજ્ઞાનિકો, સર્જકો કે ઉદ્યોગપતિઓનું જીવન જોઈએ તો તેઓ અનેક નિષ્ફળતાઓ પછી પણ સતત પ્રયત્નશીલ રહ્યા છે. થોમસ એડિસન આલ્વા વીજળીનો બલ્બ શોધવા માટે એક હજાર વખત નિષ્ફળ રહ્યા હતા. તેઓએ ક્યારેય હાર માની નહોતી. તેઓ કહે છે, 'I have not failed 1000 times, I have successfully discovered 1000 ways that do not work.' તેઓના અવિરત પ્રયાસને લીધે આજે આખું વિશ્વ પ્રકાશિત છે. એડિસનનું જીવન આપણને શીખવે છે કે, 'સત્પ્રયાસો આગળ કોઈ અવરોધ ટકી શકતો નથી.' પ્રયાસ એ એવું શાક્તિશાળી યંત્ર છે, જેના વગર સફળતાનો દરવાજો ખૂલતો નથી. પ્રયત્ન વગર આપણું એક પગલું પણ આગળ વધતું નથી. માત્ર વિચારવાથી કશું થતું નથી, તેને હકીકતમાં બદલવા માટે પગ ઉપાડવા પડે. આમ, પ્રોત્સાહન એ પાંખો છે અને પ્રયત્ન એ પાયા છે. જો માત્ર પ્રેરણા હોય અને પ્રયત્ન ન હોય તો વિચાર અધૂરો રહે. જો પ્રયત્ન હોય પણ કોઈનો ટેકો કે પ્રોત્સાહન ન હોય તો માર્ગ કાપવો આકરો બને.અને જો પ્રયત્ન હોય પણ અંદરથી ચેતના જ જાગે નહીં તો સફર નિર્જીવ લાગે. આ રીતે ત્રણેય ગુણો મળીને વ્યક્તિના જીવનમાં સફળતાનું એક દ્રઢ ત્રિકોણ રચાય છે. જે વ્યક્તિને સચોટ દિશા આપે છે અને જીવનમાં કોઈ પણ ચીજને પ્રાપ્ત કરવાની શક્તિ આપે છે. જે વ્યક્તિએ આ ત્રણેય તત્વોને સમજી લીધાં છે અને જીવનમાં ઉતારી લીધાં છે, એ વ્યક્તિ કોઈ પણ બંધનો તોડી શકે છે, કોઈ પણ સપનાને સાકાર કરી શકે છે.

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૧.૭.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, શ્રાવણ સુદ સાતમ, ચિત્રા નક્ષત્ર, સાધ્ય યોગ, ગર કરણ આજે સવારે ૧૧.૧૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.


**મકર (ખ,જ) :** કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

## કન્યાના મંગળ બીમારીમાંથી ફરી સ્વસ્થ થવાની ઉર્જા આપે છે

અગાઉ અત્રે લખ્યા મુજબ મોટી કંપનીઓ કર્મચારીઓને છુટ્ટા કરી રહી છે અને ટીસીએસ કંપનીએ પણ નવી ભરતી બંધ કરી જુના કર્મચારીઓને છુટા કરવાનું ચાલુ કર્યું છે તો આતંકી સામે કડક પગલાં સરકાર લઈ રહી છે અને પહેલગામના ગુનેગારોને સજા મળી છે જે વિષે અત્રે લખી ચુક્યો છું. પૃથ્વીતત્વની રાશિ કન્યામાં આપે છે મંગળ મહારાજ કન્યામાં આવવા સાથે સાથે બની રહી છે અહીં જ ઘણી ઘટનાઓ એક મંગળ મહારાજ હીલિંગની ઉર્જા આપતા પણ જોવા મળે છે જે મિત્રોને છઠે કે કન્યાના મંગળ હોય તેઓ આસાનીથી શત્રુ પર વિજય મેળવી શકે છે અત્યારે મંગળ જે ઉર્જા કન્યામાં આપે છે તે બીમારીમાંથી ફરી સ્વસ્થ થવાની ઉર્જા આપે છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

કન્યા રાશિમાં પશુ ,પ્રાણી ,પાલતુ પ્રાણી જોવામાં આવે છે આ સમયમાં પશુ પાલન કે પશુઓની દવા સાથે સંકળાયેલી કંપનીઓ ચર્ચામાં આવે કે વેચાય કે વિલીનીકરણ થાય વળી પશુઓની દવા બાબતે પણ નવી જાગૃતિ આવે. કન્યામાં મંગળ મહારાજ સેનાપતિ નવી વ્યૂહ રચના વિચારતા જોવા મળે અને શત્રુઓને પરાસ્ત કરવા માટે નવી રણનીતિ આવે તો શનિ ની દ્રષ્ટિ મંગળ પર આવતા મશીનરી ક્ષેત્રે પણ ક્રાંતિ જોવા મળે કોઈ કોઈ જગ્યા એ વિદ્યુત અછત જોવા મળે અને પાવર સ્ટેશનમાં અને નુક્લિઅર સ્ટેશનમાં તકલીફ થતી જોવા મળે વળી રીઅલ એસ્ટેટમાં મંદી આવતી જોવા મળે અને વિદેશથી આવતી લકસરીએસ કાર બાબતે નવા સમાચાર આવે તો કન્યાના મંગળ લોકોમાં સ્વાસ્થ્ય બાબતે વિશેષ જાગૃતિ દર્શાવે જો કે કોઈ દિગ્ગજ નેતા આ સમયમાં સ્વાસ્થ્ય કારણોથી થોડા દૂર જતા જોવા મળે!!!

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૭-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બેનામી ખીર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૭-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૧-૭-૨૦૨૫ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** અષાઢ શુદ સાતમ નાની શિતળા સાતમ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** સાધ્ય **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૨૦ **સુર્યાસ્ત:** ૭.૨૭
**ચંદ્ર રાશી** કન્યા સવારે ૧૧.૧૭ થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત.
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | ૬ | | | |
| | | | ૧ | ૮ | | | | |
| | ૬ | ૪ | | | | ૧ | | |
| ૩ | | ૫ | | | | | | |
| | ૪ | ૭ | | | | ૯ | | ૩ |
| | ૧ | ૬ | ૨ | | | | | ૭ |
| | | | ૫ | | | ૩ | ૯ | ૧ |
| | | | ૭ | | | ૫ | | ૨ |
| | ૯ | | ૬ | ૧ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૫ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૨ |
| ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |

# સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાને રકતદાન થકી શ્રધ્ધાસુમન અર્પણ કરતા ગોંડલવાસીઓ

## રાજકીય-સામાજીક આગેવાનોની ઉપસ્થિતિમાં ૩૦૦ જેટલી બોટલ રક્ત એકત્રિત કરાયું



**અબતક,**
**જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ખેડૂત આગેવાન અને માજી મંત્રી સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ રાદડીયાની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ઠેર ઠેર મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ.ત્યારે ગોંડલ તાલુકા સહકારી પરિવાર તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ અને રોટરી કલબ ઓફ ગોંડલ દ્વારા પણ ગૌલોકવાસી વિઠ્ઠલભાઈ રાદડીયાની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં ૩૦૦ બોટલ રક્ત એકત્રીત થયુ હતુ.

ગોંડલના ઉદ્યોગનગર કોમ્યુનિટી ખાતે સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાની છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે યોજાયેલ આ કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ સહિતના લોકો દ્વારા બ્લડ ડોનેશન કરવામાં આવ્યુ હતુ.

ઉદ્યોગનગર કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ મહારક્તદાન કેમ્પ માં રાજકીય તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓનું પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે યુવા અગ્રણી ગણેશસિંહ જાડેજા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુકના પ્રતિનિધિ તરીકે સાવનભાઈ ધડુક,રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર પ્રવિણભાઈ રૈયાણી, ખેડૂત નેતા જગદીશભાઈ સાટોડીયા, ગોંડલ નાગરિક બેંકના ચેરમેન કિશોરભાઈ કાલરીયા, વા. ચેરમેન ઓમદેવસિંહ જાડેજા, નાગરિક બેંકના પૂર્વ ચેરમેન અશોકભાઈ પીપળીયા, નાગરિક બેંકના મેનેજીંગ ડિરેકટર પ્રફુલભાઈ ટોળીયા, માર્કેટિંગ યાર્ડના વા. ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ ને સફળ બનાવવામાં જીગરભાઈ સાટોડીયા, હિરેનભાઈ રૈયાણી, અંકુરભાઈ રૈયાણી, રોટરી કલબ ઓફ ગોંડલ તેમજ સારથી ગ્રૂપના સભ્યો રાજકોટ ડિસ્ટ્રીકટ બેંક ના ગોંડલ ઝોનલ કિરીટભાઈ માવાણી તથા તાલુકાના કર્મચારી પરિવાર તેમજ વિવિધ સામાજિક સંસ્થાના આગેવાનો દ્વારા જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ શેખડા દ્વારા કરવામાં આવ્યું હતું.

### જાહેર નોટીસ

બી. એન્ડ ડી. રજી નં.૧૨૮/૨૦૨૫

શ્રી અબ્દુલ રશીદ ટ્રફેલએહમદખાન કાદરી
રહે. સિપાઈવાડા, પાલીતાણા ..........અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા
તા.પાલીતાણા, જિ ભાવનગર ..........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી અબ્દુલ રશીદ ટ્રફેલએહમદખાન કાદરીના પુત્રી ખાન ફાતેમાં અબ્દુલરશીદનો જન્મ તા ૧૮/૧૧/૧૯૯૯ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળઃ-** પાલીતાણા
**તારીખઃ-** ૨૯/૭/૨૦૨૫

કોર્ટનો સીકકો

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પાલીતાણા**

---

ન.મજસ/કેસ.નં.૯૬/૨૦૨૫
તા.૨૯/૦૭/૨૦૨૫

કણઝરીયા કાળુભાઈ દેવાભાઈ ..........અરજદાર
રહેઃ- વઢવાણ ઠે,શીયાણીની પોળ બહાર, સતવારાપરા, ઉગમણીશેરી નં-૪.
તા.વઢવાણ જી.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
મેડીકલ ઓફીસરશ્રી હેલ્થ (M.O.H) સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
તા.વઢવાણ સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીશથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી કણઝરીયા કાળુભાઈ દેવાભાઈ ના બહેનશ્રી જમકુબેન દેવાભાઈ કણઝરીયા નો જન્મ તા.૦૫/૦૨/૧૯૬૫ ના રોજ મોજે-વઢવાણ તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ ની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું.વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ.અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી થી આ પ્રેસ નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીકકો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**

---

ન. મજસ/કેસ નં. ૧૧૮/૨૦૨૪
તા.૨૧/૧૧/૨૦૨૪

ગિરધરભાઈ શંકરભાઈ વસવેલીયા ..........અરજદાર
રહે.નગરા તા વઢવાણ જી. સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી નગરા
તા. વઢવાણ સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**


**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીશથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ગિરધરભાઈ શંકરભાઈ વસવેલીયા ના પુત્રશ્રી સંજયકુમાર ગિરધરભાઈ વસવેલીયા જન્મ તા.૦૫/૦૨/૧૯૯૯ ના રોજ નગરા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ ની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે.જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ.અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના મારી સહી કરી પ્રેસ નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીકકો

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**


**NATIONAL SECURITIES DEPOSITORY LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the red herring prospectus ("**RHP**") dated July 23, 2025 with RoC. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, website of the BSE Limited at www.bseindia.com, the website of the Company at www.nsdl.co.in and the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Axis Capital Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, IDBI Capital Markets & Securities Limited, Motilal Oswal Investment Advisors Limited, SBI Capital Markets Limited and HDFC Bank Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in, www.business.hsbc.co.in, www.idbicapital.com, www.motilaloswalgroup.com, www.sbicaps.com and www.hdfcbank.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled 'Risk Factors' on page 34 of the RHP. Potential investors should not rely on the draft red herring prospectus dated July 7, 2023 filed with SEBI for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 298A/25


# જાહેર નોટીસ કમ ચેતવણી

## અયોધ્યા ચોકમાં આવેલ ધી પેલેસ બિલ્ડીંગના પહેલા માળ પર આવેલ ફલેટમાં થયેલ કરારના આધારે સુચિત ખરીદનાર દ્વારા હાલના માલીકનો દસ્તાવેજ રદ કરવા કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય જેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસથી સુચીત કરવામાં આવે છે કે, રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર અયોધ્યા ચોક પાસે આવેલ માધાપરના માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ પૈકીની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪,૧૯,૨૦,૨૧ની કુલ જમીન ચો.મી.આ. ૧૧૯૫-૦૬ તેમજ માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ પૈકી તથા રેવન્યુ સર્વે નં.૪૨ પૈકી રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧+૨+૩+૪+૫+૬+ ૨૬+૨૭+૨૮+૨૯/એ ની જમીન ચો.મી.આ. ૨૨૨૧-૬૫ એમ બન્ને જમીન ચો.મી.આ. ૩૪૧૬-૭૧નું એકત્રીકરણ થયા બાદના સબ પ્લોટ નં. (૪+૧૯+૨૦+૨૧) + (૧+૨+૩+૪+૫+૬+૨૬+૨૭+૨૮+૨૯/એ)/૨ ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૧૮૩૫-૯૫ ઉપર રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ 'ધી પેલેસ'ના નામથી ઓળખાતા બિલ્ડીંગના પહેલા માળે આવેલ ફલેટ નં.૧૦૧ના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને તેમની માલીકીનો ફલેટ વેચાણ કરવા મારા અસીલ જય ગીરીશભાઈ ખારાનો સાથે સંપર્ક થયેલ, ત્યારબાદ મારા અસીલ જયભાઈ ખારાએ ઉપરોકત ફલેટ જોઈ તપાસી કિંમત નકકી કરી ફલેટ ખરીદ કરવાનુ નકકી કરી, ઉપરોકત ફલેટ રૂા.૨૫,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા વેચાણ રાખેલ છે, મારા અસીલ જય ગીરીશભાઈ ખારા દ્વારા સુથી તથા અશતઃ અવેજ પેટે રકમ રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પાચ લાખ પુરાનો એચ.ડી.એફ.સી. બેંક રાજકોટનો ચેક ફલેટના વેચનારને આપેલ, જે ચેકથી ફલેટના માલીકએ નાણાં મેળવી લીધેલ, પરંતુ ફલેટના માલીકએ બેંકમાંથી લીધેલ લોન ભરપાઈ કરવા ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને વધુ નાણાંની જરૂરીયાત હોય તેથી ફલેટના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ મારા અસીલ પાસેથી વધુ નાણાંની માંગણી કરેલ, તેથી મારા અસીલ જય ગીરીશભાઈ ખારાએ વધુ રૂા.૧૦,૦૦,૦૦૦/- અંકે રૂપીયા દસ લાખ પુરાનો એચ.ડી.એફ.સી. બેંક રાજકોટનો ચેક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને આપી તેમની પાસેથી સાટાખત કરાર તથા પહોંચ કમ કબુલાતનુ લખાણ કરાવેલ છે.

ત્યારબાદ ફલેટના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ તેમની માલીકીનો ફલેટની લોન ભરપાઈ કરી ફલેટની વધુ કિંમત મળતા ફલેટ રકમ રૂા.૫૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એકાવન લાખ પુરામાં મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓર્થોરાઈઝ્ડ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણાને મારા અસીલની જાણ બહાર વેચાણ આપી દીધેલ છે, જે બાબતે આ કામના મુળ માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોશીએ સુચિત ખરીદનાર જય ગીરીશભાઈ ખારા એટલે કે મારા અસીલને કોઈ લેખીત કે મૌખીક જાણ ન કરતા તેમજ તેમની પાસેથી લીધેલ સુથી પેટેની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/- પરત ન આપતા તેમજ મારા અસીલનું મીલ્કતમાં આવેલ હીત જાળવવા મારા અસીલએ અમારા મારફત જરૂરી પક્ષકારોને લીગલ નોટીસો આપેલ છે, જે નોટીસો ફલેટના માલીકને મળવા છતા ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ આ સાટાખત અને પહોંચ કમ કબુલાત બાબતે કોઈ યોગ્ય કાર્યવાહી ન થતા મારા અસીલ દ્વારા ક્રિષ્નાબેન જોષી તથા મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓર્થોરાઈઝ્ડ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણા વિરૂધ્ધ સીવીલ કોર્ટમાં નવા ફલેટ ખરીદનાર પક્ષકારનો દસ્તાવેજ અનુ.નં.૧૦૭૧૯/૨૪ તા.૩૦/૧૧/૨૦૨૪ વાળો વેચાણ દસ્તાવેજ રદ કરવાનો તથા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કરવામાં આવેલ છે. જે દાવો ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે.

સદરહું દાવાનો નીકાલ કરવામાં સમય લાગે તેમ હોય તે દરમ્યાન હાલના માલીક મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓથોરાઈઝ્ડ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણાએ બિલ્ડીંગ પાડવાની કાર્યવાહી ચાલુ કરી દીધેલ છે, તેથી મારા અસીલએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી, ઝોન-૩માં મીલ્કતનો રજી.અનુ.નં.૫૬૧૬ તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ થી લીઝ પેન્ડન્સ (ડેકલેરેશન નોટીસ) દસ્તાવેજ નોંધાવેલ છે.

આથી આ જાહેર નોટીસ કમ ચેતવણીથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ તથા ૪૨ પૈકીની ખુલ્લી જમીન ચો.મી.આ. ૧૮૩૫-૯૫ ઉપર રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ ''ધી પેલેસ'' ના નામથી ઓળખાતા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરોકત વિગતએ આવેલ મીલકત બાબતે કોર્ટમાં કાર્યવાહી ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હોય તેથી તેમના માલીક, એજન્ટ, મુખત્યાર સાથે કોઈએ કોઈ પ્રકારનો વ્યય, વ્યવહાર, ખરીદ-વેચાણ, કાર્યવાહી કે મીલ્કત તબદલીલ થાય તેવો કે ગીરો-બોજો ઉભો થાય તેવો કોઈ વ્યવહાર કરવો નહી, તેમ છતાં આ નોટીસમાં જણાવ્યા મુજબનો કોઈ વ્યવહાર અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આ જાહેર નોટીસ કમ ચેતવણીથી સર્વે પક્ષકારો સ્પષ્ટ નોંધ લેશો.

રાજકોટ
તા.૨૯/૦૭/૨૦૨૫

**અમારી સુચનાથીઃ-**
**જય ગીરીશભાઈ ખારા**

**મીતુલ જે.આચાર્ય**
**એડવોકેટ**

**ઓફીસઃ-**
**''આર્શીવાદ'', પ્લોટ નં.૨, શેરી નં.૧, રૂડા નગર-૩, ઈસ્કોન મંદિરની બાજુમાં, રાજકોટ મો. ૯૮૨૪૨ ૨૩૫૫૧**

તંત્રી લેખ

# સૈન્યના સાહસની સરાહના કરો, સવાલો ઉભા ન કરો

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર ધર્મ પૂછીને કરવામાં આવેલા હુમલા બાદ ભારતીય સેનાએ સાહસ દેખાડતા ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. જેની વિશ્વ આખાએ સરાહના કરી હતી. પરંતુ અફસોસની વાતએ છે કે ભારતમાં રાજનીતિ ગંદી રમતમાં સૈન્યના સાહસ પર સવાલો ઉભા કરવામાં આવી રહ્યા છે. કોઇપણ દેશના રાજકીય પક્ષ માટે સૈન્યનું ઉચિત સન્માન કરવું તે પ્રાથમિક ફરજ હોય છે. સરહદના રખોપા કરનારા સૈનિકોના સાહસ પર ક્યારેય સવાલો ઉભા કરવા જોઇએ નહિં. તેઓનો જુસ્સો સતત વધતો રહે તેવા પ્રયાસો કરવા જોઇએ. પરંતુ ભારત જેવા દેશમાં ગંદી રાજનીતિના કારણે સૈનિકોને તેના કામ માટે ઉચિત સન્માન મળતું નથી. પહેલગામ હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓના પરિવારજનોએ પણ ઓપરેશન સિંદૂરની સરાહના કરી હતી. પરંતુ રાજનેતાઓ ઓપરેશન સિંદૂર સામે દિવસ ઉગેને નવા-નવા સવાલો ઉભા કરી રહ્યા છે. કેન્દ્રની મોદી સરકાર હજુ છાતી ઠોકીને એવો હુંકાર કરી રહી છે કે ઓપરેશન સિંદૂર યથાવત જ છે. આતંકવાદને ક્યારેય સહન કરવામાં આવશે નહિં. પાકિસ્તાન જરાપણ ઉંચુ-નીચું થાશે તો ઓપરેશન સિંદૂર તરંત જ શરૂ કરી દેવામાં આવશે. અગાઉ પુલવામાં હુમલાનો બદલો લેવા માટે જ્યારે ભારતીય સેનાએ સર્જિકલ સ્ટ્રાઇક કરી હતી ત્યારે પણ વિરોધ પક્ષે તેના પુરાવા માંગ્યા હતા. સૈનિકોની કામગીરી સામે ક્યારેય સવાલ ઉઠાવવો જોઇએ નહિં. કારણ કે તે પોતાના પરિવારથી માઇલો દૂર રહી જીવના જોખમે સરહદના રખોપા કરતા હોય છે. રોજ સૈનિકો માટે દુઆ કરવી જોઇએ અને તેઓના સાહસને સતત સલામી અર્પણ કરતી રહેવી જોઇએ. પરંતુ જે રીતે સૈનિકો દ્વારા દુશ્મનોને ઝેર કરવા માટે કામગીરી કરવામાં આવે છે તેની સામે સતત સવાલો ઉભા કરવામાં આવે છે. આ ઘટના દેશ માટે સારી નથી. જ્યારે દેશની સુરક્ષાનો સવાલ હોય ત્યારે તમામ રાજકીય પક્ષોએ રાજકારણ બાજુમાં મૂકી એક થઇ જવું પડે. પરંતુ ભારતમાં આ જાણે અશક્ય હોય તેવું લાગી રહ્યું છે.

# ઘેલા સોમનાથ મંદિરના ટ્રસ્ટી વિજય રાઠોડનો કાલે જન્મદિવસ



જસદણ જીઆઈડીસી એસોસિએશન અને જસદણ શહેર ભાજપ પ્રમુખ અને વિખ્યાત ઘેલાં સોમનાથ મંદિરના ટ્રસ્ટી વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડ આવતીકાલ તા. ૩૧ જુલાઈ ગુરૂવારના રોજ જન્મદિન છે વિજયભાઈ ગુરૂવારે પોતાની જીવનયાત્રાના ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે ત્યારે તેમનાં બહોળા મિત્રવર્તુળ, સગાસ્નેહીજનો પરિવારમાં ખુશાલી વ્યાપી છે. ભૂતકાળમાં જસદણ શહેર યુવા ભાજપના પ્રમુખ તરીકેની કામગીરીમાં જોટો જડવો મુશ્કેલ છે જાહેર જીવનમાં ભાજપ સાથે અને વ્યવસાયમાં થ્રેશર ઉદ્યોગ સાથે જોડાયલા વિજયભાઈ આજે પણ રાજયના અનેક મહાનુભવોની ગુડબુકમાં રહેતા અને ભારતીય જનતા પાર્ટી માટે ખરાં દિલથી કામ કરનારા વિજયભાઈને તેમનાં જન્મદિને તેઓ ખુશ રહે અને ગમતાં સૌની સાથે શ્રેષ્ઠ સમય પસાર કરતાં રહે રહે એવી રાજ્ય અને સૌરાષ્ટ્રની ધાર્મિક, રાજકીય, વેપાર,ઉદ્યોગ, સેવાકીય, સામાજિક, વૈદકીય, સરકારી, સહકારી, શૈક્ષણિક જેવી સંસ્થાઓના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, અને કર્મચારીઓ દ્વારા વિજયભાઈના મો.૯૬૦૧૫૧૧૧૧૧ પર આગોતરી શુભેચ્છા વરસી રહી છે.

# સુત્રાપાડાઃ ગોરખમઢી - ઉંબરી પાટિયા સર્વિસ રોડનું કામ ટલ્લે ચડતાં ગ્રામજનોને ભારે મુશ્કેલી

## વહેલી તકે અધૂરા કામો પૂર્ણ કરવા સ્થાનિકોએ કલેકટરને કરી રજૂઆત



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**


સુત્રાપાડા તાલુકાના ગોરખમઢી ગામની બહારથી જતો સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે રોડ ચાલુ થયેલ છે.

ગોરખમઢી ગામથી ઉંબરી પાટીયાનો સર્વિસ રોડનું કામ અધુરૂ હોય જેથી આજુ બાજુના ગામડાઓ ઉંબરી, ચગીયા, વાવડી, નાખડા, કુકરાશ સહિત ના ગામના લોકો હેરાન થતા હોય અને તે ગામડામાંથી આવતા વિદ્યાર્થી, નોકરીયાત વર્ગ ખેડૂતો, મજૂરવર્ગ જેવા અનેક લોકોને મુશ્કેલી થતી હોય છે. અને અધુરા સર્વિસ રોડના કારણે એસ.ટી.ના જે રૂટો છે તે બંધ છે.

આ સર્વિસ રોડ ન હોવાના લીધે વિષાર્થીઓ, ખેડૂતો, નોકરીયાતવર્ગ, મજુરવર્ગ, આ લોકોને ૨ થી ૩ કી.મી. સુધી ફરવું પડે જેના કારણે મોટી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ગૌરખમઢી ગામથી ઉંભરી પાડીયાનું જે સર્વિસ રોડ અધુરો છે તે પુરો કરવામાં આવે અને સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવે તેમ ગામના પ્રવિણભાઈ બચુભાઈ સોલંકી અને ગામના આગેવાનો દ્વારા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ અને પ્રશ્નના તાત્કાલિક નિકાલ માટે માંગણી પણ કરવામાં આવેલ છે.

વહેલીતકે કામગીરી કરવા માંગણી આ અંગે સ્થાનિકોએ જણાવ્યું હતું કે આ કામ તંત્રએ પૂર્ણ ન કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી વહેલી તકે નિર્ણય લેવાની માંગ કરવામાં આવી હતી.

# નાગપંચમી નિમિત્તે સોમનાથ મહાદેવને 'વાસુકી નાગ દર્શન' શ્રૃંગાર



**અબ તક જયેશ પરમાર સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસની શુક્લ પંચમી, એટલે કે નાગપંચમીના શુભ પર્વ નિમિત્તે, પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન શ્રી સોમનાથ મહાદેવને તેમના પરમ ભક્ત નાગરાજ વાસુકીના વિશેષ શ્રૃંગારથી સુશોભિત કરવામાં આવ્યા હતા. આ દિવ્ય 'વાસુકી નાગ દર્શન' શ્રૃંગાર ભક્તો માટે આસ્થા અને શ્રદ્ધાનો અનેરો અવસર બની રહ્યો.

સોમનાથ જ્યોતિર્લિંગ પર ચંદન અને બિલીપત્રનો અત્યંત કલાત્મક રીતે ઉપયોગ કરીને નાગરાજ વાસુકીની અદ્ભુત પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આ શ્રૃંગાર ભગવાન શિવ પ્રત્યે નાગરાજ વાસુકીની અતૂટ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક બન્યો હતો. નાગપંચમીના પવિત્ર દિવસે હજારો ભક્તોએ આ વિશિષ્ટ અને દિવ્ય શ્રૃંગારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# બે માસથી બંધ રહેલ ધારી-ચલાલા ટ્રેનને ચાલુ કરવા બજરંગ ગ્રુપનું અલ્ટીમેટમ

## બે માસમાં ટ્રેન પુનઃ શરૂ થશેઃ સાંસદની હૈયાધારણા

**અબતક, મહેલુ ત્રિવેદી, ધારી**

'અમરેલી સુધી બ્રોડગેજ' ટ્રેકની કામગીરી શરૂ હોવાથી ત્યાંથી ચલાલા, ધારી, થઈ વિસાવદર, જૂનાગઢ, વેરાવળ જતી ટ્રેનો ઝાટકે બંધ કરી દઈ આવતા છ માસ સુધી ટ્રેન બંધ રહેશે આવો મનસ્વી નિર્ણય પ્રજા પર થોપી દેવાયો હતો જે સદંતર ગેરવ્યાજબી અને વિચાર્યા વિનાનો એકતરફી તઘલખી નિર્ણય હતો જે બાબતે બજરંગ ગૃપને સાંસદે એવું જણાવ્યું હતું કે બંધ થયેલ રેલ સેવા બે મહિનામાં જ પુનઃ શરૂ થશે જો ન થાઈ તો ગામ બંધ સહિત કાર્યક્રમો આપી




બજરંગ ગૃપ આંદોલન માંડશે

સેન્ચુરીયન ટ્રેક પર દોડતી ટ્રેનને જાટકે બંધ કરી રેલવે એ છ માસ સુધી ધારી ચલાલામાં કોઈ ગાડી હવે નહીં આવે એવું ફરમાન કર્યું હતું પ્રજાજનો વ્યાકુળ બન્યા પણ કેન્દ્રીય વહીવટી રેલવેના મોઢે કયા રજૂઆત કરવી કોને કહેવું કોણ સાંભળે આવી મૂંઝવણમાં મુકાઈ ચૂકેલી જનતાના અંતરમનના અવાજને લઈ સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે બજરંગ ગૃપ પ્રમુખ પરેશભાઈ પટ્ટણીએ કરેલ ટેલિફોનીક વાતચીતમાં એમપી એ જણાવ્યું હતું કે આગામી બે મહિનામાં જ બંધ ટ્રેન ચોક્કસ પણ શરૂ થઈ જશે જે અંગે વધુ પ્રતિક્રિયા આપતા પરેશભાઈ પટ્ટણીએ જણાવ્યું હતું કે જો ઓગષ્ટ અને સપ્ટેમ્બર એમ બે માસ વીતે પછી જો ઓક્ટોબર માસમાં ટ્રેન પુનઃ શરૂ નહીં થાય તો બજરંગ ગૃપ ગામ બંધ સહિત કાર્યક્રમો આપી આંદોલન કરાશે...

# સુત્રાપાડાનું સુખનાથ મહાદેવ મંદિર ભક્તિ અને શાંતિનું અનેરૂ ધામ

**અબતક,રામસિંહ મોરી,સુત્રાપાડા**



સુત્રાપાડાના સુખનાથ મહાદેવ ખુબજ પ્રખયાત અને જાણીતા છે. સુત્રાપાડા તાલુકાની પ્રજા આ મંદિરની પ્રતયે અપાર શ્રદધા અને ભકિત ધરાવે છે. ધર્મમાં શ્રદધા ન હોય કોઈ ઈચ્છા અધુરી હોય કોઈપણ પ્રકારની અશાંતિ હોય તો એક વખત આ મંદિરની મુલાકાત લ્યો તો ખ્યાલ આવશે કે આ મંદિર ધાર્મિક નો પ્રભાવકેવો છે અને મનને કેટલી શાંતિ મળે છે બારેમાસ આ મંદિરથી પ્રભાત ફેરી શરુ થઈ ગામમાં ફરી અહીં પુર્ણ થાય છે. સવાર સાંજ ભવ્ય આરતી અને દિવસ દરમ્યાન અનેક ધાર્મિક વિધિ અહિ ચાલતી હોય છે. ગામના લોકો નિયમિત અહિદર્શન કરી પછી જ કામધંધે જાય છે. આ મંદિર પાછળ એક સત્ય કથા છે. તે પ્રમાણે ગાડુ ચાલતુ ચાલતુ ગામના ચોકમાં ઊભુ રહયુ પરિણામે ત્યા આ શરુઆતમાં તે જગ્યાએ નાની ડેરી હતી પરંતુ જે આજે ભવ્ય મંદિર બન્યુ છે.

# સરહદ ડેરીના ૧૭માં સ્થાપના દિવસની વૃક્ષારોપણ સાથે ઉજવણી

## ચેરમેન વલમજી હુંબલે ૧૬ વર્ષ દરમિયાનની સરહદ ડેરીની અસ્મિતા ઉજાગર કરી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરહદ ડેરી ના ૧૭માં સ્થાપના દિવસ ની ચાંદરાણી સ્થિત દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અનેક વિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સરહદ ડેરી ના પ્રાંગણમાં સરહદ ડેરીના ચેરમેન વલજીભાઈ હુંબલ તેમજ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ અને આઇસ્ક્રીમ પ્લાન્ટ તથા હેડ ઓફિસ ના અધિકારીઓ દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું. આ સાથે સરહદ ડેરીના સભાખંડ ખાતે સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા ૧૬ વર્ષ દરમ્યાન ની સરહદ ડેરી ની અસ્મિતા ને ઉજાગર કરવામાં આવી હતી. જેમાં સરહદ ડેરી ની સ્થાપના ની સફર, સિદ્ધિઓ, અને ભવિષ્યના લક્ષ્યો પર વિચાર રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે સરહદ ડેરી દ્વારા કરવામાં આવેલ શ્વેત ક્રાંતિ ને પણ યાદ કરવામાં આવી. આ સાથે ત્રણ ક્રાંતિ જેમાં દૂધ ક્રાંતિ, ઊંટડીના દૂધ ની ક્રાંતિ અને મીઠાની ક્રાંતિ ને પણ યાદ કરવામાં આવી હતી. આ સાથે આગોતરા પણ આવા કાર્ય કરતાં રહેવા કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું.

આ પ્રસંગ ને યાદગાર બનાવવા માટે નખત્રાણા તાલુકા ના આણંદસર ના સરપંચ શાંતિલાલ ભાવાણી, કોડકી ના સરપંચ નારણભાઇ રબારી તથા ફોટડી ના સરપંચ લાખાભાઈ રબારી તેમજ દૂધ મંડળીઓના સંચાલકો, સરહદ ડેરી ના અધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ધ્રાંગધ્રાઃ સ્કુલ ગેમ ઓફ ફેડરેશનમાં ભાગવત ધામ ગુરૂકુળના વિદ્યાર્થી અવ્વલ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ખાતે ઝાલાવાડ ગ્રાઉન્ડમાં સ્કૂલ ગેમ ઓફ ફેડરેશન દ્વારા વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એથલેટિક્સ, કબડ્ડી જેવી વિવિધ રમતો રમાડવામાં આવી હતી. જેમાં ભગવતધામ ગુરૂકુલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં એથલેટિક્સ વિભાગમાં પાંચ રમતમાં પ્રથમ નંબર, પાંચ રમતમાં દ્રિતીય નંબર તેમજ ચાર રમતમા તૃતીય નંબર મેળવ્યા હતા તેમજ કબડ્ડીમાં અંડર-૧૭ અને અંડર-૧૯માં સમગ્ર તાલુકામાં દ્રિતીય નંબર મેળવ્યા હતા. આમ સમગ્ર ધ્રાંગધ્રા તાલુકામાં કુલ ૧૬ નંબર મેળવી વિદ્યાર્થીઓએ ગુરૂકુલ અને પોતાનું નામ રોશન કર્યું હતું. આ રમતોમાં ભાગ લેવા માટે તમામ સ્ટાફમિત્રોએ ભારે મહેનત કરી હતી. આ તકે હવે જિલ્લામાં પણ સફળતા મેળવે તે માટે સંસ્થાના સંસ્થાપક પૂજ્ય નારાયણ સ્વામીએ તેમજ શાળાના સંચાલક દિવ્ય દર્શન સ્વામીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા સાથે આશીર્વાદ આપ્યા હતા.

## દોઢ કરોડના ખર્ચે રામ મંદિર બનશે

# ખંભાળીયાઃ મહાદેવ વાડા વિસ્તારમાં શ્રી રામ મંદિરનું જીસીએના પ્રમુખ ધનરાજ નથવાણીના હસ્તે ભૂમિપૂજન

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મમથક ખંભાળીયામાં મહાદેવ વાડા વિસ્તારમાં પ.પૂ. પ્રેમભીક્ષુજી મહારાજ પ્રેરિત હરીનામ સંકિર્તન મંદિર આવેલું હોય વિશાળ જગ્યામાં નાનકડુ મંદિર હોય મંદિરના ટ્રસ્ટી તથા જામનગર અગ્રણી જીતુભાઈલાલના પ્રયાસોથી દોઢેક કરોડના ખર્ચે આ રામ સંકિર્તન મંદિર બનાવવા માટે ખંભાળીયાના વતની પરિમલ નથવાણી દ્વારા આયોજન કરાતા આગામી તા.૭-૮ના રોજ મંદિરનું શીલાપૂજન યોજવામાં આવ્યું છે.

તા.૭-૮ના ગુરૂવારે બપોરે ૧૨.૧૫ કલાકે રીલાયન્સના ધનરાજ પરિમલ નથવાણીના હસ્તે શીલાપૂજન થશે તથા તા. ૭-૮ થી ૮-૮ ૨૪ કલાક અખંડ રામધૂન પણ યોજાયેલ છે.

ખૂબજ ભવ્ય બનનાર આ મંદિરના નિર્માણ કાર્ય માટેનું આયોજન હરીનામ સંકિર્તન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી દીપકભાઈ ડી. દત્તાણી, જીતુભાઈ લાલ, નીશીથકુમાર ઢેબર, પ્રવીણભાઈછગ, જેઠાલાલ નકુમ, ભાલચંદ્ર ઠાકર, હરીશભાઈ જોશી, રમણીકભાઈ લાલ વિ. દ્વારા હાથ ધરાયું છે.

મહાદેવ વાડા વિસ્તારમાં રોજ સાંજે રામધૂન આ હરી સંકિર્તન મંદિરમાં થાય છે. તથા મંદિરમાં શ્રી રામ મંદિર ઉપરાંત નર્મદેશ્વર મહાદેવ તથા કાશી વિશ્વનાથ મહાદેવના પ્રાચીન મંદિરે પણ અહીં આવેલા છે.

# જામજોધપુરઃ સવજાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાઇ ક્વિઝ સ્પર્ધા




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુરમાં અમૃતબેન વાલજીભાઈ દામજીભાઈ સવજાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક જ્ઞાનવર્ધક કવીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા, વિષયનું ઊંડું જ્ઞાન અને ઝડપી નિર્ણય લેવાની કુશળતાને પ્રોત્સાહન આપવાનો હતો. આ સ્પર્ધામાં કોલેજના ત્રણેય વર્ષના બી.કોમના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતા થનાર છાત્રોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સુચારૂં સંચાલન ડો.અનિલ હોથી તથા વિવેક માણસુરીયા દ્વારા કરવામાં આવેલ હતું તથા કોલેજના આચાર્ય કે.જી. પટેલ ઉપસ્થિત રહી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. તેમણે જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

# ઈડરઃ જાદર ગ્રામ પંચાયતમાં મેળાના પ્લોટની હરરાજીથી રૂ.૧૫ લાખની આવક

## ગત વર્ષથી સરખામણીમાં આ વર્ષે પ્લોટની હરરાજીમાં નીચી બોલી બોલાઇ



**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના જાદર ગામમાં મુધણેશ્વર મહાદેવ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રણ દિવસીય ભાતીગળ મેળો ભરાય છે.

આગામી દિવસોમાં આવનાર મેળા માટે જાદર ગ્રામ પંચાયત દ્વારા જાદર મેળા માટે મનોરંજનના પ્લોટોની જાહેર હરાજી કરવામાં આવી હતી.

જ્યારે હરાજી શરૂ થઈ ત્યારે ગત વર્ષની સરખામણીએ આ વખતે નીચી બોલી બોલાઈ હતી જેમાં આશરે ૧૫ લાખ ૨૭ હજાર રૂપિયાની આસપાસની મનોરંજન પ્લોટોની જાહેર હરાજી થઈ હતી આ હરાજીમાં તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી લીલાબેન રાઠોડ,પી.એમ.અસારી,જાદર તલાટી છાયાબેન પટેલ,સરપંચ અંજનાબેન બારૈયા,તાલુકા સદસ્ય વસંત પટેલ,ઉપસરપંચ ચૌહાણ ચેતનસિંહ તેમજ સદસ્યો ઉપસ્થિત રહીને સર્વ સંમતીએ કામગીરીને પૂર્ણ કરી હતી.

# ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ - ખાતમુહુર્ત

## કમિશનર મેહુલ દેસાઇ, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મામલતદાર જાવેદભાઇ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ૨૦ વર્ષ શહેરી વિકાસના અને શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત ગાંધીધામ શહેરની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની સફર અને ભવિષ્યમાં કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવનાર વિકાસલક્ષી કામો અંગે મહાનગરપાલિકાના કમિશ્નર મેહુલ દેસાઈ દ્વારા સ્વાગત પ્રવચનમાં જણાવવામાં આવ્યું. જે અંગેની ફિલ્મ અનસીટી એકશન પ્લાન લોંચ કરવામાં આવેલ. તે ઉપરાંત શિક્ષણ વિભાગ તથા આરોગ્ય વિભાગના વિકાસના વિવિધ કામોના લોકાર્પણ તથા ખાતમુર્હુત કાર્યક્રમ કચ્છ-મોરબી વિસ્તારના સંસદસભ્ય વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેજસભાઈ શેઠ, રૂ.૪૨.૦૦ કરોડના વિવિધ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુર્હુત કરવામાં આવ્યા. તથા ‘‘માય ગાંધીધામ‘‘ મોબાઈલ એપ્લીકેશનનું અને ‘‘કેચ ધ રૈન કમ્પેન‘‘ અને ‘‘માય થેલી‘‘ પ્રોજેક્ટ અંતર્ગત કપડાની થેલીનું વિતરણ તથા એક પેડ માં કે નામ તેમજ મહાનગરપાલિકાના આગામી વર્ષના વિકાસની બ્લુપ્રિન્ટ રજુ કરતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું.

# યાત્રાધામ અંબાજીના વિકાસ માટે રૂ.૧૬૩૨ કરોડનો મેગા માસ્ટર પ્લાન

## અંબાજી મંદિરથી ગબ્બર સુધી બનશે ભવ્ય કોરિડોર, ૫૦ વર્ષીય વિઝન સાથે અનેક નવી સુવિધાઓનો થશે વિકાસ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સીધી દેખરેખ હેઠળ માસ્ટર પ્લાનનું અમલીકરણ

**અબતક, રાજકોટ**

અરવલ્લીની પર્વતમાળાનું આધ્યાત્મિક કેન્દ્રબિંદુ એટલે શ્રી અંબાજી માતા મંદિર. ગુજરાત પણ લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્મયંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ માસ્ટર પ્લાનના અમલીકરણ પર સીધી દેખરેખ રાખી રહ્યાં છે, તો રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ



## અંબાજી મંદિરથી ગબ્બર સુધી થશે 'શક્તિ કોરિડોર'નું નિર્માણ: મેળા-ગરબા માટે ઈવેન્ટ પ્લાઝા, શ્રદ્ધાળુને મળશે યાત્રી નિવાસ સુવિધા

### ચાચર ચોકનું વિસ્તરણ, ગેલેરી જેવા આકર્ષણો

માસ્ટર પ્લાન હેઠળ યાત્રાળુઓના સુરક્ષિત અને સરળ પ્રવાહને સુનિશ્ચિત કરવાની સાથે તેમની સુવિધાઓ વધારવામાં આવશે. ચાચર ચોકનું વિકાસ ત્રણ ગણુ વિસ્તરણ કરાશે. આ શક્તિ કોરિડોરમાં ગબ્બર પર્વત સાથે જોડાતી ગેલેરીઓ, પ્રદર્શન સ્થળો અને પૌરાણિક વાર્તાઓ દર્શાવતા ભીંતચિત્રો યાત્રાળુઓને ભાવનાત્મક રીતે જોડશે. સતી સરોવર અને સતી ઘાટ વિસ્તારમાં તહેવારો અને મેળાઓ માટે ઈવેન્ટ પ્લાઝા અને ગરબા મેદાન વિકસાવામાં આવશે. ગબ્બર પર્વત પર માસ્ટર પ્લાનમાં મંદિરના સંકુલનો વિસ્તાર, પરિક્રમા માર્ગ, રોપવે તથા દર્શનાર્થીઓની ભીડને સંકલન કરવામાં આવશે.



### શક્તિ કોરિડોર સહિત અનેક નવી સુવિધાઓ ઉમેરાશે

અંબાજી નગરની આધ્યાત્મિક મહત્તા અને સુંદરતાને વધુ ઊંચાઈ આપનાર અને વૈશ્વિક ધોરણના આધ્યાત્મિક વિકાસ માટે નવો માળખાકીય માપદંડ સ્થાપિત કરનાર આ માસ્ટર પ્લાન પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૧૬૩૨ કરોડ છે કે જે બે તબક્કાઓમાં અમલમાં મૂકાશે. પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૯૫૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે. પ્રથમ તબક્કાની કામગીરી ટુંક સમયમાં શરૂ થઈ જશે કે જેના હેઠળ મુખ્ય આકર્ષણ છે અંબાજી મંદિર અને ગબ્બરને જોડતાં શક્તિ કોરિડોરનું નિર્માણ. આ શક્તિ કોરિડોર એક મુખ્ય આકર્ષણ છે, જે ગબ્બર પર્વત, મંદિર અને માનસરોવરને જોડતું કોમ્પ્રિહેન્સિવ નેટવર્ક હશે. શક્તિપથ દ્વારા એક વિશાળ શક્તિ ચોક જે ગબ્બર દર્શન ચોક સાથે જોડશે.આ ઉપરાંત; તેમાં દેવી સતી સંબંધિત પૌરાણિક કથાઓને સમાવીને અંબાજી મંદિરના વિસ્તારનું વિસ્તરણ, મંદિર તરફ અંડરપાસ, આગમન માટે અંબાજી ચોકનો વિકાસ, પગપાળા માર્ગ દ્વારા મુખ્ય માર્ગનું સંચાલન અને મલ્ટી લેવલ કાર પાર્કિંગ તથા યાત્રી ભવન, દિવ્ય દર્શન પ્લાઝા અને શક્તિ પથ, સતી ઘાટ વિસ્તાર વિકાસ તથા ગબ્બર આગમન પ્લાઝા (લાઈટ એન્ડ સાઉન્ડ શો)નો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં અંદાજે રૂ. ૬૮૨ કરોડના ખર્ચે ગબ્બર મંદિર અને પરિસર વિકાસ, અંબાજી મંદિર અને માનસરોવરના વિસ્તાર વિકાસ તથા સતી સરોવર વિકાસ કાર્યો કરાશે.



સહિત સમગ્ર દેશ અને વિશ્વમાં જાણીતાં તથા કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનાં પ્રતીક અંબાજી યાત્રાધામ ખાતે ભાદરવી પૂનમના મેળા સહિત તમામ પૂનમે અને લગભગ આખું વર્ષ

આ યાત્રાધામનો બહુમુખી વિકાસ થતો રહ્યો છે અને રાજ્ય સરકાર હવે અંબાજી યાત્રાધામને મોડેલ ટેમ્પલ ટાઉનના બેન્ચમાર્ક તરીકે વિકસાવવા માંગે છે. તેના માટે રાજ્ય સરકારે રૂ. ૧૬૩૨ કરોડનો

### માસ્ટર પ્લાન હેઠળ વધુ વિકસિત થશે અંબાજી યાત્રાધામ પરિસર

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી પ્રમાણે અંબાજી મંદિર પરિસર માટે એક કોમ્પ્રિહેન્સિવ અને સસ્ટેનેબલ માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે કે જે પર્યાવરણીય જવાબદારીને પ્રાથમિકતા આપે છે અને ૫૦ વર્ષીય વિઝન સાથે સંરેખિત છે. આ માસ્ટર પ્લાન હાલની સુવિધાઓને રિડેવલપ તથા યાત્રાળુના આગમન અનુભવને એક યાદગાર યાત્રા બનાવશે. માતા સતીનું હૃદય સ્થળ એટલે કે ગબ્બર ખાતે 'જ્યોત' અને અંબાજી મંદિર ખાતે 'વિશા યંત્ર' જેવા મુખ્ય દિવ્ય સ્થળો વચ્ચે સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુલભ જોડાણ સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ચાચર ચોક અને ગબ્બર મંદિર પરિસર જેવા મહત્વના વિસ્તારોમાં વિષય આધારિત વિકાસ કરાશે કે જે યાત્રાળુઓના દર્શન અનુભવને વધુ સમૃદ્ધ બનાવશે.

પણ તાજેતરમાં માસ્ટર પ્લાનના અમલીકરણ અંગે મહત્વની બેઠક કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં, ત્યારે તેમણે પણ અંબાજીના વિકાસ માટે અનેક સફળ પ્રયાસો હાથ ધર્યા હતાં. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા બાદ 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર આપી સમગ્ર દેશના આસ્થા કેન્દ્રોનુ અભૂતપૂર્વ વિકાસ અભિયાન ચલાવ્યું છે. વડાપ્રધાનના આ જ મંત્રને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ રાજયના તમામ યાત્રાધામોને શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્ર બનાવવા માટે અનેક પગલાં ભરી રહ્યાં છે. રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અરવલ્લી પર્વતમાળા વચ્ચે આવેલા શ્રી અંબાજી માતા મંદિર પરિસરને આગામી ૫૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે કે જે બે તબક્કામાં લાગુ થશે. પહેલા તબક્કાનું કામ આગામી ટુંક સમયમાં શરૂ થઈ જશે. માસ્ટર પ્લાન હેઠળ સમગ્ર અંબાજી યાત્રાધામની વિવિધ જરૂરિયાતોનો સમાવેશ અને સંકલન કરવામાં આવ્યો છે. આ માસ્ટર પ્લાનનો હેતુ પવિત્ર સ્થળોને એકીકૃત કરીને અને યાત્રાળુઓની સુવિધાઓમાં સુધારો કરીને યાત્રાધામો માટે નવું ધોરણ (બેન્ચમાર્ક) સ્થાપિત કરવાનો છે.રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ આ સમગ્ર માસ્ટર પ્લાન પર કાર્ય કરી રહ્યું છે. માસ્ટર પ્લાનના કેન્દ્રમાં ગબ્બર પર્વત છે કે જ્યાં દેવી સતીનું હૃદય હોવાનું માનવામાં આવે છે અને અંબાજી માતાનું મંદિર કે જે વિશા યંત્રનું સ્થાન છે. આ માસ્ટર પ્લાન આધ્યાત્મિક રીતે આ બંને પવિત્ર સ્થળોના એકીકરણની કલ્પના કરે છે કે જેના હેઠળ આ બંને તીર્થસ્થળોને ભવ્ય અને દિવ્ય રીતે જોડવામાં આવશે અને અંબાજી મંદિર અને ગબ્બર પર આવેલી જ્યોત વચ્ચેની યાત્રાને વધુ આધ્યાત્મિક બનાવવા માટે એક ઈન્ટરએક્ટિવ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે



### ત્રણ ગણો વિસ્તરશે ચાચર ચોક, વિવિધ સરોવરોનું થશે સૌંદર્યીકરણ: હાલની તમામ સુવિધાઓના પુનર્વિકાસ સાથે

# રાજકોટ સિવિલ હોસ્પિ.માં એક મિનિટમાં જ દર્દીને સારવાર અપાઈ છે: ડો. મોનાલી માકડીયા

## સિવિલમાં ઈમરજન્સી વિભાગમાં લોક સાહિત્યકાર મીરાબેન આહીરના ભાઈની સારવારમાં વિલંબ થયાના આક્ષેપની તપાસ માટે કમિટીની રચના કરાશે

**અબતક રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગમાં દર્દી ને દાખલ કરી સારવાર કરવામાં વિલંબ થયા ના આક્ષેપ સાથે વિડિયો વાયરલ થવાની ઘટનામાં સિવિલ હોસ્પિટલ સત્તાવાળાઓએ તપાસ માટે કમિટીની રચના કરી આ બનાવની તટસ્થ તપાસ અને જો કોઈ કસૂરવાર સાબિત થશે તો તેની સામે આકરા પગલાં માટે તંત્રએ કવાયત હાથ ધરી છે. સૌરાષ્ટ્રની ''લાઈફલાઈન'' સારવારની નિરંતર કામગીરી ચાલી રહી છે, ત્યારે ગઈકાલે સિવિલમાં સારવાર માટે લાવવામાં આવેલા ઈમરજન્સી દર્દી ને દાખલ કરવામાં અને સારવાર આપવામાં વિલંબ થયા ના આક્ષેપ સાથે લોક સાહિત્યકાર મીરાબેન આહિરે વિડિયો વાયરલ કરીને હોસ્પિટલ તંત્ર સામે આકરા પગલા ભરવાની માંગ ઉઠાવી છે. સૌરાષ્ટ્રમાં જાણીતા લોકસાહિત્યકાર મીરાબેન આહિરે રાજકોટ સિવિલ હોસ્પિટલ ની કામગીરી સામે સવાલ ઉઠાવી સારવાર માં વિલંબ અને દર્દીના સગા સાથે કર્મચારીઓ દ્વારા અભદ્ર વર્તન કરાતો હોવાનો આક્ષેપ થતા ભારે ચકચાર જાગી છે.

સિવિલ હોસ્પિટલ ની કામગીરી અંગે અગાઉ સાહિત્યકાર હકાભાઈ ગઢવી ને કડવા અનુભવ બાદ આજે લોક સાહિત્યકાર ગાયકા મીરાબેન આહિરે સિવિલ હોસ્પિટલ ની કામગીરી સામે સવાલો ઉઠાવી વિડિયો વાયરલ કરી આક્ષેપ કર્યો હતો કે ગઈકાલે સિવિલ હોસ્પિટલમાં પોતાના ભાઈને ઈજાગ્રસ્ત હાલતમાં ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે લઈ જવાતા ફરજ પરના કર્મચારીઓએ તાત્કાલિક દાખલ કે સારવાર કરવામાં વિલંબ કરવાની સાથે સાથે તાત્કાલિક સારવાર શરૂ કરવાના પરિવારજનોના આગ્રહ સામે સહકાર આપવાના બદલે ઝઘડો કરી તાત્કાલિક સારવાર નહીં થાય તેમ કહી ઉદ્ધતવર્તન કર્યાનો આક્ષેપ કરતો વીડિયો વાયરલ કર્યો હતો

### સિવિલનો અનુભવ કડવો, તંત્ર સુધરે નહીં ત્યાં સુધી હું મારી લડત ચાલુ રાખીશ: મીરાબેન આહીર



રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અકસ્માતમાં ઘવાયેલા ભાઈ ની વિડિયો વાયરલ કરનાર મીરાબેન આહીર હતું કે પારેવડી ચોકમાં મારા ભાઈને હોસ્પિટલમાં લઈ જવાતા ઈમરજન્સી જ વિલંબ થયો હતો, તાત્કાલિક દર્દી કઢાવવામાં લાઈનમાં ઊભું રહેવું મેળવવામાં પણ મુશ્કેલી થઈ હતી, દર્દીના સગા સાથે સ્ટાફે કરી મીરાબેને જણાવ્યું હતું સુધારવું જરૂરી છે... હું નહીં ત્યાં સુધી મારી લડત

લોકસાહિત્યકાર મીરાબેન આહીરના સારવારમાં. વિલંબ થયા ના આક્ષેપ સાથે એ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું અકસ્માત માં ઈજા થઈ હતી ,તેને સિવિલ માં દાખલ કરવામાં અને સારવાર માં ખૂબ નો હાથ જાલવા કોઈ તૈયાર ન હતું, ફાઈલ પડ્યું હતું, લંચ બ્રેકમાં સ્ટ્રેચર તાત્કાલિક સારવાર કરવાના બદલે અભદ્ર વર્તન કર્યો હોવાનો આક્ષેપ કે સિવિલ હોસ્પિટલનું તંત્ર તંત્રની કામગીરી સુધરે ચાલુ રાખીશ

રાજકોટ સરકારી હોસ્પિટલ માં ૨૪ કલાક સતત પણે દર્દીઓના ઈલાજ

વિડિયો વાયરલ કરી સિવિલમાં ઈમરજન્સી વિભાગમાં દર્દીની



મીરાબેન આહિરે વીડિયો બનાવી સિવિલ હોસ્પિટલ ની બેદરકારી સામે કરેલા આક્ષેપોનો જવાબ માગ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે માણસના જીવથી કંઈ વધુ ન હોય, તે સ્ટાફ ના ગેરવર્તન થી દર્દીઓ અને પરિવારજનો મુશ્કેલી ઉપાડે છે, તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે બપોરના સમયે તાત્કાલિક સારવાર કરવાનું કહેતા હોસ્પિટલ સ્ટાફે કહ્યું હતું કે ૨વાગે લંચ બ્રેક હોય, થોડી વાર લાગશે અને ચોથા માળે લઈ ગયા ત્યાં પણ સ્ટાફનું અયોગ્ય વર્તન હતું આ વિડીયો બનાવીને મીરાબેન આહિરે હોસ્પિટલ ની કામગીરી ને દુરસ્ત કરી, દર્દીઓ સાથે અપવર્તન કરનાર સામે આકરી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ કરી હતી.

બીજી તરફ અબતક દ્વારા હોસ્પિટલ સત્તાવાળાઓનો સંપર્ક કરી આ અંગે સિવિલ હોસ્પિટલના અધ્યક્ષ ડો, મોનાલી માકડીયા મેડમ નો સંપર્ક કરી વિગતો જાણી આ બનાવ અંગે તેમણે જણાવ્યું હતું કેજ૫ મિનિટ સુધી દર્દીને દાખલ ન કરવામા આવતા હોવાની આક્ષેપ સાથે ની વાત ગંભીર છે ...પરંતુ આ બનાવમાં મીરાબેન આહીર ના ભાઈ ને દર્દી તરીકે ૧/૫૨ મિનિટે ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા અને ૧/૫૩ મિનિટે તેમની સારવાર ચાલુ થઈ ગઈ હતી. સિવિલમાં ઈમરજન્સી વિભાગમાં દાખલ દર્દીની બીજી જ મિનિટે સારવાર ચાલુ થઈ જાય, તેવી વર્ષોથી વ્યવસ્થા અને પરંપરા આજે પણ અકબંધ રાખવામાં આવી છે અને ગઈકાલે પણ મીરાબેન આહીર ના ભાઈ ની સારવાર બીજી જ મિનિટે શરૂ કરી દેવામાં આવી હતી

દર્દીની પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે દર્દી ચાલીને આવ્યા હોવા છતાં તાત્કાલિક તેમને સ્ટ્રેચર અને ઈમરજન્સી વિભાગમાં ડોક્ટરોની પેનલે ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી હતી, ડો, મોનાલી માકડીયા એ જણાવ્યું હતું કે સિવિલમાં ઈમરજન્સી વિભાગમાં પૂરતા ડોક્ટરો અને સ્ટાફ દર્દીઓ માટે હંમેશા ઓન ઓર્ડર જ રહે છે,

વિડીયો વાયરલ કરી મીરાબેન આહિરે કરેલા આક્ષેપો અંગે સિવિલ અધ્યક્ષ એ જણાવ્યું હતું કે આ બનાવ અંગે તટસ્થ તપાસ અને જો કોઈ કસૂરવાર સાબિત થશે તો તેની સામે આકરા પગલા માટે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, સિવિલ હોસ્પિટલ સામે થયેલા આક્ષેપ અંગે જણાવ્યું હતું કે સિવિલમાં દરેક સ્ટાફ અને સમગ્ર તંત્ર દર્દીઓ ની અસરકારક સારવાર અને ઝડપી કામગીરી માટે તત્પર રાખવામાં આવે છે આ બનાવમાં તપાસ સમિતિ દ્વારા તટસ્થ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે

### મીરાબેન આહીરના ભાઈ સંપૂર્ણ સ્વસ્થ, બીજી જ મિનિટે સારવાર અપાઈ: ડો. મોનાલી માકડીયા

રાજકોટ સિવિલ હોસ્પિટલ માં દર્દીની સારવારમાં વિલંબ થતો હોવાના અક્ષેપ સાથે ગાયક કલાકાર મીરાબેન આહિરે વિડીયો વાયરલ કરી હોસ્પિટલ તંત્ર સામે બેદરકારી નો આક્ષેપ કર્યો હતો તેની સામે અબતક સાથેની વાતચીતમાં સિવિલ અધ્યક્ષ ડો, મોનાલી માકડીયા એ જણાવ્યું હતું કે કાલે બપોરે ૧:૫૩ રીતે મીરાબેન આહીર ના ભાઈ સ્વયં દર્દી તરીકે ઈમરજન્સી વોર્ડમાં ચાલીને આવ્યા હતા તેમના માથામાં ઈજા થઈ હતી પણ ગંભીર રક્તસ્રાવ કે બેભાન અવસ્થા નહોતી ,નાક કાનમાંથી લોહી પણ નીકળતું ન હોવાથી કોઈ મોટી ઈજા ન થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં મેડિકલ ઓફિસરે નિદાન કરી, દર્દીની સહમતિથી બીજી જ મિનિટે દર્દીને ઈમરજન્સી વોર્ડમાંથી સ્ટ્રેચર ઉપર સર્જીકલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડો, મોનાલી માકડીયાએ દર્દીની સારવારમાં વિલંબના આક્ષેપ ની તપાસ માટે કમિટીની રચના કરવામાં આવશે તેમ જણાવ્યું



# ૧૫ ઓગસ્ટની જિલ્લા કક્ષાની ઉજવણી પડધરી ખાતે કરાશે

## કાર્યક્રમ સુચારૂ અને આયોજનબદ્ધ રીતે ઉજવાય તે માટે કલેક્ટરે તમામ વિભાગના અધિકારીઓને કાર્યક્રમની વ્યવસ્થા અને પ્રોટોકોલ જળવાઈ રહે તે માટે સૂચના આપી

**અબતક, રાજકોટ**

આ વર્ષે ૧૫મી ઓગસ્ટની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી પડધરી ખાતે કરવામાં આવશે. સ્વાતંત્ર પર્વ ૧૫મી ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાના કાર્યક્રમ ની પૂર્વ તૈયારીઓની સમીક્ષા અર્થે જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમ સુચારૂ અને આયોજનબદ્ધ રીતે ઉજવાય તે માટે કલેક્ટરે તમામ વિભાગના અધિકારીઓને સોંપાયેલી જવાબદારી જોવા, કાર્યક્રમની વ્યવસ્થા અને પ્રોટોકોલ જળવાઈ રહે તે બાબતે જરૂરી ચર્ચા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશે સ્વાતંત્ર્ય દિન ઉજવણી કાર્યક્રમને ઉત્સાહપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે પૂરો પાડવા તમામ વિભાગના અધિકારીઓને પરસ્પર યોગ્ય સંકલનમાં રહી કામગીરી કરવા સૂચન કર્યું હતું.

આ વર્ષે ૧૫મી ઓગસ્ટની જિલ્લા કક્ષાની ઉજવણી રાજકોટના પડધરી સ્થિત નવોદય હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે. જેને લઈને પણ તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સ્વતંત્રતા પર્વની ઉજવણીને લઈને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ જિલ્લા પોલીસ દ્વારા શહેરમાં પ્રવેશમાર્ગો પર ચેક પોસ્ટો ઉભી કરવામાં આવી છે અને પોલીસ બંદોબસ્ત, પેટ્રોલિંગ તથા વાહન ચેકીંગ સહીતની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે થતી કાર્યવાહીમાં લોકોને સહકાર આપવા અપીલ કરાઈ છે.

### જવાહર નવોદય વિદ્યાલય ખાતે

# વાંકાનેર સ્ટાફ કવાટર્સ ડોરમેટ્રીનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

## વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની પ્રેરક ઉપસ્થિત રહ્યા

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

મોરબી નજીક વાંકાનેર તાલુકામાં કોઠારીયા ગામ સ્થિત પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની વર્ચ્યુઅલી ઉપસ્થિતિ અને વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની પ્રેરક ઉપસ્થિતિમાં નવનિર્મિત ડોર્મિટરી તથા સ્ટાફ ક્વોટર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીતુભાઈ સોમાણીએ જવાહર નવોદય



વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ભારત શિક્ષણ ક્ષેત્રે આગળ વધશે તો જ વિશ્વ ગુરુ બની શકશે. વધુમાં તેમણે નવોદય વિદ્યાલય વિશે જણાવ્યું હતું કે, આ સંસ્થા અગ્રણી શૈક્ષણિક સંસ્થા છે જે પ્રતિભાશાળી ગ્રામીણ બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રદાન કરે છે.

મોરબી નવા જીલ્લા તરીકે પ્રસ્થાપિત થતા અહીં સરકાર દ્વારા જડેશ્વર મહાદેવના સાનિધ્યમાં વાંકાનેર તાલુકાના કોઠારીયા ગામ નજીક પીએમ જવાહર નવોદય વિદ્યાલય શરૂ કરવામાં આવી છે. જવાહર નવોદય વિદ્યાલય મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોના પ્રતિભાશાળી બાળકોને ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધી મફતમાં ગુણવત્તા યુક્ત આધુનિક નિવાસી શિક્ષણ પૂરું પાડે છે. આ શાળાઓના શિક્ષણમાં સામાજિક મૂલ્યો પર્યાવરણ જાગૃતિ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને શારીરિક શિક્ષણ જેવા આવશ્યક ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે તેમ વિદ્યાલયના આચાર્ય રવિન્દ્ર બોરોલેની યાદીમાં જણાવાયું છે.

# જીલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હળવદમાં થશે

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અન્વયે કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



મોરબી કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય દિનની જીલ્લા કક્ષાની ઉજવણી બાબતે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગ્રાઉન્ડ, ડાયસ પ્લાન, ધ્વજ પોલ, સ્ટેજ, સુશોભન, બેઠક વ્યવસ્થા, સલામતી અને સુરક્ષા, પરેડ, ટ્રાફિક વ્યવસ્થા અને પાર્કિંગ, વૃક્ષારોપણ, સાફ-સફાઈ અને સ્વચ્છતા, મેડિકલ ટીમની વ્યવસ્થા સહિતની આનુસંગિક વ્યવસ્થાઓ કરવા સંબંધિત વિભાગોને સુચના આપવામાં આવી હતી.


સ્વતંત્રતા પર્વની મોરબી જીલ્લા કક્ષાની ઉજવણી હળવદ ખાતે કરવામાં આવનાર છે, જ્યાં દેશ ભક્તિતી તરબોળ સાંસ્કૃતિક કાર્યક્નો રજૂ કરવામાં આવનાર છે. ઉપરાંત મોરબી, વાંકાનેર, ટંકારા અને માળીયા તાલુકાક કક્ષાએ સ્વતંત્રતા દિનની ઉજવણી કરવામાં આવનાર છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત સમગ્ર જિલ્લામાં અને ખાસ કરીને હળવદ ખાતે પૂર્વ સંધ્યાએ સરકારી કચેરીઓને સુશોભિત કરી રોશનીના શણગાર કરવામાં આવશે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તથા સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદનાં ગામડાઓમાં હેવી વિજલાઈનના મુદે ખેડુતો મેદાને

## શીરોઈ, ઈશ્વરનગર, કોયબા સહિતના ખેડુતોએ વિજલાઈનની કામગીરી બળજબરી પૂર્વક થતી હોવાથી આંદોલનની ચીમકી આપી

હળવદ તાલુકાના વિવિધ ગામોના ખેડૂતો હેવી વિજલાઈન નાખતી કંપનીની દાદાગીરી અને બળજબરી સામે રોષે ભરાઈ ગયા છે. ખેડૂતોએ મામલતદારને આવેદન પત્ર આપી કંપની દ્વારા બળજબરીથી પ્રવેશ, જમીન માલિકની મંજૂરી વિના પોલ નાખવાની કામગીરી અને પોલીસના સહારે દબાણની ફરિયાદ કરી છે. પત્રમાં ૨ દિવસમાં કામ અટકાવાની માંગ સાથે ઉગ્ર આંદોલન અને ઘેરાવની ચીમકી ઉચ્ચારી છે.



હળવદ તાલુકાના શીરોઈ, નવાદેવડીયા, જુનાદેવડીયા, ઈશ્વરનગર, સુસવાવ, મેરૂપર, કોયબા, ઘનશ્યામપુર, રાણેકપર અને કેદારીયા ગામોના ખેડૂતો દ્વારા હળવદ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપી 765 KV D/C KPS-2 (GIS) હેવી વિજલાઈન નાખતી કંપની સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આવેદનમાં ખેડૂતોએ જણાવ્યું છે કે, વિજલાઈન કંપની તેમની મરજી વિરુદ્ધ ખેતરમાં બળજબરીથી પ્રવેશી રહી છે, ખેતરોમાં ઉભા પાકોને નુકશાન થઈ રહ્યું છે અને કંપની પોલીસ તથા એસઆરપીની મદદથી દાદાગીરી બતાવી રહી છે. ખેડૂતોએ એવો પણ દાવો કર્યો છે કે તેમની પાસે આ અંગેના પુરાવા તથા વિડિયો છે.

જો તેમની માંગણી નહીં સંતોષાય તો તેઓ 'આત્મવિલોપન' જેવા તીવ્ર પગલાં ભરવા મજબૂર બનશે, જેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસન અને કંપનીની રહેશે. ખેડૂતોએ મામલતદારને તેમના હિતની રક્ષા કરવા અને દાદાગીરીને રોકવા તાત્કાલીક પગલાં લેવાની વિનંતી કરી છે તેમજ કલેકટર સાથે પણ રજુઆત કરવા સમય ફાળવવા માંગ કરી છે.

### વિશાશ્રીમાળી વણીક જ્ઞાતિ મહેતા કુટુંબ દ્વારા

# શનિવારથી બે દિવસીય નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનું આયોજન

મોરબી શહેરમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને સેવાકીય ભાવનાથી પ્રેરિત ૧૯૪ મો કેન્સર નિદાન કેમ્પ આગામી ૨ અને ૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ યોજાશે. ડી.સી. મહેતા સાર્વજનિક ડિસ્પેન્સરી ટ્રસ્ટ, નવાડેલા રોડ ખાતે આ કેમ્પનું આયોજન વિશાશ્રીમાળી વણિક જ્ઞાતિ સંચાલિત મહેતા કુટુંબ દ્વારા દર બે માસે કરવામાં આવે છે, જેમાં દર્દીઓને નિઃશુલ્ક સારવાર અને માર્ગદર્શન આપવામાં આવે છે. વર્તમાન આ નિદાન કેમ્પના દાતા સ્વ. ઉમિયાશંકર, સ્વ.પ્રભુદાસભાઈ, સ્વ.રતીલાલભાઈ અને સ્વ.શાંતિલાલભાઈ દોશી પરિવાર મોરબી છે અને આ કેમ્પમાં મુંબઈના જાણીતા કેન્સર નિષ્ણાત સર્જન ડો. વિક્રમભાઈ સંઘવી (એમ.એસ.) પોતાની સેવાઓ આપશે. તેઓ ૨ ઓગસ્ટ શનિવારે સાંજે ૪ થી ૭ અને ૩ ઓગસ્ટ રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકના સમયગાળા દરમિયાન દર્દીઓનું નિદાન કરશે. કેમ્પમાં લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ ડિસ્પેન્સરીના મેનેજર મયુરભાઈ વોરા મો. ૯૫૩૭૦૯૯૨૧૯ પર પૂર્વ નોંધણી કરવી જરૂરી છે. તેમજ દર્દીઓને તેમના પહેલાના તમામ મેડિકલ રેકોર્ડ સાથે લાવવાનું ફરજિયાત રહેશે તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ભાવેશભાઈ વી. શાહ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# માળીયા(મી): ફિલ્મી ઢબે કારનો પીછો કરી વિદેશી દારૂની ૪૭૦ બોટલ ઝડપી લેવાઈ

## અર્જુનનગર ગામના પાટીયા નજીક કાર રેઢી મૂકી કાર-ચાલક સહિત બે ઈસમો નાસી છૂટ્યા

માળીયા(મી) રેલ્વે ફાટક નજીક વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન એન્ડેવર કારના ચાલકે કારનો યુ-ટર્ન લઈ નાસવા જતા હોય જેથી તે કારનો ફિલ્મી ઢબે પીછો કરતા, કાર ચાલક અને તેની સાથેનો ઈસમ એમ બન્ને જણ અર્જુનનગર ગામ નજીક કાર રેઢી મૂકીને નાસી ગયા હતા, ત્યારે કારમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૪૭૦ બોટલ કિ.રૂ. ૬ લાખ મળી આવી હતી. આ સાથે પોલીસે કાર તથા વિદેશી દારૂનો જથ્થો સહિત ૧૬ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ નાસી જનાર બન્ને આરોપીઓ વિરુદ્ધ તથા તપાસમાં ખુલ્લે તેની સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, માળીયા(મી) પોલીસ ટીમને બાતમી મળી કે, કચ્છથી જામનગર એન્ડેવર કાર રજી.નં. જીજે-૧૨-ડીજી-૯૦૮૧માં વિદેશી દારૂની હેરાફેરી થવાની હોય જે બાતમીને આધારે માળીયા પોલીસ રેલ્વે ફાટક નજીક વોચ ગોઠવી વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉપરોક્ત બાતમી વાળી એન્ડેવર કાર દૂરથી પોલીસને જોઈ કાર ચાલકે કારનો યુ-ટર્ન લઈ નાસવા લાગ્યા હતા, ત્યારે પોલીસે તે કારનો પીછો કરતા, કાર ચાલક અને તેની સાથેનો ઈસમ અર્જુનનગરના પાટીયા નજીક કાર રેઢી મૂકી નાસી જવામાં સફળ થયા હતા, ત્યારે પોલીસે એન્ડેવર કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૪૭૦ નંગ બોટલ કિ.રૂ.૬,૦૦,૮૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે એન્ડેવર કાર કિ.રૂ.૧૦ લાખ અને વિદેશી દારૂ સહિત ૧૬,૦૦,૮૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ નાસી જનાર બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાંકાનેરઃ સિરામિકમાં તરૂણીનો ગળેફાંસો ખાઈ આપઘાત

વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાયેલ અ.મોતની નોંધની મળતી વિગત મુજબ, વાંકાનેરમાં આવેલ લાલપર શાહ સીરામીકમાં રહેતા શ્રમિક પરિવારની ૧૨ વર્ષીય દીકરી સંજુબેન અમરસિંહ રાદુભાઈ ડામોર એ કોઈ અકળ કારણોસર પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે પરિવારજનો મૃતકની ડેડબોડી વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પર હાજર ડોકટરે પોલીસને જાણ કરતા, વાંકાનેર સીટી પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી જઈ આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે, હાલ સીટી પોલીસે અ.મોતની એન્ટ્રી કરી છે.

# મોરબીઃ ટ્રકે મોટર સાયકલને અડફેટે લેતા એકનું મોત, એક ઘાયલ

મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ચામુંડા હોટલ નજીક સર્વિસ રોડ ઉપર મોટર સાયકલ સવાર બે મિત્રોને ટ્રકે સામેથી આવીને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં મોટર સાયકલ ચાલકને માથામાં અને શરીરે ઈજાઓ પહોંચી હતી, જ્યારે મોટર સાયકલની પાછળ બેઠેલ યુવકનું માથામાં ગંભીર ઈજાઓ પહોચતા સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું, હાલ મોટર સાયકલ ચાલકની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકાના જોધપર ગામે રહેતા અને એ.સી.રિપેરીંગનું કામ કરતા જાહિદઅહેમદભાઈ મામદહુસેનભાઈ શેરશિયા ઉવ.૨૨ એ ટ્રક રજી.નં. જીજે-૦૩-ડબલ્યુ-૮૪૩૪ ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગત તા.૨૮/૦૭ના રોજ ફરિયાદી અને તેની સાથે એ.સી. રિપેરીંગનું કામ કરતા તેમના મિત્ર મોઈનભાઈ બન્ને એ.સી.રીપેરીંગ કરવા સરતાનપર રોડ ઉપર પોતાના હીરો હોન્ડા કંપનીના સ્પ્લેન્ડર પ્રો રજી.નં.જીજે-૦૩-ડીક્યુ-૧૬૪૫ ઉપર જઈ રહ્યા હતા, ત્યારે મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ચામુંડા હોટલ નજીક સર્વિસ રોડ પાસે પહોચતા સામેથી ઉપરોક્ત ટ્રકના ચાલકે પોતાનો ટ્રક પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી સામેથી આવતા ફરિયાદીના મોટર સાયકલને ઠોકરે ચડાવતા બંને મિત્રો મોટર સાયકલ સહિત રોડ ઉપર પટકાયા હતા, જે અકસ્માતમાં ફરિયાદી મોટર સાયકલ ચાલકને માથામાં અને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેઠેલને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવ અંગે ઉપરોક્ત ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદઃ સુરવદર ગામે કપાસના પાકમાંથી દેશી, વિદેશી દારૂ તથા ઠંડા આથાનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકાના સુરવદર ગામે વાડીમાં રેઈડ કરી હતી, જ્યાં કપાસના વાવેતરની સાથે જમીનમાં ચાસમાં વિદેશી દારૂની ૧૨૦ બોટલ તેમજ વાડીના શેઢે ૧૦ લીટર દેશી દારૂ તથા દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૧૨૦ લીટર ઠંડો આથો મળી આવ્યો હતો, દરોડા દરમિયાન વાડી-માલીક હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી, હળવદ પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે, સુરવદર ગામે રહેતા ધર્મેન્દ્ર કરશનભાઈ ધમેચા પોતાની વાડીમાં કપાસના વાવેતરની આડમાં વિદેશી દારૂ સંતાડેલ છે, અને દેશી દારૂ રાખી તેનું પણ વેચાણ કરે છે, જે મુજબની બાતમીને આધારે ઉપરોક્ત વાડીએ હળવદ પોલીસ ટીમ દ્વારા દરોડો પાડવામાં આવતા, જ્યાં કપાસના વાવેતરના ચાસમાં જમીનમાં દાટેલી વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૧૨૦ બોટલ મળી આવી હતી. જ્યારે વાડીના શેઢે પ્લાસ્ટિકના કેરબામાં દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૧૨૦ લીટર તેમજ ૧૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જે તમામ કુલ કિ.રૂ.૨૫,૪૦૦/-નો મુદ્દામાલ પોલીસ દ્વારા કબ્જે લેવાયો હતો. દરોડા દરમિયાન આરોપી ધર્મેન્દ્ર કરશનભાઈ ધમેચા રહે.સુરવદર ગામ વાળો હાજર મળી આવ્યો ન હોય જેથી તેની વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# લાતી પ્લોટમાં કારમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલ ઝડપાઈ

લાતી પ્લોટ શેરી નં. ૩/૪ ના ખૂણે પહોચતા, ત્યાં એક કાર ઉભેલી હોય, જેમાં કાર-ચાલક પણ બેઠેલ જણાઈ આવતા, કારની વિશે માહિતી મેળવવા પોલીસ ટીમ કાર નજીક પહોંચ્યા હોય ત્યારે કાર-ચાલક કારમાંથી ઉતરીને નાસી ગયો હતો. ત્યારે રેઢી કાર મૂકીને નાસી જનાર આરોપી સમીર જુસબભાઈ કટીયા રહે.લાતી પ્લોટ ૩/૪ ના ખૂણે મોરબી વાળો હોવાનું પોલીસ ટીમ દ્વારા ઓળખી લેવામાં આવ્યું હતું.

જે બાદ કારની અંદર તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની ૧૨ નંગ બોટલ કિ.રૂ.૩,૬૦૦/-મળી આવી હતી. હાલ પોલીસે ઔરા કાર રજી.નં. જીજે-૦૩-એલજી-૫૨૬૨ કિ.રૂ.૫ લાખ તથા વિદેશી દારૂનો જથ્થો સહિત કુલ રૂ.૫,૦૩,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ નાસી જનાર આરોપી સમીર કટીયાને પકડી લેવા તપાસની તજવીજ હાથ ધરી છે.

# ખેડૂતના ખાતામાંથી ૨.૨૫ લાખ ઉપડી ગયા

## એક માસ પહેલા શિક્ષકાના મોબાઈલમાં વોટ્સએપમાં આર.ટી.ઓ. ચલણની .ફાસ ફાઈલ ખોલતા જ એકાઉન્ટમાંથી ૨૪ લાખ જેટલી રકમ ઉપડી ગયી હતી.

મોરબી શહેરમાં વધુ એક ખેડૂત સાયબર ફ્રોડના શિકાર થયા છે, જેમાં સાયબર ઠગો દ્વારા અજાણ્યા વોટ્સએપ નંબર ઉપરથી મોકલાયેલી .ફાસ ફાઈલ ખોલવાને કારણે તેમનો મોબાઈલ હેક થયો હતો. ત્યારબાદ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.૨.૨૫ની ઠગાઈ થઈ હતી.

મોરબી શહેરના રવાપર રોડ, આનંદ વિહાર શિવપાર્ક સોસાયટી ખાતે રહેતા ખેડૂત પરેશભાઈ માવજીભાઈ વિરપરીયા ઉવ.૪૨નો મોબાઈલ હેક કરીને તેમના એચડીએફસી બેંક એકાઉન્ટમાંથી રૂ.૨,૨૫,૫૯૭/- ની ઠગાઈ થયા હોવાનું સામે આવ્યું છે. એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલ ફરિયાદમાં જાહેર કર્યા મુજબ, તા. ૧૬ જુલાઈ ૨૦૨૫ના રોજ રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે પરેશભાઈના મોબાઈલ નંબર ઉપર ૯૮૨૪૦૪૫૨૬૨ નંબરમાંથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં આર.ટી.ઓ. ચલણ સંબંધિત એક .ફાસ ફાઈલ મોકલવામાં આવી હતી. ફાઈલ ખોલતા તે તરત જ હાઈડ થઈ ગઈ, જેના કારણે તેઓએ શંકા વિના પોતાનો મોબાઈલ રાખી સુઈ ગયા હતા, જે બાદ બીજે દિવસે સવારમાં તેમના ફોનમાં ઘણા ઓટીપી મેસેજ આવી ગયેલા જોવા મળ્યા હતા. ત્યારબાદ ખાતાની તપાસ કરતાં જાણવા મળ્યું કે તેમના એચડીએફસી ખાતામાંથી જુદી-જુદી બેંકોના એકાઉન્ટમાં અનેક ટ્રાન્ઝેક્શન્સ દ્વારા રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. જેમાં ૩ ઈન્ડૂસ ઈન્ડ બેંક ખાતા ધારક, ઈન્ડિયન બેંક ખાતા ધારક, એક દક્ષિણ ગુજરાત વીજ કંપનીના બેંક ખાતા ધારક તથા ટ્રાન્ઝેક્શન આઈડી ધારકમાં એમ કુલ રૂ. ૨.૨૫ લાખ ટ્રાન્સફર થયા હતા.

# માળીયા (મિ.): સરવડ ગામે બોગસ ખેડૂત ખાતેદાર કૌભાંડમાં પૂર્વ તલાટી મંત્રી રિમાન્ડ પર

માળીયા(મી) તાલુકાના સરવડ ગામમાં ખોટા સોગંદનામા અને બોગસ વારસાઈ આંબાના આધારે ખેડૂત ખાતેદાર બનેલા વ્યક્તિ સામે ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આરોપી મહેશ રાવલે પોતાની દીકરી ન હોવા છતાં એક અન્ય મહિલાનું નામ દસ્તાવેજોમાં દાખલ કરીને બોગસ ખેડૂત ખાતેદાર બન્યા હતા. આ કેસમાં રાજકોટ ગ્રામ્ય સીઆઈડી ક્રાઈમે પૂર્વ તલાટી ભરત ખોખરની ધરપકડ કરી, માળીયા(મી) કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.




માળીયા(મી) તાલુકાના સરવડ ગામના રહેવાસી મહેશભાઈ પ્રભાશંકર રાવલ વિરુદ્ધ ખોટું સોગંદનામું અને ખોટો વારસાઈ આંબો બનાવી જમીન સંબંધિત બોગસ દસ્તાવેજો કરવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. મહેશભાઈએ પોતાની સગી દીકરી ન હોવા છતાં મોરબીની હંસાબેન નામની મહિલાને પુત્રી તરીકે દર્શાવી બોગસ દસ્તાવેજો બનાવી જમીન પર ખેડૂત ખાતેદાર બનાવવામાં આવ્યા હતા. બોગસ ખેડૂત ખાતેદાર કૌભાંડ બાબતે મોરબીના કે.ડી. પંચાસરાએ કલેક્ટરને લેખિતમાં ફરિયાદ કરી હતી. કલેકટર અને મામલતદારની તપાસ બાદ સરવડ ગામના તત્કાલીન તલાટી કમ મંત્રી ભરતભાઈ દેવજીભાઈ ખોખર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવા આદેશ થયો હતો.

વધુમાં આરોપી મહેશ રાવલનું થોડા સમય પહેલા અવસાન થયું છે, જ્યારે આ કૌભાંડના બાકીના આરોપીઓ સામે તપાસ ચાલુ છે. ત્યારે આ કેસની સીઆઈડી ક્રાઈમ, રાજકોટના પીઆઈ કે.કે. જાડેજા દ્વારા તપાસ હાથ ધરાઈ છે. આ તપાસના ભાગરૂપે સરવડના પૂર્વ તલાટી ભરત ખોખરની ધરપકડ કરીને માળીયા કોર્ટમાં રજુ કરાયો હતો. જ્યાં કોર્ટએ આરોપીના ૩૧ જુલાઈ સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે.

હાલ સીઆઈડી બ્રાંચ હવે બાકીના સંડોવાયેલા લોકોની પણ શોધખોળ ચલાવી રહ્યું છે.

### તલાટી મંત્રીની ધરપકડ ગેરકાયદે, તલાટી મહામંડળ દ્વારા કલેક્ટરને આવેદન



સરવડ ગામમાં બોગસ દસ્તાવેજોના આધારે ખેડૂત ખાતેદાર બનવાના કિસ્સામાં ધરપકડ કરાયેલા તલાટી ભરત ખોખરને જાહેર સેવક ગણાવતા મોરબી જીલ્લાના તલાટી કમ મંત્રી મહામંડળે તેમની ધરપકડનો વિરોધ કર્યો છે. મહામંડળે કલેક્ટર, એસ.પી. અને ડીડીઓને આવેદન પાઠવીને પોલીસ કાર્યવાહી ગેરકાયદેસર ગણાવી છે તથા ફરજ બજાવતા કર્મચારીને શંકાસ્પદ નહિં પણ સાક્ષી તરીકે કાર્યવાહી થવી જોઈએ એવી માંગ ઉઠાવી છે.

# ક્ષતિગ્રસ્ત સરકારી ઈમારતોની સમીક્ષા કરવા કલેક્ટરની તાકીદ

## સરકારી બાંધકામોની સલામતી બાબતે સમીક્ષા બેઠક મળી

મોરબી કલેકટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં જીલ્લામાં સરકારી બાંધકામોના સ્ટ્રકચરલ પબ્લિક સેફટી અન્વયે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારના વિવિધ વિભાગો જેવા કે, માર્ગ અને મકાન, જળસંપતિ, પાણી પુરવઠા, નર્મદા, શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાળ, શહેરી વિકાસ, પંચાયત, ગ્રામ વિકાસ વગેરે હસ્તકની ઈન્ફ્રાસ્ટ્રકચરલ સુવિધાઓ જેવી કે રોડ, ડેમ, બ્રિજ, કેનાલ, બિલ્ડીંગ, હોસ્ટેલ



સહિત અન્ય તમામ સરકારી ઈમારતોની સ્ટ્રકચરલ સેફટી માટે હાલના સરકારી ધારા ધોરણો મુજબ ઈન્સ્પેકશન કરવા સૂચના આપવામાં આવી હતી.

જીલ્લામાં પીવાના પાણીની તથા સરકારની વિવિધ યોજનાઓ જેવી કે, પીએમ પોષણ યોજના, શ્રમિક અન્નપૂર્ણા, હોટ કુકડ મીલ તેમજ વિવિધ હોસ્ટેલ્સમાં નાગરિકોને આપવામાં આવતા ભોજનની યોગ્ય ગુણવત્તા જળવાય તે બાબતે પણ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તું મને અત્યારે કામ કરવા દે કહેતા જ શાપરમાં લાકડાનું પાટિયું ઝીંકી યુવાનનું માથું ફોડી નાખ્યું

## હું અહીં આવું તો મને જવાનું કહેતો નહિ, નહિતર જાનથી મારી નાખીશ કહી ધમકી આપનાર રાહુલ રાઠોડ વિરુદ્ધ શાપર(વે.) પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ શાપર વેરાવળમાં પાણીના પ્લાન્ટમાં જગ ભરી રહેલા યુવાનને રાહુલ રાઠોડ નામના શખ્સે લાકડાનું પાટિયું મારી માથું ફોડી નાખ્યું હતું. પ્લાન્ટ ખાતે આવેલ શખ્સને અત્યારે મને કામ કરવા દે, તું અહીંથી જતો રહે કહેતા જ યુવાન પર હુમલો કરનાર શખ્સ વિરુદ્ધ શાપર વેરાવળ પોલીસમાં ગુનો નોંધાયો છે.

મૂળ જૂનાગઢના એકલીગામના વતની અને હાલ રાજકોટની ભાગોળે આવેલ શાપર વેરાવળના ભૂમિ ગેઈટના પાવન ફોર્જિંગની બાજુમાં ભાડાના મકાનમાં રહેતા અને પાણીના પ્લાન્ટમાં મજૂરી કરતા ૩૧ વર્ષીય યુવાન ભાવેશભાઈ કાળુભાઈ ઝાપડાએ શાપર વેરાવળ પોલિસમાં નોંધાવેલી ફરિયાદમાં રાહુલ રાઠોડ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા-૨૯/૦૭/૨૦૨૫ ના રાત્રીના આઠ વાગ્યાની આસપાસ નર્મદા વોટર પ્લાન્ટ નામના કારખાને હતો. મારે લગનનો ઓર્ડર માટેના પાણીના જગ ભરવાના હોય તે જગ ભરી ગાડીમા રાખતો હતો. ત્યારે રાહુલ રાઠોડ મારી પાસે આવેલ હતો. જેથી મે તેને કહેલ કે, તુ મને કામ કરવા દે, અત્યારે તુ અહીંથી જતો રહે તેવુ કહેતા રાહુલ રાઠોડ ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાળો આપવા લાગેલ હતો. બાદમાં બાજુમાં પડેલ લાકડાનુ પાટીયુ મારા માથામા મારી દિધેલ હતું. જેથી મને પાટિયુ કપાળમાં જમણી બાજુ લાગતા લોહી નિકળવા લાગેલ હતું. બાદ આ પાણીનો પ્લાન્ટ તારા બાપનો નથી, હવે હું અહિ આવુ તો મને જવાનું કહેવુ નહી અને તારે અહી કામ કરવું હોય તો મને અહી આવવા દેવો નહિતર હવે તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો.

બાદ સ્થાનિકો એકત્રિત થઈ જતા મને છોડાવેલ હતો. બાદમાં મારા મિત્રો ગૌતમભાઈ હરેશભાઈ સોલંકી તથા જયેશભાઈ રવજીભાઈ વઘેરા બન્ને ૧૦૮ એમ્પુલન્સમા મને સારવાર માટે પ્રથમ શાપર સરકારી હોસ્પીટલ ખાતે અને ત્યાથી રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે રીફર કરેલ હતો.

મામલામાં શાપર વેરાવળ પોલીસે રાહુલ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# તારી સાથે સમજી જ લેવાનું થાય છે કહી જેતપુર નગરપાલિકાના કારોબારી ચેરમેન પર હુમલો

## હવે જો ભેગો થઈશ તો જાનથી મારી નાખીશ કહી ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ જેતપુર સિટી પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

જેતપુર નગરપાલિકાના કારોબારી ચેરમનને તારી સાથે સમજી જ લેવાનું થાય છે, તે મને નોકરીમાંથી કેમ કાઢી મુક્યો કહી આશિષ ઉર્ફે ભૂરા નામના શખ્સે ધક્કો મારી પછાડી દઈ ઢીકાપાટુનો માર માર્યો હતો. વચ્ચે છોડાવવા પડેલી ચેરમનની પત્નીને પણ હુમલાખોરે ધક્કો મારી દીધો હતો. બાદમાં હવે જો ભેગો થઈશ તો જીવતો નહિ જવા દઉં કહી ખૂનની ધમકી આપતાં જેતપુર સીટી પોલીસમાં ગુનો નોંધાયો છે.

મામલામાં જેતપુર નગરપાલિકાના કારોબારી ચેરમેન વિજયભાઈ મનસુખભાઈ ગુજરાતી (ઉ.વ.૩૯ રહે. ગુજરાતીની વાડી, ધોરાજી રોડ, જેતપુર)એ જેતપુર સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે આશિષ ઉર્ફે ભૂરો અશોકભાઈ તડાજીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાતના આશરે સાડા દસ વાગ્યે જમીને હું તથા મારા પત્ની અને મારો મિત્ર કુલદિપસિંહ પરમાર મારી ક્રેટા ગાડી લઈને ગામમાં ચક્કર મારવા નિકળેલ હતા. બાદ ઘરે જતા હતા ત્યારે જેતપુરના તીનબત્તી ચોક ખાતે આવેલ વૈશાલી પાન પાસે ફાકી ખાવા ઉભો રહ્યો હતો. ત્યારે મિત્ર કુલદિપસિંહ ગાડીમાંથી ઉતરીને ફાકી લેવા ગયેલ હતો. ત્યારે આશીષ ઉર્ફે ભુરો અશોકભાઈ તડાજીયા (રહે. જેતપુર) કે જેને મે ત્રણેક વર્ષ પહેલા મારી સાથે કામે રાખેલ હતો અને તેનો જીવન નિર્વાહનો ખર્ચો ઉઠાવતો હતો પરંતુ તેના ખરાબ વર્તનના કારણે મે તેને કાઢી મુકેલ હતો તે મારી ગાડી પાસે ધસી આવેલ હતો.

આશિષ તડાજીયાએ મને કહ્યુ હતું કે, તારી સાથે સમજી લેવાનું જ થાય છે, તારાથી થાય તે કરી લેજે, હું કોઈ ના બાપથી ડરતો નથી. જેથી હું તથા મારી પત્ની ગાડીમાંથી નીચે ઉતરેલ અને મે આશીષને કહેલ કે, ભાઈ તારે શું તકલીફ છે ? હું તને બોલાવતો નથી, તો તું શા માટે આ રીતે વર્તન કરે છે. તો આશીષ કહેવા લાગેલ કે, તે મને કામમાંથી કેમ કાઢી મુકયો હતો? એમ કહીને મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મે તેને ગાળો આપવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયેલ અને મને ધક્કો મારતા હું નીચે પડી ગયેલ હતો. બાદ આશિષ મને ખંભાના તથા છાતીના ભાગે ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. જેથી મારી પત્ની મને બચાવવા આવતા આશિષે તેને પણ ધક્કો મારી દિધેલ હતો. બાદ હું ઉભો થઈને તેને રોકતો હતો અને અમારી વચ્ચે ઝપાઝપી થતા મિત્ર કુલદિપસિંહ પરમાર ત્યાં આવી ગયેલ અને તેને વચ્ચે પડી અમને છુટા પાડેલ હતા. બાદ સ્થાનિકો એકત્રિત થવા લાગતા આશીષ ત્યાંથી ભાગવા લાગેલ હતો અને જતા જતા કહેવા લાગેલ કે, આજે તો તું બચી ગયેલ પરંતુ જો પાછો મળ્યો તો હું તને જીવતો નહી જવા દવ તેમ ધમકી આપી નાસી ગયો હતો.

મામલામાં નગરપાલિકાના કારોબારી ચેરમેને ફરિયાદ આપતાં જેતપુર સીટી પોલીસની ટીમે આશિષ ઉર્ફે ભૂરો અશોકભાઈ તાડજીયા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# મોટી પાનેલી ગામે જુગાર રમતી ૧૪ મહિલા ઝડપાઈ

## ગોંડલમાં જાહેરમાં પત્તા ટીચતા છ શખ્સોની ધરપકડ



**અબ તક, રાજકોટ**

શ્રાવણ મહિનાના આરંભ સાથે રાજકોટ જિલ્લામાં જુગારની મોસમ પુર બહાર ખીલી છે. જેમા સ્થાનિક પોલીસે બે સ્થળોએ જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં ઉપલેટા ના મોટી પાનેલી ગામે જુગાર રમતી ૧૩ મહિલાઓની ધરપકડ કરી છે જ્યારે મોડલના રોડ ઉપર જાહેરમાં પત્તા ટીચતા છ શખ્સોની ધરપકડ કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અતુલ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારને બદી દામી દેવા એસપી હિમકરસિંહ આપેલી સૂચનાને પગલે ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વીસી પરમાર ઈતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે મોટી પાનેલી ગામે રહેતા જ્યોતિબેન રજનીશભાઈ ના મકાનમાં જુગાર રમતો હોવાની મળેલી બાતમીના આધારે એએસઆઈ દિનેશભાઈ ગોહેલ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ ગમારા અને ભાવિશાબેન ડાંગર સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા જ્યોતિબેન, લીલાબેન જેન્તીભાઈ પાચાણી, ગીતાબેન મુકેશભાઈ વડેચા કાશ્મીરાબેન રાજેશભાઈ વિરાણી મીનાબેન ચેતનભાઈ ભીમજીયાણી રશ્મિબેન રાજેશભાઈ શિંગાળા હેતલબેન જીગ્નેશભાઈ તન્ના નિર્મળાબેન મનોજ ભાઈ મહેતા રીટાબેન રાજનભાઈ સોજીત્રા નિર્મળાબેન જેન્તીભાઈ દવે હીનાબેન મનસુખભાઈ માણાવદરિયા સોનલબેન જીગરભાઈ ખાખરીયા અને ભારતીબેન હરેશભાઈ ની ધરપકડ કરી૨૦૭૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

જ્યારે ગોંડલ બી ડિવિઝન સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે વોરા કોટડા રોડ રામજી મંદિર પાસે જાહેરમાં જુગાર રમતો હોવાની સુરપાલસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ એસ.એમ જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા મનીષ કરસન સાટોડીયા પ્રવીણ અનિલ કોળી નિતીન દિનેશ પોકર સંજય નારણ માટીયા જગદીશ કેશુ રબારી અને સતીશ મનસુખ ધાડવી ની ધરપકડ કરી ૩૪ ૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# તે શેઠાણીને મારૂ નામ કેમ આપ્યું કહી ગોંડલના ચરખડી ગામે ખેડૂત પર હુમલો

## શેઢા પાડોશીના ભાગીયાએ નશાની હાલતમાં ઢીંકાપાટુનો માર માર્યો : હુમલાખોરના પિતાએ એક-એકને જોઈ લેવાની ધમકી આપી

**અબતક, રાજકોટ**

ગોંડલના ચરખડી ગામે ખેતરે જવાનાં રસ્તા બાબતે બોલાચાલી થયાં બાદ ખેડૂતને પિતા-પુત્રએ માર મારી ધમકી આપ્યાનો બનાવ ગોંડલ તાલુકા પોલીસના ચોપડે નોંધાયો છે. શેઢા પાડોશીના ભાગીયાએ ખેતરે જવાનાં રસ્તામાં ગટર ખોદી નાખતા કીચડ થઈ ગયા બાદ ખેતરે જવાનાં રસ્તા બાબતે ચડભડ થયાં બાદ ભાગીયાએ પ્રથમ ઢીકાપાટુનો માર માર્યા બાદ તેના પિતાએ એક-એકને જોઈ લઈશ તેમ કહી ધમકી આપી હતી.

ગોંડલના ચરખડી ગામે બસ સ્ટેન્ડ નજીક રહેતા ૩૭ વર્ષીય ખેડૂત વિમલભાઈ પ્રવિણભાઈ સેલડીયાએ ગોંડલ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સંજય ધીરુભાઈ ઠુંમર અને ધીરુ કાળાભાઈ ઠુંમરનું નામ આપતાં જણાવ્યું હતું કે, અમારી ખેતીની જમીન વેકરી રોડ ઉપર આવેલ છે અને અમારી જમીને જવા માટે અમારા શેઢા પાડોશી મનદીપભાઈ પ્રવિણભાઈ રાદડીયાની જમીનમાંથી ચાલવા માટે અમારા હક્કનો રસ્તો આવેલ છે. જેમાથી હું તથા અમારા પૂર્વજો વર્ષોથી અમારી જમીને જવા માટે ચાલીએ છીએ. જે રસ્તામાં આશરે એકાદ માસ પહેલા મનદીપભાઈના ભાગીયા સંજય ધીરૂભાઈ ઠુમ્મરે પાણીની પાઈપ લાઈન નાખવા માટે ગટર ખોદેલ હતી. બાદ પાંચેક દિવસ પહેલા ગટરમા પાઈપ લાઈન નાખીને સંજયએ ગટર દાટી દીધેલ હતી. જેથી રસ્તામાં ખૂબ જ માટીનો કીચડ થઈ ગયેલ હતો. તે સમયે મારે અને સંજયભાઈને તેની જમીનના બીજા રસ્તેથી મારી જમીનના રસ્તે જવા માટે ચાલવા દેવા બાબતે વાત થયેલ હતી અને સંજયભાઈએ મને ચાલવા માટે કીધેલ હતુ.

બાદ ગઈ તા-૨૮/૦૭/૨૦૨૫ ના બપોરના અગ્યાર વાગ્યા આસપાસ જમીનના રસ્તે મનદીપભાઈ તથા તેના માતા નિમુબેન પ્રવિણભાઈ રાદડીયા ત્યાથી નીકળેલ હતા ત્યારે હુ તેમને ભેગો થઈ ગયેલ હતો. ત્યારે મને નિમુબેનએ કહેલ કે, તુ અમારા રસ્તેથી શુ કામે ચાલે છે. જેથી મે તેમને જણાવેલ કે, અમારા રસ્તેથી તમારા ભાગીયા સંજયભાઈએ પાઈપ લાઈન નાખેલ છે અને તેથી રસ્તામાં ખુબ જ કીચડ થઈ ગયેલ હોય સંજયભાઈએ મને તમારા રસ્તેથી ચાલવા માટે હા પાડેલ છે. જેથી નિમુબેનએ તેની જમીનનો રસ્તે ચાલવા માટે મને ચાર-પાંચ દિવસ પુરતી હા પાડેલ હતી. બાદ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રાત્રીના આશરે દસેક વાગ્યાની આસપાસ હુ તથા મારો નાનો ભાઈ ધર્મેન્દ્રભાઈ પ્રવિણભાઈ સેલડીયા, મોટા બાપુનો દીકરો દિપકભાઈ ધીરૂભાઈ સેલડીયા સહિતના ચરખડી બસ સ્ટેન્ડની સામે સરકારી દવાખાનાની બાજુમા બેઠા હતા. ત્યારે સંજયભાઈ ઠુમ્મર પીધેલી હાલતમાં ત્યા આવેલ અને મને કહેલ કે, તે મારી શેઠાણીને મારૂ નામ શું કામ આપ્યું કહીને મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મે તેને ગાળો બોલવાની ના પાડતા સંજય એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. જેથી ત્યા રહેલ લોકોએ મને છોડાવેલ અને સંજયને ત્યાથી જતાં રહેવાનુ કહેતા તે ત્યાથી જતો રહેલ હતો.

થોડીવારમાં સંજયના પિતા ધીરૂભાઈ કાળાભાઈ ઠુંમ્મર મારી પાસે આવેલ અને મને કહેલ કે, તમે સવારે વાડીએ આવો, હું એક-એકને જોઈ લઈશ તેમ કહીને તે ત્યાંથી જતો રહેલ હતો. બાદ હુ પણ ત્યાથી મારા ઘરે જતો રહેલ હતો. બાદ બીજા દિવસે સવારના સાડા સાતેક વાગ્યાની આસપાસ હુ મારા ઘરે હતો ત્યારે મને મારા મોટા બાપુનો દીકરો દિપકભાઈ ધીરૂભાઈ સેલડીયાનો કૌટુંબિક ભાઈ ભરતભાઈ ધીરૂભાઈ સેલડીયાના ફોનમાથી ફોન આવેલ કે, હુ થોડીવાર પહેલા ચરખડી બસ સ્ટેન્ડ પાસે ચા પીવા માટે ગયેલ હતો. ત્યારે સંજય ધીરૂભાઈ ઠુમ્મર મારી પાછળ ખેતીમા વાપરવા માટેનો ખરપીયો લઈને દોડી આવ્યો હતો. તે હજુ મારાથી દૂર હતો ત્યાં હું જોઈ જતાં ભાગીને ભરતભાઈના ઘરે આવી ગયેલ છુ. ભરતભાઈએ મને કહેલ કે, તુ પણ ઘરની બહાર નીકળતો નહી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, સંજય ઠુંમ્મર અવાર નવાર દારૂ ગટગટાવી હેરાન પરેશાન કરે છે.

મામલામાં યુવાન ખેડૂતની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે પિતા-પુત્ર વિરુદજ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોંડલમાં યુટીલીટીની અડફેટે બાઈક ચાલક આધેડનું મોત

## રાત્રિના વાડીએથી પરત ફરતા ખરેડાના ખેત મજુરને સ્વામિનારાયણ ગુરુકુળ રોડ પર કાળ આંબી ગયો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં સ્વામિનારાયણ ગુરૂકુળ પાસે યુટીલીટીએ બાઈકને હડફેટ લેતા બાઈક સવાર ગોંડલ તાલુકાના ખરેડા ગામના આધેડને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે પ્રથમ ગોંડલ હોસ્પિટલ લઈ ગયા બાદ વધુ સારવાર માટે રાજકોટ લઈ જતા દરમિયાન રસ્તામાં જ તેમણે દમ તોડી દીધો હતો. બનાવ અંગે મૃતકના ભાઈની ફરિયાદ પરથી ગોંડલ સિટી પોલીસે યુટીલીટી ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલ તાલુકાના ખેરડા ગામે રહેતા રતિભાઈ ખેડાભાઈ રાદડિયા નામના આધેડ તા. ૨૮ ના ઘરેથી ગોંડલમાં રહેતા રમેશ બચુભાઈ ઠુંમરની વાડી જે ગોંડલની સીમમાં આવેલી હોય ત્યાં ખેતમજૂરી કામ માટે ગયા હતા. અહીં વાડીએથી કામ પૂરૂ કરી બાઈક નંબર જીજે ૩ ડિકે ૩૦૯૩ લઈ ઘર તરફ આવી રહ્યા હતા. દરમિયાન રાત્રિના ૮:૩૦ વાગ્યા આસપાસ ગોંડલમાં કોટડા સાંગાણી રોડ પર સ્વામિનારાયણ ગુરૂકુળ પાસે ટાટા કંપનીની યુટીલીટી યોદ્ધા નંબર જીજે ૩ બીડબ્લ્યુ ૬૦૭૯ ના ચાલકે બાઈકને લીધું હતું. જેથી બાઈક ચાલક આધેડ રોડ પર પટકાયા હતા અને તેમને ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માતની ઘટનાની જાણ થતા આધેડના પરિવારજનો અહીં પહોંચી ગયા હતા અને તેમને ઈજાગ્રત સાલતમાં સારવાર માટે પ્રથમ ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા આવ્યા હતા.બાદમાં વધુ સારવાર માટે રાજકોટ લઈ જતા હતા ત્યારે રસ્તામાં જ આધેડે એમ્બ્યુલન્સમાં દમ તોડી દીધો હતો. અકસ્માતમાં મોતને ભેટનાર આધેડને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે આધેડના મોટાભાઈ કાંતિભાઈ ખોડાભાઈ રાદડિયા (ઉ.વ ૫૧ રહે. ખરેડા ત્રિવેણી મહાદેવ મંદિરની બાજુમાં) ની ફરિયાદ પરથી ગોંડલ સિટી પોલીસે યુટીલીટી યોજના નંબર જીજે ૩ બીડબ્લ્યુ ૬૦૭૯ ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં જાહેરમાં જુગટુ રમતા ત્રણ ઝડપાયા



**અબતક આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા અને શહેરમાં જુગારની બદી ડામી દેવા એસપી ડોક્ટર હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ એઆર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા રવજી ઉર્ફે ગોકો બોઘા સુનિલ રમેશ ચુડાસમા અને રોહિત રાજુ પરમારની ધરપકડ કરી જુગારના પટમાંથી ૨૧૦૦૦ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે

# પ્રભાસ પાટણના ભાલકામાંથી ગાંજાના જથ્થા સાથે કાના જેઠવા ઝડપાયો

**અબ તક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**



પ્રભાસ પાટણ ના ભાલકા વિસ્તારના કૈલાશ સોસાયટી નજીક લીલા અને સુકા ગાંજા ના જથ્થા સાથે એક શખ્સને એસસોજીએ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લામાં નસીલા પદાર્થની હેરાફેરીને ડામી દેવા જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ આપેલી સૂચનાને પગલે એસસોજીના ઈન્ચાર્જ પીઆઈ એન એ વાઘેલા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે વેરાવળ તાલુકાના ભાલપરા ભાલકા વિસ્તારમાં રહેતો કાના ભાણા જેઠવા નામનો શખ્સ ભાલકા વિસ્તારમાં શંકાસ્પદ હાલતમાં હોવાની મળેલી બાતમીના આધારે સોમનાથ મરીન અને એસસોજીના સ્ટાફે દરોડો પાડી કાના જેઠવાની અટકાયત કરી તલાસી લેતા તેના કબજા માંથી બહાર ૧૨૫૦૦ ની કિંમત નો લીલો અને સૂકો ગાંજો મળી આવતા તેની ધરપકડ કરી ગાંજો અને મોબાઈલ મળી રૂપિયા ૨૫,૦૦૦ નો મુદ્દામાં કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે

# પોરબંદરમાં હીરલબા જાડેજાનો પોલીસે જેલમાંથી કબજો લીધો

## બળજબરીથી મિલકત પચાવી પાડવા અને રૂપિયા કઢાવી લેવા યુવકને ગોંધી રાખ્યો'તો

**અબતક, અશોક થાનકી, પોરબંદર**



પોરબંદરમાં મહિલા અગ્રણી હિરલબા જાડેજા અને તેમના સાગરીતો સામે વધુ એક ફરિયાદ નોંધાઈ હતી જેમાં બળજબરીથી મિલકત પડાવા તથા રૂપીયા કઢાવી લેવા, ગોંધી રાખવા અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ આ ગુન્હો નોંધાયો હતો ત્યારે પોલીસ એ આજે હિરલબા નો જુનાગઢ જેલ ખાતે થી કબજો લીધો છે.

પોરબંદરના મહિલા અગ્રણી હીરલબા જાડેજા અગાઉના સાયબર ક્રાઈમ માં કરોડો રૂપિયાની હેરાફેરીના કેસમાં હાલ જૂનાગઢની જેલમાં છે ત્યારે તેના પર વધુ એક શિકંજો કશાયો છે જેમાં સાધના સ્ટુડિયોની બાજુમાં રહેતા હરીશભાઈ રામજીભાઈ પોસ્તરીયાએ કમલાબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી જણાવ્યું હતું કે વર્ષ - ૨૦૧૨માં મચ્છીની ફેક્ટરી બનાવવા માટે તેઓને તાત્કાલીક પૈસાની જરૂર પડતા ભુરા મુંજા જાડેજા પાસેથી રૂપીયા પીચોતેર લાખ માસીક ૩% ના વ્યાજ દરે લીધા હતા અને પોતાના ત્રણ મકાનો કે જેની કિમત રૂપિયા એક કરોડ છાસઠ લાખ થાય છે તેના સાટાખત કરી આપ્યા હતા અને દસ્તાવેજી ફાઈલોની સીકયુરીટી પેટે ભુરા મુંજા જાડેજા પાસે રાખેલ હતી. રૂપીયા પીચોતેર લાખ માસીક ત્રણ ટકા વ્યાજ ચુકવવાની તારીખ - ૧ થી ૫ સુધીની હતી જો આ સમય દરમ્યાન વ્યાજ ચુકવવામાં એક દિવસ પણ મોડુ થાય તો મુદલ રકમ રૂપીયા પીચોતેર લાખના માસીક દસ ટકા લેખે રૂપીયા સાડા સાત લાખ પેનલ્ટી રૂપે આ હિરલબા જાડેજા વર્ષ - ૨૦૧૬ પછી વસુલાત કરતા હતા અને જો તે ન આપે તો ધમકાવી અપહરણ કરવાની, અને મારી નાખવાની, ધમકીઓ આપતા હતા અને ઘરે માણસો મોકલી ડરાવી ધમકાવી બળજબરીથી હરીશભાઈ તથા તેના પરીવાર પાસેથી અત્યાર સુધીમાં રૂપીયા પીચોતેર લાખના મુદલના બદલે ચાર કરોડથી વધુની રકમ વ્યાજ અને પેનલ્ટી રૂપે કઢાવી લીધા હોવાની કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી. જે મામલે પોલીસ એ આજે જુનાગઢ જેલ ખાતે થી હિરલબા જાડેજા નો કબજો લઈ પોરબંદર લાવવામાં આવ્યા હતા અને આગળની કાર્યવાહી હાથધરી હતી.

# મુળીના દાણાવાડા ગામે એક જ દિવસમાં ત્રણ મકાનોમાં તસ્કરોએ નિશાન બનાવ્યા

## રોકડ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂા.૮૩,૦૦૦ની ચોરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી તાલુકાના દાણાવાડા ગામે રહેણાક મકાનમાં તસ્કરો દ્વારા રોકડ અને સોના-ચાંદીના દાગીના સહિતના મુદ્દામાલની ચોરીનો બનાવ બનતા ભોગ બનનાર મકાન માલીકે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મુળીના દાણાવાડા ગામે રહેતા નટવરભાઈ જગજીવનભાઈ પારેજીયાના પરિવારજનો દર્શનાર્થે ગયા હતા અને ફરિયાદી તેમજ તેમનો પુત્ર ઘરે હાજર હતા તે દરમ્યાન પુત્ર પોતાના રૂમમાં સુઈ ગયો હતો અને ફરિયાદી તેમના મિત્રના ઘરે ૧૫ થી ૨૦ મીનીટ કામ માટે ગયા હતા ત્યાંથી પરત પોતાના કરે આવીને જોતા કોઈ અજાણ્યો શખ્સ તેમના ઘરના બેઠકના દરવાજામાંથી ભાગી જતો ફરિયાદીએ જોયો હતો. ત્યારબાદ રૂમની તપાસ કરતા કબાટનો દરવાજો ખુલ્લો હતો તેમજ માલ-સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો અને તપાસ કરતા સોનાના દાગીના કિંમત રૂા. ૩૧,૦૦૦ તેમજ રોકડ રૂા. ૩,૦૦૦ની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું જ્યારે ગામમાં જ રહેતા મુકેશભાઈ જીવણભાઈ સંઘાણીના મકાનમાંથી પણ તસ્કરો દ્વારા સોનાનો ચેઈન કિંમત રૂા. ૧૫,૦૦૦ તથા રોકડ રૂા. ૧૬,૦૦૦ અને અન્ય મકાન માલીક મનસુખભાઈ માધાભાઈ સંઘાણીના મકાનમાંથી પણ રોકડ રૂા.૧૦,૦૦૦ની ચોરીનો બનાવ બન્યો હતો આમ ત્રણેય મકાનોમાંથી તસ્કરો દ્વારા રોકડ રૂા.૨૯,૦૦૦ તેમજ સોનાના અલગ-અલગ દાગીના કિંમત રૂા.૪૬,૦૦૦ તેમજ ચાંદીના દાગીના કિંમત રૂા.૮,૦૦૦ મળી કુલ રૂા.૮૩,૦૦૦ના મુદ્દામાલની ચોરીનો બનાવ બનતા મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે એક જ દિવસમાં દિન-દહાડે ત્રણ મકાનોમાં ચોરી થતાં પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે અને અન્ય રહિશોમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# પડધરી નજીક કાર પાછળ બાઈક ઘૂસી જતા રાજકોટના આરટીઓ એજન્ટનું મોત

## ધ્રોલ ફઈ ને ત્યાં ધાર્મિક પ્રસંગ માં હાજરી આપી રાજકોટ આવતા યુવાનને રસ્તામાં કાળ ભેટી ગયો

**અબ તક રાજકોટ**

રાજકોટ પંથકમાં રાજમાર્ગો ગોજારા બન્યા હોય તેમ નિરંતર જીવલેણ અકસ્માતની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો થયો હોય ષયળફ પડધરી નજીક ખામટા ગામની સીમમાં રાજકોટના આરટીઓ એજન્ટ યુવાનની બાઈક મોટર પાછળ ઘૂસી જતા યુવાનનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મવડીમાં રહેતા અને આરટીઓ એજન્ટ તરીકે યુનિવર્સિટી રોડ પર પીયુસી કેન્દ્ર ચલાવતા વિક્રાંત કિશોરભાઈ તળપદા ૨૮ગઈકાલે સાંજે ફઈને ત્યાં ધાર્મિક પ્રસંગ આટોપી ધ્રોલ થી બાઈક પર રાજકોટ આવતો હતો ત્યારે ખામટા ગામની સીમમાં બાઈક આગળ જતી કારમાં ઘૂસી જતા સર્જાયેલા અકસ્માતમાં વિક્રાંત નું મૃત્યુ નીપજ્યું હતું બનાવના પગલે રાહદારી લોકોએ યુવાનના ફોન પરથી પરિવારજનોને ફોન કરતા વિક્રાંતના મામા મનોજભાઈ ને અકસ્માતની જાણ થતા તાત્કાલિક સિવિલમાં પહોંચી ગયા હતા ,વિક્રાંત ના પપ્પા મૃત્યુ બાદ ઘરનો આધાર હતો બે ભાઈ માં સૌથી મોટા અપરણિત વિક્રાંતના અવસાનથી પરિવારે આધાર સ્તંભ ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો આ અંગે પડધરી પોલીસે તપાસ હાથ ધરી છે

# અંજારના વરસામેડીનો બુટલેગરની પાસા તળે અટકાયત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એલસીબી દ્વારા અંજારના વરસામેડીના બુટલેગરની પોલીસે પાસા તળે અટકાયત કરી તેને જેલ હવાલે કરાયો હતો. વરસામેડી બાગેશ્રી ટાઉનશિપમાં રહેનાર મૂળ બિદડાના સહદેવસિંહ ઉમેદસિંહ જાડેજા નામના શખ્સ વિરુદ્ધ ગાંધીધામમાં, ભુજ, મુંદરા, માંડવી, કોડાય, કોઠારા, અંજાર, માનકૂવા અને સુરેન્દ્રનગરના મુળી પોલીસ મથકોમાં મારામારી, દારૂ સહિતની કલમો તળે ૨૬ જેટલા ગુના નોંધાયેલા છે.



વારંવાર આવા ગુના આચરતા શખ્સો વિરુદ્ધ પગલાં લેવાના આદેશ બાદ પૂર્વ કચ્છ એલ.સી.બી.એ આ શખ્સના પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરી હતી. લીલીઝંડી મળતાં પાસાની દરખાસ્ત મંજૂર થતાં પોલીસે આ શખ્સની ધરપકડ કરી સુરતની મધ્યસ્થ લાજપોર જેલમાં ધકેલી દીધો હતો. કલેક્ટરે અત્યાર સુધીમાં ૧૨ અસામાજિક તત્ત્વો વિરુદ્ધ પાસાના હુકમ જારી કર્યા છે.

આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમા, પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

### ધારી ખાંભા જાફરાબાદમાં ઈકોસેન્સિટિવ ઝોનથી લોકોને ડરવાની જરૂર નથી

# રહેણાંક માટે ઝીરો કિમી સુધી બાંધકામ પરવાનગી મળી રહેશે: કોમર્શિયલ હોટલ, રિસોર્ટ માટે એક કિમીનો નિયમ લાગુ

## ભાજપના આગેવાન હિરેન કે. હિરપરાની રજૂઆત બાદ વન વિભાગે આ મુદ્દે ખુલાસો કર્યો, વિભાગને કોઈની માલિકીની કાયદેસરની ખેતર, વાડી કે જમીન પર કોઈ અધિકાર નથી

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને જાફરાબાદ તાલુકાઓમાં પ્રસ્તાવિત ઈકો-સેન્સિટિવ ઝોનને લઈને સ્થાનિક લોકો અને ખેડૂતોમાં ફેલાયેલી ચિંતાઓને દૂર કરવા ગુજરાતના વન વિભાગે સ્પષ્ટતા કરી છે. વન વિભાગે જણાવ્યું છે કે, આ ઝોનથી જમીનની માલિકી કે ખેડૂતોની રોજીરોટી પર કોઈ નકારાત્મક અસર નહીં થાય, જ્યારે રહેણાંકના બાંધકામ માટેના નિયમોમાં પણ ઘણી છૂટછાટ રહેશે. ભાજપના આગેવાન હિરેન કે. હિરપરાની રજૂઆત બાદ વન વિભાગે આ મુદ્દે ખુલાસો કર્યો છે.

આ પ્રસ્તાવિત ઈકો-સેન્સિટિવ ઝોન, જે ગીર અભયારણ્ય જેવા સંરક્ષિત વિસ્તારોની આસપાસના નાજુક પર્યાવરણીય વિસ્તારોને સુરક્ષિત કરવા માટે હોય છે, તેને લઈને સ્થાનિકોમાં ભય હતો કે તેમની જમીનના હક્કો છીનવાઈ જશે અથવા રોજિંદી ખેતી પર પ્રતિબંધ આવશે. આથી, ભાજપના પ્રદેશ મહામંત્રી અને અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ હિરેન કે. હિરપરાએ આ ઝોન હટાવવા માટે રજૂઆત કરી હતી.

અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યપ્રાણી), ગુજરાત રાજ્ય, ડૉ. જયપાલ સિંઘે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવને પાઠવેલા પત્રમાં સ્પષ્ટતા કરી છે કે, ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર થયા પછી પણ જમીનની માલિકીમાં કોઈ ફેરફાર થવાનો નથી અને ખેડૂતોની જમીન તેમની જ રહેશે.

ઉપરાંત, આ જાહેરનામાથી ખેડૂતોની રોજીરોટી કે તેમની રોજિંદી ખેતીની કામગીરી પર કોઈ વિપરીત અસર પડશે નહીં, કારણ કે વન વિભાગને કોઈની માલિકીની કાયદેસરની ખેતર, વાડી કે જમીન પર કોઈ અધિકાર નથી.

બાંધકામના નિયમો અંગે સ્પષ્ટતા કરતા વન વિભાગે જણાવ્યું છે કે, ઈકો-સેન્સિટિવ ઝોનની અંદર ઝીરો કિલોમીટર સુધી (એટલે કે ગમે તેટલા નજીક) રહેણાંકના હેતુ માટે બાંધકામને પરવાનગી આપવામાં આવશે. જોકે, કોમર્શિયલ હોટેલ અને રિસોર્ટ જેવા બાંધકામ માટે અભયારણ્યથી ફક્ત એક કિલોમીટરના વિસ્તારમાં મનાઈ રહેશે. આ નિયમ હાલના સરકારી ઠરાવ (તા. ૦૧/૦૭/૨૦૧૫ અને સુધારા ૧૩/૦૬/૨૦૧૬) મુજબનો જ છે. વન વિભાગે ખાતરી આપી છે કે, ભારત સરકાર દ્વારા ગીર ઈકો-સેન્સિટિવ ઝોનનું અંતિમ નોટિફિકેશન બહાર પાડતી વખતે, અરજદાર હિરેન કે. હિરપરાએ કરેલા સૂચનોને ભારત સરકારના ધ્યાન મુકવામાં આવશે, જેથી સ્થાનિક લોકોની ચિંતાઓ કેન્દ્ર સરકાર સુધી પહોંચી શકે. ટૂંકમાં, વન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ઈકો-સેન્સિટિવ ઝોનનો હેતુ પર્યાવરણનું રક્ષણ કરવાનો છે, ખેડૂતો કે સ્થાનિક લોકોના હક્કો છીનવી લેવાનો નથી, અને અમુક પ્રવૃત્તિઓ સાથે સ્થાનિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાય છે.

### ઈકો-સેન્સિટિવ ઝોન શું છે?

ઈકો-સેન્સિટિવ ઝોન એટલે સંરક્ષિત વિસ્તારો (જેમ કે રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યજીવ અભયારણ્યો) ની આસપાસનો ૧૦ કિલોમીટર સુધીનો વિસ્તાર. આ વિસ્તારો પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ હોય છે. આ ઝોનનો મુખ્ય હેતુ સંરક્ષિત વિસ્તારોની આસપાસ અનિયંત્રિત વિકાસને રોકવાનો, પર્યાવરણીય પ્રદૂષણ ઘટાડવાનો અને વન્યજીવોના નિવાસસ્થાનનું રક્ષણ કરવાનો છે. અહીં કેટલીક ચોક્કસ પ્રવૃત્તિઓ પર નિયંત્રણો મૂકવામાં આવે છે.

### શા કારણે તેનો વિરોધ થાય છે?

જમીનના હક્કોનો ડર: સ્થાનિક ખેડૂતો અને જમીન માલિકોને ડર હોય છે કે ઈકોનોમિક ઝોન જાહેર થવાથી તેમની જમીન સરકાર દ્વારા લઈ લેવાશે અથવા તેના પરના તેમના માલિકી હક્કો છીનવાઈ જશે.

વિકાસ પર પ્રતિબંધ: લોકોને ભય હોય છે કે ઈકોનોમિક ઝોન જાહેર થવાથી નવા બાંધકામો, ઉદ્યોગો કે અન્ય વિકાસ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે, જેનાથી આર્થિક વિકાસ અટકી જશે અને રોજગારીની તકો ઘટશે.

રોજીરોટી પર અસર: ઘણા લોકો માને છે કે ઈકોનોમિક ઝોન લાગુ થવાથી તેમની પરંપરાગત ખેતી, પશુપાલન કે અન્ય રોજિંદી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે, જે તેમની રોજીરોટી પર સીધી અસર કરશે.

# કોર્પોરેશન ચૂંટણી પહેલા ભાવનગર ભાજપમાં ભડકો
# મેયરની આત્મવિલોપનની ચીમકીથી ખળભળાટ

## “જો વધુ દબાવવામાં આવશે તો આત્મવિલોપન કરીશ, એ પહેલા ઘણા બધાના રાઝ ખોલી નાખીશ: મેયર ભરતભાઈ બારડ

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાવનગર શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચરમસીમાએ પહોંચ્યા છે. હવે હદ વટી ગઈ હોય તેમ, શહેરના મેયર ભરતભાઈ બારડે વોટ્સએપ ગ્રુપમાં પોતાની સાથે થતા અન્યાય અને તેમને નિશાન બનાવવામાં આવતા હોવા અંગે હૈયા વરાળ ઠાલવી હતી. તેમણે જો તેમને વધુ દબાવવામાં આવશે તો જાહેરમાં આત્મવિલોપન કરવા સુધીની ગંભીર ચીમકી ઉચ્ચારી છે, અને આ પહેલા ઘણા રાજ ખોલવાની પણ ધમકી આપી છે. મેયરની આ પોસ્ટથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને બુધવારે ભાજપના પ્રભારી રત્નાકરજી ભાવનગર આવી રહ્યા છે તે પહેલાં જ આ ભડકો થયો છે.

શહેર ભાજપ અને કોર્પોરેશનમાં છેલ્લા ઘણા સમયથી જૂથવાદ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, જેમાં સંગઠન અને નગરસેવકો સામસામે આવી ગયા છે. ભૂતકાળમાં પણ સંગઠનથી નારાજ નગરસેવકોએ પ્રદેશ કક્ષા સુધી રજૂઆતો કરી હતી. હવે મેયર ભરતભાઈ બારડે ભાજપના સોશિયલ મીડિયા વોટ્સએપ ગ્રુપમાં પોતાની નારાજગી ઠાલવી હતી. તેમણે ૧૯૭૮થી જનસંઘ સાથે જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીની પોતાની નિષ્ઠાવાન કામગીરીનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે તેમને કોઈની લાગવગથી નહીં, પરંતુ પોતાની મહેનતથી મેયરનું પદ મળ્યું છે. આ ઉપરાંત, તેમણે કેટલાક લોકો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવતા હોવા અને સિનિયર કાર્યકરો સાથે અલગ પ્રકારનો વ્યવહાર થતો હોવાની પણ ફરિયાદ કરી હતી.

મેયરના મેસેજ પાછળ અનેક કારણો હોવાનું મનાય છે. તેમાં મુખ્યત્વે લારી-ગલ્લા વિભાગમાં એક ભ્રષ્ટ કર્મચારી સામે મેયરે ફરિયાદ કરતા વિવાદ વકર્યો હોવાનું કહેવાય છે. સામાન્ય પરિવારમાંથી આવતા મેયર ભ્રષ્ટાચાર ન થાય તેવા મતના છે. આ ઉપરાંત, સૌથી ચોંકાવનારી વાત એ છે કે ભાજપના જ એક વોર્ડ પ્રમુખ અને એક મહિલા હોદ્દેદાર દ્વારા મેયરને હનીટ્રેપમાં ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, અને આ ષડયંત્ર પાછળ ભાજપના જ મોટામાથાઓ સામેલ હોવાનું બહાર આવતા મેયર વ્યથિત થયા છે. આ ઘટના બાદ ભાજપના પ્રભારી રત્નાકરજી સમક્ષ ફરિયાદ કરવાના હતા, તે પહેલા જ દબાણ થતા મેયરે આ આવેશપૂર્ણ પોસ્ટ મૂકી હતી. જોકે, રાત્રે ૧૧:૩૦ વાગ્યા આસપાસ આ તમામ પોસ્ટ ગ્રુપ એડમિન દ્વારા તાત્કાલિક ડિલીટ કરી દેવામાં આવી હતી.

મેયર ભરતભાઈ બારડ છેલ્લા ઘણા સમયથી ભાજપના એક ચોક્કસ જૂથની નજરમાં ખટકી રહ્યા છે. બદલીઓ અને કોન્ટ્રાક્ટ સહિતની બાબતોમાં તેમની દખલગીરી એક જૂથને નડતી હોવાથી પ્રથમ નાગરિક હોવા છતાં તેમનું વારંવાર અપમાન થતું હોવાનો તેમને અહેસાસ થઈ રહ્યો છે. કોર્પોરેશનની ચૂંટણીને હવે માત્ર છ મહિના જ બાકી છે ત્યારે, જો મેયર કોઈ મોટો ધડાકો કરશે તો અનેક રાજકીય કારકિર્દીને અસર થઈ શકે છે. આ ઘટના ભાજપ માટે ચૂંટણી પહેલાં એક મોટો પડકાર બની શકે છે.

(પહેલા પાનાનું ચાલું)

### અલકાયદાની મહિલા આતંકી...

મળ્યું કે સમા પરવીન, જે મૂળ જારખંડની રહેવાસી છે, છેલ્લા ત્રણ વર્ષથી બેંગલુરુમાં તેના નાના ભાઈ સાથે રહેતી હતી. તે અપરિણીત અને બેરોજગાર હતી, અને તેની મુખ્ય પ્રવૃત્તિ સોશિયલ મીડિયા પર કટ્ટરવાદી સામગ્રી શેર કરવાની હતી. તેણી ઈન્સ્ટાગ્રામ પર આતંકવાદી સંગઠનોની વિચારધારાને પ્રોત્સાહન આપતી હતી, જેમાં અફઘાનિસ્તાનમાં માર્યા ગયેલા આતંકવાદી નેતા અસીમ ઉમરના ભાષણોનો પણ સમાવેશ થતો હતો.

માત્ર એટલું જ નહીં તેઓ જેહાદ અંગે લિટરેચર ગ્રુપમાં પોસ્ટ કરતા હતા. ઓપરેશન સિંદૂર સમયની કેટલીક પોસ્ટ મળી હતી. ગુજરાત એટીએસએ દિલ્હી, ગુજરાતમાં અરવલ્લી અને ઉત્તર પ્રદેશમાં સક્રિય થયેલા આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકો પર બાજ નજર રાખી હતી. લાંબા સમયથી એટીએસની રડારમાં હતાં. તપાસ દરમિયાન ગુજરાતના અરવલ્લીમાંથી બે અને દિલ્હીના નોઈડા અને ઉત્તર પ્રદેશથી એક-એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે.

### જમ્મુ-કાશ્મીરના પૂંછમાં...

સર્ચ ઓપરેશન શરૂ કર્યું. ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા આતંકવાદીઓ પાકિસ્તાનથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અથડામણ પછી આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન વધુ તેજ કરવામાં આવ્યું છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે કોઈ અન્ય આતંકવાદી આ વિસ્તારમાં છુપાયેલો ન હોય.

### રશિયામાં ભૂકંપ...

ભારતીય સમય મુજબ સવારે ૪.૫૪ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

રશિયા, જાપાન અને અમેરિકા ત્રણેય દેશોમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયું છે ત્યારે જાપાનમાં ૧૬ જગ્યાએ સુનામીની જાણે એન્ટ્રી થઈ ગઈ હોય તેવા અહેવાલ છે.

જાપાનમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયા બાદથી લોકો ધાબે ચઢી ગયા હતા. લોકોને ઈમારત પર ઊભેલા વીડિયો જોઈ શકાય છે. પેસિફિક વોર્નિંગ સેન્ટર કહે છે કે હવાઈ, ચિલી અને જાપાન તથા સોલોમન ટાપુ પર સુનામીની સ્થિતિ સર્જાઈ છે. જાપાનમાં ૧૬ જગ્યાએ સુનામીએ દસ્તક આપી છે. આ દરમિયાન સમુદ્રમાં ૪૦ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. ઈશિનોમાકી પોર્ટ પર સમુદ્રમાં પચાસ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. જાપાના હોક્કાઈદોમાં પણ સુનામીની લહેરો જોવા મળી હતી.

કામચટકામાં ૪ મીટર ઊંચાં સુનામીનાં મોજાં ઊછળ્યાં છે. આના કારણે ઘણી ઈમારતોને નુકસાન થયું છે.

### આઈસીએઆઈ...

ઉમેરાયું છે.“અંશકાલિક પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાર્ટનરને ફર્મના ટેક્સ ઓડિટ અસાઈનમેન્ટની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં નહીં આવે,“ નોટિફિકેશનમાં જણાવાયું છે.

### ઓનલાઈન બઠાંતરી...

જ્યોર્જિયાનો એલેક્સી સ્કાચકોવ હતો જે બનાવટી દસ્તાવેજ અને દાગીનાની ચોરીનો ગુનાહિત ઈતિહાસ ધરાવતો હતો. જ્યારે માસ્ટરમાઈન્ડ યુક્રેનમાં જન્મેલા અમેરિકન વ્લાદિમીર સ્કલારોવ, “ગ્રેગરી મિશેલ“ તરીકે ઓળખાતો હતો. “માર્ક સિમોન બેન્ટલી“ જેવા ઉપનામોનો ઉપયોગ કરનાર સ્કલારોવ વર્ષ ૧૯૯૦માં ૧૮ મિલિયન ડોલરના મેડિકેર કૌભાંડમાં પણ શામેલ હતો.

અહેવાલ મુજબ સ્કલારોવના જૂથે સેલિનાસ પ્લિગોના ૪૦૦ મિલિયન ડોલરના ગ્રુપો ઈલેક્ટ્રા શેર વેચી દીધા હતા. જેના કારણે જુલાઈ ૨૦૨૪ માં શેરમાં ૭૧% ઘટાડો થયો હતો, તેની સંપત્તિમાંથી ૫.૫ બિલિયન ડોલર અને ઈલેક્ટ્રાનું બજાર મૂલ્ય ૪ બિલિયન ડોલર ઘટી ગયું હતું. મારી સાથે આટલી મોટી ઠગાઈ થઈ અને મને સહેજ શંકા પણ ન ઉદભવી તેના માટે હું મારી જાતને મૂર્ખ ગણું છું તેવું ૬૯ વર્ષીય સેલિનાસ પ્લિગોએ જણાવ્યું હતું.

કરન્સી દ્વારા ટાંકવામાં આવેલા પ્રોપર્ટી રેકોર્ડ્સ અનુસાર આ ઠગાઈમાંથી મેળવવામાં આવેલી રકમનો લક્ઝરી રિયલ એસ્ટેટમાં ભંડોળ તરીકે ઉપયોગ કરાયો હતો. જેમાં ૬.૪૫ મિલિયન ડોલરનું ન્યૂ યોર્ક પેન્ટહાઉસ, ૨.૬૭ મિલિયન ડોલરનું વર્જિનિયા મેન્શન, ૬ મિલિયન ડોલરનું ફ્રેન્ચ શેટો અને ગ્રીક વિલાનો સમાવેશ થાય છે. ૨૦૨૧ માં જ્યારે સેલિનાસ પ્લિગોની ટીમે ઈલેક્ટ્રા શેરમાં અસામાન્ય ટ્રેડિંગ જોયું ત્યારે ચેતવણીના સંકેતો ઉભરી આવ્યા હતા પરંતુ એસ્ટર કેપિટલ તરફથી મળેલી ખાતરી, જેમાં કાયદેસર દેખાતી ન્યૂ યોર્ક ઓફિસોની મુલાકાતોનો સમાવેશ થાય છે, તેના કારણે કાર્યવાહીમાં વિલંબ થયો હતો. જુલાઈ ૨૦૨૪ માં જ્યારે સેલિનાસ પ્લિગોએ લોન પ્રીપે કરવાનો પ્રયાસ કર્યો ત્યારે એસ્ટર કેપિટલે ડિફોલ્ટ નોટિસ જારી કરી હતી.

સેલિનાસ પ્લિગો એક વ્યાપક કૌભાંડના ભોગ બનનાર પીડિતો પૈકી એક હતા. જેમાં સ્કલારોવ કથિત રીતે યુ.એસ., યુકે અને એશિયામાં દેવાદારો પાસેથી ૭૫૦ મિલિયન ડોલરના સ્ટોકને નિયંત્રિત કરતો હતો.

### કર્ણાટક કોંગ્રેસમાં કકળાટ...

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન અંગે ચર્ચા કરવા માટે ધારાસભ્યોને મળી રહ્યા હતા, ત્યારે તેઓ ટૂંક સમય માટે મુખ્યમંત્રીની બેઠકમાં હાજર રહ્યા હતા અને સિદ્ધારમૈયા સાથે ચર્ચા કરી હતી. આ વિરોધ પ્રદર્શનનો હેતુ બેંગલુરુ સેન્ટ્રલ અને બેંગલુરુ ગ્રામીણ લોકસભા મતવિસ્તારમાં કથિત મતદાન છેતરપિંડી પર ધ્યાન દોરવાનો છે.આ ઘટનાક્રમ વચ્ચે, ડીકે શિવકુમારે બેંગલુરુ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ધારાસભ્યો સાથે એક અલગ બેઠક બોલાવવાની યોજના જાહેર કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, “મુખ્યમંત્રી દ્વારા ધારાસભ્યોને મળવાથી મને કોઈ વાંધો નથી. હું ધારાસભ્યો સાથે એક અલગ બેઠક યોજીશ...“ કર્ણાટક કોંગ્રેસમાં આંતરિક અશાંતિ અને જૂથવાદ ચરમસીમા પર છે, જે આગામી સમયમાં પક્ષ માટે પડકારરૂપ બની શકે છે.

### રાજસ્થાન...

રહ્યા છે. હાઈકમાન્ડે પણ રાજસ્થાનમા નેતૃત્વ પરિવર્તન કરવાનો મુડ બનાવી લીધો હોય તેવું લાગી રહ્યું છે. બે દિવસ પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના કદાવર નેતા વસુંધરા રાજેને હાઈકમાન્ડે દિલ્હી બોલાવ્યા હતા. તેઓની સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ મીનીટ સુધી બંધ બારણે બેઠક યોજી હતી.

ત્યારબાદ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે પણ વડાપ્રધાને બેઠક કરી હોવાનું ચર્ચાય રહ્યું છે. આગામી દિવસોમાં રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તન અંગે મોટો નિર્ણય ભાજપ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવી શકે છે. વસુંધરા રાજેને ફરી રાજસ્થાનની ગાદી સોંપી દેવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

### ટ્રમ્પ...

સ્પષ્ટતા કરી કે ટેરિફ દરો હજુ નક્કી થયા નથી કારણ કે વાતચીત ચાલી રહી છે. ટ્રમ્પની ટિપ્પણી ૧ ઓગસ્ટ, ૨૦૨૫ ની પારસ્પરિક ટેરિફ સમયમર્યાદાના બે દિવસ પહેલા આવી હતી. થોડા સમય પહેલા, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ભારત સાથે કરારની 'નજીક' થઈ રહ્યું છે. જોકે, સમયમર્યાદા પહેલાં વચગાળાના વેપાર કરારની જાહેરાત થવાની શક્યતા હાલમાં અશક્ય લાગે છે.

અગાઉ, અહેવાલ આવ્યો હતો કે ભારત ૨૦-૨૫% ના કામચલાઉ પારસ્પરિક ટેરિફ દરનો સામનો કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતીય સરકારી અધિકારીઓને ટાંકીને, સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે વચગાળાની વ્યવસ્થા તરીકે, ભારતને કેટલાક માલની નિકાસ પર અમેરિકા દ્વારા વધારાવામાં આવેલા ટેરિફનો સામનો કરવો પડી શકે છે. આનો સીધો અર્થ એ છે કે ભારત હવે યુએસ ટેરિફની અસરનો સામનો કરવા માટે પોતાને તૈયાર કરી રહ્યું છે.

જોકે, બંને દેશો આ ખરાબ પરિસ્થિતિને ટાળવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે વેપાર વાટાઘાટો સતત આગળ વધી રહી છે. ઓગસ્ટના મધ્ય સુધીમાં એક પ્રતિનિધિમંડળ દિલ્હી પહોંચવાની અપેક્ષા છે. વાટાઘાટો સાથે સંકળાયેલા એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, 'અત્યાર સુધી યોજાયેલી વેપાર વાટાઘાટોના પાંચ રાઉન્ડને જોતાં, અમે માનીએ છીએ કે આ એક કામચલાઉ પગલું હશે. ટૂંક સમયમાં કામચલાઉ કરારની અપેક્ષા છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### છેતરપિંડી...

કરવા માટે જણાવેલ હતું. તેમને ઉંચું વળતર આપવાનું પાકુ આશ્વાસન આપેલ જેથી તેમની સાથે ગત તા.૦૬/૦૫/૨૦૨૪ ના સાંજના સમયે ઘર પાસે મુલાકાત કરેલ હતી. ત્યારબાદ સારા વળતરની લાલચ, પ્રલોભન આપીને સંપુર્ણ વિશ્વાસમાં લઈ લેતા તેઓએ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ નેટ બેંકિંગથી રૂ.૪૮૫૦૦ આરોપીના ખાતામાં આપેલા હતા.

ત્યારબાદ રોહિતને તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રૂ.૨૦,૨૫૦ નેટ બેંકિંગથી આપેલા હતા. જેથી તેઓએ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રૂ.૮૦,૫૦૦ મુળ રકમ અને નફા સાથે પરત આપીને વિશ્વાસમાં લઈ લેતા તેઓના ખાતામાં કુલ મળી રૂ.૧૫,૨૧,૨૫૦ બેંક મારફતે તેના ખાતામાં ટ્રાંસફર કરી જમા કરેલ હતા. તેમજ તેમને કટકે કટકે રોકડા રૂ.૧૧,૬૪,૦૦૦ તેમની પુરેપેરી કમાણીના રૂપીયા તેઓને આપી દિધેલ હતા, જેના બદલામાં આરોપીએ કુલ રૂ.૧૪.૫૨ લાખ પરત બેંક મારફત આપેલ હતા, તે સિવાયના મુળ રકમ જમા કરેલ તે પૈકીના બાકી કુલ રૂ. ૧૨,૩૩,૨૫૦ આજ સુધી પરત આપેલ નથી.

તેમજ નફાની નિકળી રકમના રૂપીયા પણ પરત આપેલ નથી, ફરીયાદીએ તેમના પત્નિ કવિતાબેન કલ્પેશભાઈ બુસાને પણ આ બાબતે સમજાવી નફો મળશે તેવું આશ્વાસન મળેલ હોય, જેથી તેઓએ પત્નિની મંજુરીથી તેના બેંક ખાતામાંથી રૂ.૧૨.૦૫ લાખ રોહીત રોરીયાના ખાતામાં જમાં કરાવેલ હતા, જેના બદલામાં રૂ.૭.૩૩ લાખ પરત બેંક મારફત આપેલ હતા, તે સિવાયના મુળ રકમ જમા કરેલ તે પૈકીના બાકી રહેલ રકમ કુલ રૂ.૪,૭૨,૨૦૦ આજ સુધી પરત આપેલ નથી, તેમજ નફાની નિકળી રકમના રૂપીયા પણ તેમના પત્નિને પરત આપેલ ન હતી.

જે બાબતે રોહીત રોરીયાનો ચાલુ વર્ષના ફેબ્રુઆરી માસમાં કોઈ કોન્ટેક્ટ ન થતા અને તેઓ ફોન પણ રીસીવ ન કરતા હોય, જેથી કૌશિકભાઈ સોનેજીને ફોન કરતા તેઓએ પણ જણાવેલ કે, આ રોહીત રોરીયા તમારી તથા મારા જેવા ઘણા બધા લોકોના આવી રીતે આઈપીઓ ભરવાના નામે રોકાણ કરવાના બહાને સૌપ્રથમ ધવલભાઈ મહેતાના કોન્ટેક્ટમાં આવતા તેઓએ તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ ટ્રાંજેક્શન રૂ.૫૦ હજારનું કરેલ હતુ, તેમજ છેલ્લે તા.૩૧/૦૧/૨૦૨૫ ના દલસુખભાઈ ગોંડલીયાએ નેટ બેકીંગથી પેમેન્ટ કરેલ હતું, તેમ જાણવા મળેલ છે. ત્યારબાદ દલસુખભાઈ ગોંડલીયા સાથે તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ છેલ્લે ફોનથી વાતચીત થયેલ હતી, ત્યારબાદ ઘણા બધા માણસોએ તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતા તે નાશી જતા ઘણી બધી રકમ લઈને ફરાર થઈ ગયેલ છે.

જેથી આરોપીએ ફરીયાદી અને અન્ય ૪૮ લોકો સાથે આઈપીઓ ભરવાના બહાને રોકાણ કરવાનું કહીને સારૂ એવું વળતર મળશે તેવો વિશ્વાસ આપીને બેંક મારફતે તથા રોકડા રૂપીયા લઈ રોકાણકારોને અમુક વળતર પેટે રૂપીયા પરત આપીને રોકાણકારોને વધુ નફો આપશે તેવું કહી રોકાણકારો સાથે રૂ. ૪,૪૬,૮૫,૦૨૮ જેટલી મોટી રકમની છેતરપીંડી કરી નાના રોકાણાકરોને મોટું આર્થિક નુકશાન કરી રૂપીયા ઓળવી જતા ફરીયાદ નોંધાવી હતી.

બના અંગેની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસની ટીમે ગુનો નોંધી પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે તપાસ હાથ ધરી હતી.

### રોકાણકારો...

(રહે. અમદાવાદ) ના રૂ.૪૭,૭૧,૫૩૫, શ્ર્વેતાબેન રૂતુલભાઈ લ શાહ, (રહે.અમદાવાદ) ના રૂ. ૫૩,૪૪,૫૦૦, મુકેશભાઈ ગોવિંદભાઈ ભાલાળા (રહે.અમદાવાદ) ના રૂ. ૧૧,૦૨,૨૫૦, મનિષાબેન મુકેશભાઈ ભાલાળા, (રહે.અમદાવાદ) ના રૂ. ૧.૩૮ લાખ, સુર્યા ઓમપ્રકાશ છાબરીયા (રહે.અમદાવાદ) ના રૂ. ૧૪,૦૧,૫૦૦, હેમાંલીબેન જીજ્ઞેશભાઈ મનહરલાલ શાહ (રહે.અમદાવાદ) ના રૂ. ૨૬,૧૧,૫૪૦, દેવ જીજ્ઞેશભાઈ શાહના ૧,૧૩,૨૯૦, જીનલબેન જીજ્ઞેશભાઈ શાહ, (રહે. અમદાવાદ)ના ૪,૨૯,૦૭૫, મુકેશભાઈ જયંતીલાલ શાહ(અમદાવાદ)ના ૭,૫૮,૫૦૦, તરૂણભાઈ હસમુખરાય શાહ(અમદાવાદ)ના ૫૮ હજાર, મિશિતભાઈ શાહ (રહે. અમદાવાદ)ના ૧,૬૭,૫૦૦, તનયભાઈ અશ્વિનભાઈ શાહ, (રહે. ભીવંડી, મુંબઈ)ના ૫,૭૦,૮૦૦, અશ્વિનભાઈ વિરચંદભાઈ શાહ (રહે.મુંબઈ)ના ૩.૯૦ લાખ, દક્ષેશભાઈ અરવિંદભાઈ મણીયાર(રહે.અમદાવાદ)ના ૧.૪૫ લાખ, ચિંતનભાઈ ઘનશ્યામભાઈ પટેલ, (રહે અમદાવાદ)ના રૂ.૭,૦૨,૭૫૦, ગૌતમભાઈ લાલજીભાઈ કાસુંદ્રા (રહે, અમદાવાદ)ના રૂ. ૩,૧૬,૭૫૦, પાયલબેન ધનવંતરાય વાલેરા (રહે. જામનગર)ના રૂ. ૩૧,૧૬,૬૨૫, હિમાંશુભાઈ રાજેન્દ્રભાઈ જાદવ (રહે. ગોંડલ) ના ૯૭,૫૦૦, દિપકભાઈ કલાભાઈ વાવડીયા (રહે. નારણકા ગામ, કોટડા સાંગાણી)ના રૂ. ૧,૨૭,૩૭૫, હરીકિશનભાઈ મધુકરભાઈ ગરાચ, ( રહે. બોટાદ)ના રૂ. ૨૭,૮૦,૬૨૫, રણજીતભાઈ શક્તિદાન ગઢવી, (રહે.રાજકોટ)ના રૂ. ૫.૦૫ લાખ, ગીરીશભાઈ નટવરલાલ કોટક (રહે.રાજકોટ)ના રૂ. ૨,૨૪,૭૫૦, વીણાબેન ગીરીશભાઈ કોટક,( રહે. રાજકોટ)ના રૂ. ૨,૨૩,૭૫૦ અને ભીમશીભાઈ નથુભાઈ ચંદ્રાવાડીયા (રહે. જુનાગઢ) રૂ. ૩.૭૮ લાખ ફસાયા છે.

### ગોધરાકાંડ...

પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. એક અપીલકર્તાનું ૨૦૦૯ માં અવસાન થયું હતું.

ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ, ત્રણ દોષિતો ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરા સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસ ટ્રેન ઘટનાના એક દિવસ પછી આણંદમાં ભેગા થયેલા ટોળાનો ભાગ હતા.

બોમ્બે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશનું ઉલ્લંઘન કરીને ભીડે કથિત રીતે દુકાનોને નુકસાન પહોંચાડ્યું હતું અને આગ લગાવી હતી.

હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયો કે અપીલકર્તાઓ ગેરકાયદેસર સભાના સભ્યો હતા કે નહીં અને આગચંપીમાં તેમની સંડોવણી હતી. સામાન્ય ઉદ્દેશ્ય - વસ્તુઓને આગ લગાડવા અને ખાનગી અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવામાં તેમની ભૂમિકા ટ્રાયલ દરમિયાન સાબિત થઈ નથી તેવું હાઈકોર્ટએ નોંધ્યું હતું.

આ કેસ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરામાં સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચને સળગાવી દેવામાં આવ્યા બાદ ૫૯ લોકોના મોતથી ઉદભવ્યો હતો. જેના કારણે ગુજરાતમાં રમખાણો ફાટી નીકળ્યા હતા.

### ડુપ્લીકેટ સ્યુરીયસ દવાઓ...

અમરાઈવાડી, અમદાવાદ વટવા, અમદાવાદ ખાતેથી રૂ. ૧૨ લાખની કિંમતનો સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાનો જથ્થો તેમજ પાર્થ જગદીશભાઈ જોષીની મે. પારસ કેમિસ્ટ, દુકાન નં- ૫, પ્રથમ માળ, કાંતા એસ્ટેટ, ધાર્મિક એપાર્ટમેન્ટની સામે, ચાંમુડાનગર નજીક, બાપુનગર, અમદાવાદ ખાતેથી સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓ પકડી પાડવામાં આવી હતી.

કમિશનર ડો. એચ. જી. કોશીયાએ ઉમેર્યું કે, વડોદરા ખાતે ઓલકેર મેડિસિન્સના માલિક કિરણ ઠક્કરની દુકાનમાંથી વડોદરાની ટીમ દ્વારા ૧૧૫ સ્ટ્રીપ દવાઓ, સુરત ખાતે શીવાય મેડીકો, કતારગામના માલિક પ્રજાપતિ ગૌરવ બાબુલાલને ત્યાંથી ૧૩૬ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ તેમજ રાજકોટ ખાતે મે. નિર્મલ મેડિકલ એજન્સી, મોટી ટાંકી ચોક, રાજકોટની પેઢીના માલિક જીગ્નેશ વઘાસીયાને ત્યાંથી ૩૨ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ પકડવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ શહેરની અન્ય જગ્યાઓ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેથી વેચાણ થયેલ જગ્યાઓએ પણ દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે, એફડીસીએ તંત્ર દ્વારા ટોરેન્ટ ફાર્માની લીડીંગ પ્રોડક્ટ કાયમોરલ ફોર્ટ, ગ્લેક્સો કંપનીની ઓગમેન્ટીન, ઈપ્કા કંપનીની ઝેરોડોલ એસપી, બાયોસ્વીફ્ટ કંપનીની સીફીકઝેમ, પ્રીવોક્સો કંપનીની ડાયકલો પેરા અન્ય રાજ્યોમાંથી આવતી સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓ પકડી પાડવામાં આવી હતી, આ દવાઓમાં પ્રાથમિક દ્રષ્ટીએ ચોકનો પાવડર હોવાનું તેમજ વગર બીલે ૫૦ ટકા ભાવમાં અન્ય રાજ્યમાંથી રોકડેથી ખરીદ કરી માર્કેટમાં વેચતાં હોવાનું માલૂમ પડ્યું હતું, જેની વધુ તપાસ ચાલી રહી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં સુરત ખાતે ઓનલાઇન મીસો પર વેચાણ કરતી નકલી બનાવટી કોસ્મેટિક ઉત્પાદન કરતી પેઢી દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ ખાતે સન ફાર્માની ડુપ્લિકેટ લેવીપીલ ૫૦૦ ટેબલેટનું વેચાણ પણ અગાઉ પકડી પડ્યું હતું. આમ, વિવિધ પેઢીઓ પર પાડેલ દરોડાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર અને ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા ઈસમોમાં ફફડાટ ફેલાઈ રહ્યો છે.

### વરસાદ...

એમસીએફટી પાણી સંગ્રહિત છે. ૪૫૪.૯૮ ફૂટની ઉંડાઈ ધરાવતા ડેમની સપાટી હાલ ૪૧૬.૭૬ ફૂટે પહોચી જવા પામી છે. ડેમમાં ૧૪૭૯૪૯ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ૩૫૨૨૨ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. જયારે રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩૬૧૭૭૮ એમસીએફટી પાણી સંગ્રહિત છે જે કુલ સંગ્રહ શકિતના ૬૪.૮૨ ટકા જેવી થવા પામે છે. ૫૧ ડેમો હા, એલર્ટ પર છે.

સૌરાષ્ટ્રમાં હવે વરસાદની ખેંચ વર્તાય રહી છે. જો મેઘરાજા મહેર નહી કરે તો વાવણી નિષ્ફળ જવાની પણ ભીતિ રહેલી છે.

### જય-વિરૂ...

વિરતાપૂર્ણ લડાઈ બાદ, જય પણ આપણને છોડીને જતો રહ્યો. જય-વીરૂની અદ્દ્ભૂત જોડીની હાજરી જેણે માણી છે કે તેમના લગાવની વાતો સાંભળી છે તે દરેક વન્યજીવ પ્રેમી માટે આ વ્યક્તિગત ખોટ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમની તાજેતરની ગીર મુલાકાત દરમિયાન જય અને વીરૂની રાજસ્વી જોડીને નિહાળી હતી. તેમની ગેરહાજરીમાં ગીર હવે પહેલાં જેવું નહીં રહે. લીજેન્ડ્સ વિસરાઈ જાય, પરંતુ તેમણે જ્યાં સાથે મળીને રાજ કર્યું હતું તે જંગમાં તેમના આત્માનો અવાજ સદા ગૂંજતો રહેશે.

ગીરના હ્રદ્યમાં, જય અને વીરુની વાતોએ તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની જોડી હિન્દી સિનેમા જગતની મશહૂર ફિલ્મ શોલેની આઈકોનિક જોડી સાથે સરખામણી પામે તેવી છે. આ ફિલ્મના પાત્રોની જેમ જ આ વાસ્તવિક જોડીએ પણ એક-મેકથી અલગ નહીં થવાની અને સદાય સાથે રહેવાની ભાવના દર્શાવતી હતી. ગીરના વન્યજીવ પ્રેમીઓ ગીરના જંગલની અજેય અને નિર્ભય જોડી જય અને વીરુના સાહસોની અનેક કથાઓ વાગોળે છે. ક્યારેક થતાં પ્રાસંગિક નાનાં-અમથાં ઝગડાઓ કે હૂંસાતૂંસીને બાદ કરતાં, તેમની જોડી અતૂટ રહી, જે તેમની એકબીજા પ્રત્યેની વફાદારીને દર્શાવે છે જેના કારણે તેઓ મલાણકા, કેનેડીપુર, નતળિયા, ઈટાડી, લીમધ્રા અને કાસીયામાં પોતાનું સામ્રાજ્ય ફેલાવી શક્યા.

તેમની રહસ્યમયી ડણક દોસ્તીના શાશ્વત પ્રતિજ્ઞાનાં પ્રતિક સમા સ્તુતિગાન યે દોસ્તી હમ નહીં તોડેગેં છોડેગેં દમ મગર તેરા સાથ ન છોડેગેંને પ્રતિબિંબિત કરતી હતી. જો તમે ગીરમાં ગયા હોય અને જય-વીરુને ન જોયા હોય તો તમે જંગલના આત્માને ચૂકી ગયા કહેવાય? ગિરમાં જય-વિરૂને નથી જોયા તો કશું નથી જોયું. ગીર હંમેશા દંતકથારૂપ જોડીનું અભયારણ્ય રહ્યું છે. જય અને વીરૂ પહેલાં, આ જંગલમાં ધરમ-વીરની જોડી હતી, જેની ભાઈબંધીની ગાથા આજે પણ ગવાય છે.

## દુ:ખદ અવસાન

### સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**કુવાડવા:** સ્વ. કંચનબેન તથા સ્વ. છેલશંકર ઘેલારામ પંડયાના પુત્ર, પ્રફુલભાઈ, અરૂણભાઈ, જયોત્સનાબેન, કુંદનબેન, પરેશભાઈના ભાઈ, સુરેશભાઈ છેલશંકર પંડયા (ઉ.વ.૫૯) નું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન લોહાણા મહાજન વાડી કુવાડવા ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગુર્જર સુથાર વાસંતીબેન (ઉ.વ.૮૦) તે અનંતરાય જમનાદાસ સાંકડેચા (મોટા ડેલાવાળા)ના પત્ની, ધર્મેશભાઈ, પ્રજ્ઞેશભાઈ, હેમાક્ષીબેન મહેન્દ્રકુમાર બદ્રકિયાના માતાનું તા. ૨૭ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બન્ને પક્ષનું બેસણું તા. ૩૧ ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ સુધી વિશ્વકર્મા કેળવણી મંડળ, ભકિતનગર સ્ટેશન પ્લોટ નં. ૭/૧૦ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ઈલાબેન ભગવાનજીભાઈ સંઘરાજકા (ઉ.વ.૬૯) તે સ્વ. ભગવાનજીભાઈ મકનજીભાઈ સંઘરાજકાની પુત્રી, સ્વ. જયોત્સનાબેન બી. દેસાઈ, વિદ્યુતબેન પી. કોટેચા, સ્વ. હીનાબેન એસ. મહેતા, ભરતભાઈ બી. સંઘરાજકાના બહેનનું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૩૧ ને ગુરુવારને રોજ સવારે ૧૧ વાગ્યે દિગંબર જૈન મંદિર, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ ટંકારા નિવાસી હાલ રાજકોટ ગુણવંતરાય ઉમિયાશંકર જાની (ઉ.વ.૯૫) તે સ્વ. સૂર્યશંકર યુ. જાની, સ્વ. જયંતિલાલ યુ. જાની, સ્વ. ધીરજલાલ યુ. જાની, સ્વ. હસમુખરાય યુ.જાની, રમણીકલાલ યુ. જાનીના ભાઈ, આશિષકુમાર પંડયાના સસરા, પરેશ, નીતીન, ચેતનના પિતાનું તા ૨૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ જાગૃતિ હોલ ભોમેશ્વર મહાદેવ મંદિર પાસે જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


**રાજકોટ :** લોહાણા મહિલા વિકાસ ગૃહના નિવૃત શિક્ષિકા અનસુયાબેન જોષી (ઉ.વ.૭૫ નવદૂર્ગા ગરબી મંડળ, કોલેજવાડીના પુર્વ સંચાલક)તે શ્રીનાથભાઈ એન. જોષીના પુત્રી તે મહેશભાઈ જોષી (અધિક સરકારી વકીલ), મનિષભાઈ તથા દુષ્યંતભાઈ જોષીના ફૈબાનું તા.૨૯/૭ના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૩૧/૭ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ તેમના નિવાસસ્થાન સુશીલ નિવાસ, ૧- કોલેજવાડી, કોટક ગર્લ્સ સ્કૂલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**પોરબંદર:** ધ્વનીબેન શરદભાઈ મહુધિયા (ઉ.વ.૩૧) મૂળ માંગરોળ હાલ પોરબંદર, તે શરદભાઈ ભાસ્કરભાઈ મહુધિયા, નિશાબેન (નલિનીબેન) ના પુત્રી, માર્ગી શરદભાઈ મહુધિયાના બહેન, પ્રીતિબેન સુનિલભાઈ વોરા(અમદાવાદ) ના ભત્રીજી, કૌમુદીબેન જગદીશભાઈ વસાવડા, મંજરીબેન હેમેન્દ્રભાઈ માંકડ ના ભાણેજનું તા.૨૬ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થના સભા તા. ૧-૮ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ બજરંગ વાડી માંગરોળ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### ઓપરેશન 'સિંદૂર' જગત જમાદારના પટ્ટા ઉતારી લીધા

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું પાક. મોટો હુમલો કરશે, મેં કહ્યું ગોળીનો જવાબ ગોળાથી મળશેઃ મોદી



**અબતક,રાજકોટ**

જમ્મુ-કાશ્મીરનાં પહલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા નિર્દોષ પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ આતંકવાદીઓને ઝેર કરવા માટે ભારત દ્વારા ઓપરેશન સિંદુર શરૂ કરવામાં આવ્યું હતુ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ

ઘટનાની સજા તેમના આકાઓને પણ મળશે. કલ્પનાથી પણ મોટી સજા મળી છે,૨૨ એપ્રિલે હું વિદેશ હતો તાત્કાલિક આવ્યો અને આવ્યા પછી બેઠક બોલાવી તેમા મે સ્પષ્ટ નિર્દેશ

કરી ન શક્યુ. ૨૨ મિનિટમા ૨૨ એપ્રિલનો બદલો નિર્ધારીત લક્ષ્ય સાથે અમારી સેનાએ બદલો લીધો

પાકિસ્તાનના ખૂણે ખૂણે રહેલા આતંકી સેન્ટરોનો સફાયો કર્યો

પાકિસ્તાનની ન્યુકલીયર ધમકીને ખોટી સાબિત કરી દીધી

ભારતે સાબિત કર્યુ કે ન્યુકલીયર બ્લેકમેલિંગ હવે નહી ચાલે અને આવી ધમકી સામે ભારત નમશે નહી

ભારતે તેની ટેકનિકલ ક્ષમતા બતાવ,પાકિસ્તાનની છાતી પર સચોટ પ્રહાર કર્યો પાકિસ્તાન એરબેસને નુકશાન પહોંચાડ્યુ અને આજે પણ તેમના ઘણા એરબેસ આઈસીયુમા છે. પાછલા દસ વર્ષમા ભારતે જે તૈયારી કરી હતી જો તે ન થઈ હોત તો આ ટેકનિકલ યુગમા

ઓપરેશન સિંદુરે બતાવ્યુ કે ભારતમા આંતંકી હુમલાથી તેમના આકા અને પાકિસ્તાનને ભારી કિમંત ચુકવવી પડશે જો ભારત પર આતંકી હુમલો થયો તો ભારત તેની રીતે તેના સમયે તેની શરતે જવાબ આપીને રહેશે બીજુ કોઈ પણ ન્યુકલીયર બ્લેકમેલ નહી ચાલે

ત્રીજુ અમે આતંકના આકાઓ અને તેમની સરકારને અલગ નહી જોઈએ દુનિયામા કોઈ પણ દેશે ભારતને સુરક્ષામા કાર્યવાહી કરવામાં રોક્યુ નથી ફકત ૩ દેશોએ ઓપરેશન સિંદુર વિરુદ્ધ નિવેદન આપ્યુ હતું બાકી સમગ્ર દેશોએ ભારતને સમર્થન આપ્યું આપણને દુનિયાના દેશોનુ સમર્થન મળ્યુ પણ દુરભાગ્ય છે કે દેશના વિરોના પરાક્રમને કોંગ્રેસનુ

લાગી ગયા હતા.

સર્જીકલ સ્ટ્રાઈક થઈ ત્યારે સેનાએ લક્ષ્ય નક્કી કર્યુ હતું કે આતંકીઓના લોન્ચિંગ પેડ નષ્ટ કરીશુ અને સેનાએ કામ સફળતા પુર્વક કર્યુ બાલાકોટ એરસ્ટ્રાઈક વખતે લક્ષ્ય નકીક હતુ કે આતંકીઓના ટ્રેનિગ સેન્ટર નાશ કરીશુ અને તે પણ કર્યુ ઓપરેશન સિંદર સમયે લક્ષ્ય નક્કી હતુ કે આતંકીઓના એપી સેન્ટર અને પહલગામના આતંકીઓને ટ્રેનિગ સેન્ટર પર હુમલો કર્યો

કેટલાક લોકો હાથેકરી કેટલીક વાતો ભુલવામા રસ રાખે છે દેશ ભુલતો નથી તેને યાદ હોય છે.

ભારતનું લક્ષ્ય હતું આતંકીઓના સેન્ટરને નાશ કરવાનું

પાકિસ્તાને આંતકીઓની મદદ

પહેલાથી મોટો હોય છે

લોકતંત્રના મંદિરમા કહેવા માગુછુ કે ઓપરેશન સિંદુર ચાલુ છે. પાકિસ્તાને દુશાહસની કલ્પના કરી તો તેને જવાબ અપાશે આજનુ ભારત આત્મવિશ્વાસ થી ભરેલુ છે આજનુ ભારત આત્મનિર્ભરતાના મંત્રથી શકિતથી આગળ વધી રહ્યુ છે દુર્ભાગ્યિથી કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટીઓ પાકિસ્તાનના પ્રોપોગેન્ડાના પ્રવકતા બની ગયા છે.

દેશની સેનાએ સર્જીકલ સ્ટ્રાઈક કરી તો તરત કોંગ્રેસે સેના પાસેથી સબુત માગ્યા હતા

બાલાકોટમા સેનાએ એરસ્ટ્રાઈક કરી તેમા કોંગ્રેસે ન કહ્યુ કે અમે પણ કરી હતી પણ ફોટા માગ્યા હતા

આતંકવાદીઓના આકા અને

દ્વાર કર્યા

વિપક્ષ પુછે છે કે કાલે જ કેમ કરવામા આવ્યુ તેમ વિપક્ષ સવાલ કરે છે તો શું તેમના માટે શ્રાવણ મહિનાનો સોમવારની રાહ જોવાઈ

હતાશા અને નિરાશા આટલા બધી

જયારે સિમા પર સેના મજબૂત હોય ત્યારે જ લોકતંત્ર મજબૂત બને

ઓપરેશન સિંદુર પાછલા વર્ષોમા ભારતની સેનાનુ સશક્તિકરણનુ પરિણામ છે

કોંગ્રેસના સાશન દરમિયાન સેનાને આત્મનિર્ભર બનાવવાનુ વિચારપણ કરવામા નોતો આવતો

હર રક્ષા સોદામા કોંગ્રેસ તેની તક જોતી હતી

નાના હથિયારોમા વિદેશ પર

દેશનુ અહિત કરાનાર કરાર આગળ નહી વધે ભારતે નક્કી કર્યુ છે કે ખૂન અને પાણી સાથે નહી વહે

આતંકવાદ પર લાબી વાતો કરે છે સત્તામા હતા ત્યારે દેશની સ્થિતિ શુ હતી તે આજે પણ દેશ ભુલ્યો નથી ૨૦૧૪ પહેલા દેશમા અસુરક્ષાનુ વાતાવરણ હતુ તે આજે યાદ કરે છે તોલોકો ડરી જાય છે નવી પેઢીના બાળકોને ખબર નથી બધે જાહેરાતો થતી કે કોઈ લાવારીઝ વસ્તુ દેખાય તો અડવુ નહી તે બોમ્બ હોય શકે

આતંકવાદ પર રોક લાગવી શકાત અમારી સરકારે ૧૧ વર્ષમા કરી બતાવ્યુ તે સબુત છે

૨૦૦૪ થી ૨૦૧૪ સુધી આતંકવાદની ઘટન ઓછી થઈ છે

અમારી સરકાર આતંકવાદ સામે

## ભારતે આકાશમાં એકજ દિવસમાં પાકિસ્તાનના ૧૦૦૦ ડ્રોન નષ્ટ કરી દીધાઃ આ નવુ આત્મનિર્ભર ભારત છે કોઈ સામે ઝુકશે નહીંઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં ઓપરેશન 'સિંદુર' અંગે સતત ૯૦ મિનિટ સુધી નિવેદન આપી વિપક્ષની બોલતી બંધ કરી દીધી

મોદીએ ગઈકાલે સંસદમાં સતત ૯૦ મિનિટ સુધી ઓપરેશન સિંદુર અંગે નિવેદન આપ્યું હતુ,. તેઓએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે ઓપરેશન સિંદુર હજી ચાલુ છે. ભારતને સુરક્ષામાં કાર્યવાહી કરવામાં કોઈએ રોકયું નથી.

ઓપરેશન સિંદુર દરમિયાન જે પ્રકારે દેશના લોકોએ મારો સાથ આપ્યો,મને આશિર્વાદ આપ્યા એટલે જનતાનો રૂણ મારા પર છે. હું દેશવાસીઓનો આભાર વ્યક્ત કરુ છું દેશવાસીઓને અભિનંદન પાઠવું છું.

૨૨ એપ્રિલે પહલગામમાં જે પ્રકારે ક્રુર ઘટના ઘટી, જે પ્રકારે આંતવાદીઓએ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પુછીને ગોળી મારી તે ક્રુરતની પરાકાષ્ઠા હતી.

ભારતને હિંસાની આગમા ધકેલવાનું એક સુઆયોજીત પ્રયાસ હતો. ૨૨ એપ્રિલ પછી અંગ્રેજીમા પણ કહ્યુ હતું કે આ અમારો સંકલ્પ છે અમે આતંકીઓનો નાશ કરીને રહીશું આ મે જાહેરમા કહ્યુ હતું, કર્યો કે આતંકવાને મુહ તોડ જવાબ આપવો પડશે અને આ અમારો રાષ્ટ્રીય સંકલ્પ છે.

સેનાને કાર્યવાહી કરવાનો છુટો દોર આપવામાં આવ્યો અને કહ્યુ કે સેના નક્કી કરે કે ક્યારે અને ક્યા કેવી રીતે કઈ રીતે આ બધી વાતો મીટીગમા કહી દેવામાં આવી હતી

અમને ગર્વ છે કે આતંકીઓને તે સજા આપી કે આજે પણ આતંકના આકાઓની ઉંઘ હરામ થઈ છે.

અમારી સેનાની સફળતા અને તેમના પક્ષને સંસદના માધ્યમથી દેશવાસીઓ સામે રાખવા માંગુ છું.

પહેલા તો પહલગામા હુમલા પછી તરત પાકિસ્તાની સેનાને અંદાજો લાગી ગયો હતો કે ભારત મોટી કાર્યવાહી કરશે તેમના તરફથી ન્યકલીયરની ધમકીના નિવેદન આવવા લાગ્યા હતા ભારતે ૬ મેની રાત અને ૭ મેની સવારે જે રીતે આયોજન કર્યુ હતું તે રીતે જ કાર્યવાહી કરી અને પાકિસ્તાન કશુ આપણને કેટલુ નુકશાન થઈ શકત તેનો અંદાજ લગાવી શકો છો.

ઓપરેશન દરમ્યાન પહેલી વખત આત્મનિરભર ભારતની તાકાતને દુનિયાએ જોઈ મેડ ઈન ઈન્ડિયા ડ્રોન,મિસાઈલે પાકિસ્તાનના હથિયારોની પોલ ખોલી નાખી

ઓપરેશના સમયે નેવી,આર્મી,એરફોર્સ ત્રણેય સેનાનુ જોઈન્ટ એકશને પાકિસ્તાનને છઠ્ઠી યાદ કરાવી દીધી.

આતંકી ઘટના પહેલા પણ દેશમા થતી હતી પણ પહેલા આતંકવાદના માસ્ટર માઈન્ડ નિશ્ચિત રહેતા હતા તેમને ખબર હતી કે કઈ નહી થાય અને તેઓ આગળની કાર્યવાહીમા લાગી જતા પણ હવે સ્થિતિ બદલાઈ છે હવે હુમલા પછી માસ્ટર માઈન્ડને ઉઘ નથી આવતી તેમને ખબર છે કે ભારત આવશે અને મારીને જશે . દુનિયાએ જોયુ કે આપણી કાર્યવાહીનો સ્કેલ કેટલો મોટો છે સિંદુરથી લઈ સિધુ સુધી પાકિસ્તાન પર કાર્યવાહી કરી છે.

સમર્થન ન મળ્યું.

૨૨ એપ્રિલ પછી ત્રણ ચાર દિવસમા વિપક્ષ ઉછળી રહ્યુ હતુ અને કહેતા હતા કે ક્યા ગઈ ૫૬ ઈંચની છાતી કયા ખોવાઈ ગયા મોદી મોદી તો ફેલ થયા શુ મજા લઈ રહ્યા હતા તેમને લાગતુ હતુ કે બાજી મારી લીધી પરંતુ પહેલાગામના નિર્દોષ લોકોની હત્યામા પણ રાજનીતી કરતા હતા

સ્વાર્થની રાજનીતી માટે મારા પર નિવેદન કરી રહ્યા હતા

ઓપરેશન સિંદુરનો વિરોધ કરી વિપક્ષ મીડિયામા હેડલાઈનમા રહી શકશે પરંતુ દેશવાસીઓના દિલમા જગ્યા નહી બનાવી શકે.

૧૦ મેએ ભારતે ઓપરેશન સિંદરુ હેઠળ ચાલી રહેલ એકશનને રોકવાની જાહેરાત કરી તેને લઈ ભાત ભાતની વાતો કરવામાં આવી આ એજ પ્રોપોગેન્ડા છે જે સિમાપારથી કરવામા આવે છે.

કેટલાક લોકો સેના દ્વારા કરેલ કાર્યવાહીની જગ્યાએ પાકિસ્તાનના ખોટા પ્રચારને ફેલાવવાના પ્રયાસમા કરવાની હિંમત કરી તો તેને વર્ષો સુધી યાદ રહેશે તેવો જવાબ આપ્યો

ભારતની મિસાઈલે પાકિસ્તાનમા પ્રચંડ પ્રહાર કર્યો તેની પાકિસ્તાને કલ્પના પણ નહોતી કરી અને તેને નતમસ્તક થવા મજબૂર કર્યુ ટીવીમા દેશની જનતાએ જોયુ પાકિસ્તાનથી કેવા નિવેદન આવાત હતા દુનિયાના કોઈ પણ નેતાએ ભારતના ઓપરેશનને રોકવા વાત કરી નથી ૯ તારીખે રાતે અમેરિકાના ઉપરાષ્ટ્રપતીજીએ મારી સાથે વાત કરવા પ્રયાસ કર્યો પણ હુ મારી સેના સાથે મીટીગમા હતો

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ મને ફોનમા કહ્યુ કે પાકિસ્તાન બહુ મોટો હુમલો કરવાના છે મારો જવાબ હતો કે અગર પાકિસ્તાનો આ ઈરાદો છે તો તેને બહુ મોંઘુ પડશે જો પાકિસ્તાન હુમલો કરશે તો અમે મોટો હુમલો કરી જવાબ આપીશું અમે ગોળીનો જવાબ ગોલાથી આપીશું આ ૯ તારીખની વાત છે પાકિસ્તાન જાણી ગયુ છે કે ભારતનો જવાબ આતંકીઓને રોતા જોઈ અંહી પણ કેટલાક લોકો રોહી રહ્યા છે.

સેના પ્રત્યે નેગેટેવીટી કોંગ્રેસનો જુનો રિવાજ છે

કારગીલ વિજયદિવસને કોંગ્રેસે સ્વીકાર્યુ નથી દેશની જનતા નવાઈ લાગે છે કે પાકિસ્તાનને કોંગ્રેસે ક્લીન ચીટ આપી દીધી પહલગામમા આતંકી ઘટનાના આંતકીઓ પાકિસ્તાનના છે તેના સબુત માગવાની કોંગ્રેસની હુમંત જુઓ આજે સબુતોની કમી નથી બધુ દેખાય છે ત્યારે આ સ્થિતિ છે જો સબુત ન હોત તો આ વિપક્ષ શું કરત વિચારો એર ડિફેન્સ સિસ્ટમની દુનિયામા ચર્ચા થઈ રહી છે

૯ મેના રોજ પાકિસ્તાને ૧ હજાર મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો અને ભારતે તેના આકાશમા જ નષ્ટ કરી દીધુ કોગ્રેસનો વિશ્વાસ પાકિસ્તાનના રિમોટ કંન્ટ્રોલથી ચાલે છે અને બદલાય છે

પહલગામના હુમલાવરોને સુરક્ષાબળોએ ઓપરેશન મહાદેવ થકી નિર્ભરતા રહેતી સેના

અમારી સેનાએ આધુનિક હથિયાર માટે વર્ષો સુધી રાહ જોઈ

મેક ઈન ઈન્ડિયા હથિયાર સેનાને મળ્યા જેને આ ઓપરેશનમા મહત્વની ભુમિકા નિભાવી છે

ડિફેન્સ માટે પ્રાઈવેટ સેકટરને આગલ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ડ્રોન ની ટેકનોલોજી ઓપરેશન સિંદુરમા ઘણી કામ લાગી

ડિફેન્સ સેકટરમા મેક ઈન ઈન્ડિયા નારો નોતો બજેટ રજુ કર્યુ અને વિઝન સાથે દેશમા આગળ વધી રહ્યા છીએ ડિફેન્સનુ બજેટ પહેલા એક દશકમા પહેલા કરતા ૩ ગણુ વધ્યુ છે કોની સરકારે પીઓકે પર પાકિસ્તાનને કબ્જો કરવાની તક આપી જવાબ સિધો છે જયારે પણ નહેરૂજીની વાત કરુ તો કોંગ્રેસ અકળાઈ જાય છે ભારતે પુરાની ભુલોને સુધારી કઠોર નિર્ણય લઈ રહ્યુ છે ભારત નહેરૂ દ્વારા કરાયેલી ભુલ સિધુ જળકરારને દેશ હિતમા ખેડૂતોના હિતમા એબેન્સમા રાખ્યુ છે

કામ કરી શકે તો કોંગ્રેસ ની સરકારની શી મજબૂરી હતી કે આંતકવાદને પ્રોત્સાહન આપતી

કોંગ્રેસની તૃષ્ટીકરણ અને વોટબેંકની રાજનીતી ના કારણે આંતકી ઘટના વધતી

૨૬-૧૧ નો હુમલામા પાકિસ્તાની આતકી પકડાયો અને પાકી મીડિયાએ સ્વીકાર્યુ પણ કોંગ્રેસ પાર્ટી ભગવા આતકી જાહેર કરવા લાગી ગઈ હતી

કોંગ્રેસ દુનિયાને હિન્દુ આતંકવાદી જાહેર કરવા લાગીહતી

ંગ્રેસના એક નેતાએ અમેરિકાના રાજનાયને કહી દીધુ હતુ કે લશ્કરએ તૌયબાથી મોટો ખતરો હિન્દુ ગ્રુપથી છે તેમ કહ્યુ હતું

બાબા સાહેબના સંવિધાનને જમ્મુકાશ્મિરમા લાગુ કોંગ્રેસે ન કરવા દીધુ

વોટબેક અને તૃષ્ટીકરણ માટે દેશની સુરક્ષા સાથે ખિલવાડ કરતી રહી અને તેની સાથેના કાયદાને નબળા કર્યા હતા.

## ધ્રાંગધ્રાઃ કુડા રોડ પર આવેલી બ્રાન્ચ કેનાલનું રિપેરીંગ છતાં ગાબડાંરાજ !

### વરસાદી પાણીની આવક વધશે કેનાલ તૂટવાની ભીતી સેવાઈ રહી છે તાત્કાલીક પુનઃમરામત કરવા માંગણી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

રાજ્યમાં અનેક મુખ્ય કેનાલ અને માઈનર કેનાલોમાં ભ્રષ્ટ્રાચાર નાં ગાબડાંઓ ની ઘટના સામાન્ય બની છેં પણ મોટી દુર્ઘટના કે જન આક્રોશ વિના જવાબદાર વહીવટી તંત્રનાં પેટનું પાણી પણ હલતું નથી હોતું. હાલ ધાંગધ્રા પાટડી મોરબી અને લખતર વિસ્તાર ને ૧૫૦ જેટલા ગામોને નર્મદાનું ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલના પાણી દ્વારા ખેતી કરી અને આવક મેળવે છે ત્યારે આ કેનાલની યોગ્ય સફાઈ થાય અને યોગ્ય મરામત થાય અને રીપેરીંગ કરવામાં



આવે તે માટે ઉનાળામાં કેનાલ ખાલી કરવામાં આવી હતી.

આમ ઉનાળામાં કેનાલ ખારી કરવાથી અનેક ગામોના ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું એક લાખથી વધુ વિસ્તારમાં વાવેતરને ભારે નુકસાન ભોગવું પડ્યું હતું ત્યારે કેનાલ ને રીપેરીંગ કરવા માટે નર્મદા વિભાગ દ્વારા કરોડો રૂપિયાની આસપાસનું ટેન્ડર પ્રક્રિયા રીપેરીંગ કામ કરવામાં આવ્યું હતું તેમ છતાં ધ્રાંગધ્રા બ્રાન્ચ કેનાલ માં મોટા ગાબડાંઓ થી ખેડૂતો ચિંતિત બન્યા જ છેં પણ મહત્વ ની વાત ઍ પણ છેં કે કેનાલમાં અનેક જગ્યાએ ખાડાઓ નજરે ચઢે છેં જે બહુ જલ્દી મોટા ગાબડાં નું સ્વરૂપ ધારણ કરી ખેડૂતો માટે કાળ બની શકે છે. કેનાલને જલ્દી રીપેર કરવાની માંગ કરી રહ્યા છેં.

## આદિપુરઃ જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલી દ્વારા રોપાનું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરમાં સાઈબાબા મંદિર ખાતે જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલી દ્વારા રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.સાથે સાથે મહાનગરપાલિકાના સહયોગથી પ્લાસ્ટિક મુકત ગાંધીધામ અંતર્ગત જાહેર જનતા માટે મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ થેલીનું વિતરણ કરવામાં આવ્યું.



આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ રોપા અને થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્ય જાયન્ટ રત્ન તેજાભાઈ કાનગડ અને યુડી સેવન ડોકટર સુનીતા દેવનાનીના માર્ગદર્શન હેઠળ પ્રમુખ ભારતી માખીજાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના પ્રમુખ અને સમગ્ર ટીમના સભ્યો જોડાયા હતા.

## ચોટીલા દેરાવાસી જૈન સંઘના દેરાસરમાં શ્રી સકસ્ત અભિષેકનો સંપન્ન

**અબતક રણજીતસિંહ ધાધલ ચોટીલા**



સાગરાનંદ સૂરીશ્વર મા. સા. ના આજ્ઞા વતી શિષ્ય સાધ્વીજી મહારાજ સાહેબ અંજનાશ્રીજી મા. સા. ના શિષ્ય ૫, પુ. વિદ્યા શ્રીજી મા સા.ની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે સાધ્વીજી મા. સા.સિલ્વ્રતા શ્રીજી નિશ્રામાં બેન મા. સા.આદિત્યયસાશ્રીજી ની પ્રેરણાથી શ્રી સકસ્ત અભિષેક છોટાલાલ અમરચંદ પરિવાર તરફથી રાખવામાં આવેલ હતું શ્રી સંઘના ભાઈઓ તથા બહેનોએ પદ્મા પ્રભુ ભગવાનનો અભિષેક નો લાભ લીધેલ હતો વિધિ માટે જીતુભાઈ શાહ તથા તેમની મંડળી દ્વારા વિધિ વિધાન કરાવામાં આવેલ હતું

## ધોરાજીવાસીઓએ ઉત્સાહભેર રકતદાન કરી સ્વ. વિઠ્ઠલભાઈને શ્રધ્ધાંજલી અર્પી

### ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા અને મહેન્દ્રભાઈ પાડલીયા ઊપસ્થિત રહ્યા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેરના લેવા પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે વિઠ્ઠલભાઈ રાદડિયા ની પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

ધોરાજી તાલુકા સહકાર પરિવાર તથા હિન્દુ યુવક સંઘ દ્વારા આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરાજી સહિત તથા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાં ભાઈઓ તથા બહેનો રક્તદાન કરવા માટે ઉમટી પડ્યા હતા. જેમાં



જેતપુર જામ કનોડાના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ કાર્ય કાર્યક્રમ મને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.આ સાથે ધોરાજી ઉપલેટા ના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા ઉદ્યોગપતિ વિપુલભાઈ ઠેસિયા માર્કેટિંગ યાર્ડના ચેરમેન હર કિશનભાઈ માવાણી પ્રવીણભાઈ લાખાણી ધોરાજી શહેર પ્રમુખ કૌશિકભાઈ વાગડિયા નગર પાલિકાના પ્રમુખ પાયલબેન ધોળકિયા કારોબારી ચેરમેન સીસી અંટાળા ચિન્ટુભાઈ કોયાણી તેમજ વિવિધ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ સામાજિક આગેવાનો તેમજ વિવિધ સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાદ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ધોરાજીના ઝાડેશ્વર મહાદેવ મંદિરે હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો

**અબતક, રમણિક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના શિવાલયો માં વહેલી સવારથી ભક્તો ઉમટી પડ્યા હતાં.



વાતાવરણમાં હર હર મહાદેવનો નાદ ગૂંજી ઉઠ્યો હતો. ચુનારા રપા વિસ્તારમાં આવેલ પૌરાણિક ઝાડેશ્વર મહાદેવ મંદિરે શિવ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુ હતું.

દર વર્ષે શ્રાવણ માસની જેમ આ વખતે શિવ આરાધનાનાં વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા સાથે ઝાડેશ્વર મહાદેવને શ્રૃંગાર કરવામાં આવ્યો હતો ને મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું ને શહેરના શિવ ભક્તો આરતીનો લ્હાવો લેવા માટે ઉમટી પડ્યા હતા અને હર હર મહાદેવના નારા લાગ્યા હતા અને સમસ્ત શિવ ભક્તોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો ને ઝાડેશ્વર મહાદેવ મંદિર ખાતે મહા આરતી યોજાઈ હતી.

## ઈડર નગરપાલિકામાં સફાઈનો અભાવ

### શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છરોનું સામ્રાજ્ય તેમજ ગંદકીના ગંજથી લોકો પરેશાન

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઈડર સાબરકાંઠા જિલ્લાનુ એક મહત્વનુ શહેર ગણવામાં આવે છે ત્યારે આજે નગરપાલિકાની નિષ્ક્રિયતાને કારણે ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યુ છે શહેરની સ્વચ્છતા અને પીવાના પાણીની ગુણવત્તા અંગે નાગરિકોમા ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે નગરપાલિકામા જ સફાઈનો અભાવ અને પીવાના પાણીમા મચ્છરો (પોરા)નુ બ્રીડિંગ જોવા મળ્યુ છે જે નાગરિકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઉભુ કરે છે નગરપાલિકાના કાર્યાલયોમા જ સફાઈનો અભાવ એ શહેરની સ્વચ્છતા વ્યવસ્થાની નબળાઈને



દર્શાવે છે. જો ખુલ્લી ગટરો, રસ્તાઓ પર ફેલાયેલો કચરો અને અયોગ્ય ડમ્પિંગ વ્યવસ્થા શહેરની સુંદરતાને ડાઘ લગાવી રહી છે. થોડા દિવસ અગાઉ શહેરના વોર્ડ નંબર ૩, ૪ અને ૫ ના રહીશોએ સાફ સફાઈ, ડહોળુ અને ફીણવાળુ પાણી અને ગંદી ગટરો મુદ્દે યોગ્ય સફાઈ વ્યવસ્થા અને શુદ્ધ પાણી મુદ્દે રજૂઆત કરી હતી. જેનું ઈડર નગરપાલીકામાંથી જીવંત પ્રમાણ જોવા મળ્યુ છે.

## દ્વારકાઃ વરવાળાની સેન્ટ એન્સ કિન્ડર ગાર્ડન સ્કૂલના ભુલકાઓને અપાયો "વાઘ સંરક્ષણ"નો સંદેશ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે વરવાળા સ્થિત સેન્ટ એન્સ કિન્ડરગાર્ટન સ્કૂલ ખાતે નાના ભૂલકાઓ દ્વારા વાઘ સંરક્ષણનો સંદેશો ફેલાવવા એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાંગણમાં ઉત્સાહભેર ઉજવાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ વાઘના મુખવટા પહેરી, ચિત્રકામ કરી અને ગીતો ગાઈને વાઘના મહત્વ અને તેના સંરક્ષણની જરૂરિયાત સમજાવી હતી. વાઘ આપણા ઈકોસિસ્ટમનો એક અભિન્ન અંગ છે અને તેમના સંરક્ષણ માટે આપણે સૌએ પ્રયાસ કરવા જોઈએ.

## બગસરા જુથ વિકાસ મંડળીની ૭૧મી સાધારણ સભા મળી



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા જૂથ વિકાસ મંડળી ની ૭૧મી વાર્ષિક સાધારણ સભા મળી બગસરા જૂથ વિવિધ કાયેકારી સહકારી મંડળી લી.બગસરા ની ૭૧ મી વાર્ષિક સાધારણ સભા લેઉવા પટેલ સમાજ ગોકુલપરા બગસરા ખાતે રાખવામાં આવેલ તેમાં ચેરમેન અમરેલી જિલ્લા સહકારી સંઘ મનીષભાઈ સંઘાણી , અમરેલી જિલ્લા બેંકના સી. ઈ. ઓ. બી. એસ. કોઠિયા, ઈફકો ખાતરના, તેમજ મંડળીના પ્રમુખ વિઠલભાઈ હિરાણી, ઉપ્ર પ્રમુખ ભીખુભાઈ ટીબડીયા, મંત્રી રવિકુમાર લુણાગરિયા, સમગ્ર વ્યવસ્થા પક કમિટી સભ્યો, કર્મચારીસ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં શેર સભાસદ ભાઈઓ તેમજ બહેનો હાજર રહેલ વાર્ષિક સાધારણ સભા શરૂ કરતા પહેલા મંડળીના સ્થાપક સ્વ. અરજણભાઈ વેલજીભાઈ પટેલ ને હાર પહેરાવી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. સભાના અધ્યક વિઠલભાઈ હિરાણી દ્વારા આવેલ મહેમાનોનું શબ્દો દ્વારા આવકારી સ્વાગત કરેલ કર્યુ હતુ.

# કાલથી ઓવેલમાં અંતિમ ટેસ્ટ : અર્શદીપને ટેસ્ટ કેપ મળવાના ઉજળા સંજોગો

## ધ્રુવ જુરેલને ઋષભ પંતની જગ્યાએ તક મળવાની અપેક્ષા: મોહમ્મદ સિરાજ, આકાશદીપ અને અર્શદીપ સિંહ ઝડપી બોલિંગ વિભાગની જવાબદારી સંભાળી શકે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સિરીઝ ચાલી રહી છે. આ સિરીઝમાં અત્યાર સુધીમાં ૪ મેચ રમાઈ છે. ઈંગ્લેન્ડે ૨ મેચ જીતી છે, જ્યારે ભારતે જીત મેળવી છે. ૧ મેચ ડ્રો રહી હતી. ઈંગ્લેન્ડ આ સિરીઝમાં ૨-૧થી આગળ છે. ટેસ્ટ સિરીઝમાં ૨-૨થી બરાબર કરવા માટે ભારત માટે કોઈપણ કિંમતે છેલ્લી મેચ જીતવી જરૂરી છે. પાંચમી ટેસ્ટ મેચ લંડનના કેનિંગ્ટન ઓવલ ખાતે રમાશે. આ મેચમાં ભારતીય ટીમના પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર થવાનો છે.સ્પિન બોલિંગ વિભાગનો ભાર સુંદર, જાડેજા અને કુલદીપ યાદવ પર હોઈ શકે છે. કુલદીપને આ મેચમાં તક મળવાની ધારણા છે. તે જ સમયે, મોહમ્મદ સિરાજ, આકાશદીપ અને અર્શદીપ સિંહ ઝડપી બોલિંગ વિભાગની જવાબદારી સંભાળી શકે છે. બુમરાહને આરામ મળવાની ધારણા છે.




ભારત તરફથી યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ શરૂઆત કરી શકે છે. માન્ચેસ્ટરમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં રાહુલે શાનદાર બેટિંગ કરી હતી અને પહેલી ઈનિંગમાં ૪૬ રન અને બીજી ઈનિંગમાં ૯૦ રન બનાવ્યા હતા. અત્યાર સુધીમાં તેણે ૮ ઈનિંગમાં ૫૨૯ રન બનાવ્યા છે. જયસ્વાલે છેલ્લી મેચની પહેલી ઈનિંગમાં ૫૮ રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે બીજી ઈનિંગમાં તેનું ખાતું ખુલ્યું હતું. આવી સ્થિતિમાં, ઓપનિંગ જોડી બદલવાની શકયતા ખૂબ ઓછી છે.સાઈ સુદર્શન મિડલ ઓર્ડરમાં નંબર ૩ પર બેટિંગ કરી શકે છે, જ્યારે શુભમન ગિલ નંબર ૪ પર જવાબદારી સંભાળી શકે છે. તેણે આ સિરીઝમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. ગિલે ચોથી મેચની બીજી ઈનિંગમાં ૧૦૩ રન બનાવ્યા હતા. તે જ સમયે, ધ્રુવ જુરેલને નીચલા મધ્યમ ક્રમમાં ઋષભ પંતની જગ્યાએ તક મળવાની અપેક્ષા છે. પંત ઈજાને કારણે સિરીઝમાંથી બહાર છે. આ ઉપરાંત, વોશિંગ્ટન સુંદર અને રવિન્દ્ર જાડેજા નીચલા મધ્યમ ક્રમમાં બેટિંગ કરી શકે છે.

## રવિન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં ઓલરાઉન્ડ તરીકે ૧૨૩૫ દિવસથી ટોપ પર

રવિન્દ્ર જાડેજાએ સાથી ખેલાડીઓ સાથે મળીને ભારત અને ઈંગ્લેન્ડની માન્ચેસ્ટર ટેસ્ટને ડ્રો કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જાડેજાના નામે સિદ્ધિ નોંધાયેલી છે તેને કોઈ તોડી શકતું નથી, જાડેજા ૧૨૩૦થી વધુ દિવસોથી આ લિસ્ટમાં નંબર-૧ પર છે. જેનો પરચો ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં પણ જોવા મળ્યો હતો. જ્યારે તેની સામે બેન સ્ટોક્સ પણ આ રેસમાં છે પરંતુ તે જાડેજાથી ઘણો પાછળ છે. રવિન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં શ્રેષ્ઠ ઓલ રાઉન્ડર તરીકે ટોપ પર રહેવાનો રેકોર્ડ બનાવ્યો છે, સૌથી લાંબો સમય સુધી ટેસ્ટમાં ઓલરાઉન્ડર તરીકે શ્રેષ્ઠ સ્થાન પર રહેનારા ખેલાડી તરીકે જાડેજા છે. જાડેજાની સ્પર્ધામાં રહેલા ખેલાડીઓ તેનાથી ઘણાં પાછળ છે. એટલે કહી શકાય કે જાડેજાની ટક્કરમાં હાલ કોઈ ખેલાડી દૂર-દૂર સુધી દેખાતો નથી.

પુરૂષોના ટેસ્ટ ઓલરાઉન્ડર રેંકિંગમાં રવિન્દ્ર જાડેજા ઘણાં લાંબા સમયથી ટોપ પર છે, આ લિસ્ટમાં જાડેજાનું રેટિંગ ૪૦૯ છે, જ્યારે બીજા નંબરે રહેલો બાંગ્લાદેશનો મહેંદી હસન મિરાઝ ૩૦૫ રેંક સાથે બીજા સ્થાને અને સાઉથ આફ્રિકાનો વિઆન મુલ્ડર ૨૮૪ રેંકિંગ સાથે ત્રીજા સ્થાન પર છે. આ લિસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો કેપ્ટન પેટ કમિન્સે એક કૂદકો મારીને ૨૭૦ રેંકિંગ સાથે ચોથા સ્થાન પર છે.



આ લિસ્ટમાં ટોપ-૧૦માં એક માત્ર ભારતીય ખેલાડી રવિન્દ્ર જાડેજા છે, જ્યારે સૌથી વધારે ખેલાડીઓ સાઉથ આફ્રિકાના છે, જેમાં મુલ્ડર, માર્કો યાન્સન, કોર્બિન બૂશ, કર્ગિશો રબાડા અને કેશવ મહારાજનો સમાવેશ થાય છે. જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ સહિત જો રૂટ, ગુસ એટ્કિન્સન, ક્રિશ વોક્સ એમ ૪ ખેલાડીઓનો સમાવેશ થાય છે.

## ગૌતમ બન્યાં ગંભીર: પીચને લઈ ગ્રાઉન્ડમેન સાથે ઉગ્ર બોલાચાલી

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડના ચીફ ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે બુધવારે કોઈ વાતને લઈને માથાકૂટ જોવા મળી હતી. આ ઘટના છેલ્લી અને પાંચમી ટેસ્ટ મેચ પહેલાની છે.



ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડના ચીફ ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે બુધવારે કોઈ વાતને લઈને માથાકૂટ જોવા મળી હતી. આ ઘટના છેલ્લી અને પાંચમી ટેસ્ટ મેચ પહેલાની છે, જે ગુરુવારે (૩૧ જુલાઈ)થી લંડનમાં રમાનાર છે. પીટીઆઈ અનુસાર, ગંભીર પિચની પ્રકૃતિને લઈને નારાજ જોવા મળ્યો અને તેણે મેદાન પર પહોંચીને સીધી ક્યૂરેટર સાથે વાતચીત કરી. બંને વચ્ચે પિચની સ્થિતિ અને વ્યવહારને લઈને અસહમતિ જોવા મળી.

ધ્યાન રહે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સિરીઝની ચોથી ટેસ્ટ માન્ચેસ્ટરમાં ડ્રો રહી હતી. હાલ ઈંગ્લેન્ડ સિરીઝમાં ૨-૧થી આગળ છે અને ભારત પાસે છેલ્લી મેચ જીતીને સિરીઝને ડ્રો કરવાની તક છે. એવામાં ટીમ મેનેજમેન્ટ કોઈપણ પ્રકારની પિચ સંબંધિત સમસ્યા કે અનિશ્ચિતતા નથી ઈચ્છતું. હવે બધાની નજર ઓવલ ટેસ્ટ પર છે, જ્યાં એ જોવું રસપ્રદ રહેશે કે પિચ બેટ્સમેનોનો સાથ આપે છે કે, બોલર્સને ફાયદો કરાવે છે.

સૂત્રો અનુસાર, ગૌતમ ગંભીર અને ઓવલ મેદાનના મુખ્ય ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે માથાકૂટ થઈ હતી. જ્યાં ભારત પોતાની પાંચમી ટેસ્ટ મેચ રમનાર છે. ગંભીરને એવું કહેતા સાંભળવામાં આવ્યો કે, 'તમે અહીં માત્ર ગ્રાઉન્ડમેન છો.' આ તમામ દલીલો નેટ્સમાં થઈ, જ્યારે ખેલાડી પોતાના રન-અપ એરિયામાં નિશાન લગાવી રહ્યાં હતા. બાદમાં બેટ્સમેન કોચ સિતાંશુ કોટક આવ્યા અને ક્યૂરેટરને પોતાની સાથે લઈ ગયો અને તેની સાથે વાત કરી, જ્યારે ગંભીર દૂરથી ક્યૂરેટર સાથે ઝઘડી રહ્યો હતો.

## ભારત-ઈંગ્લેન્ડની ટેસ્ટ સિરીઝ ડ્રો થાય તો કોને મળશે ટ્રોફી?

ભારતીય ક્રિકેટ ટીમ હાલ ઈંગ્લેન્ડના પ્રવાસ પર છે. પાંચ ટેસ્ટની સિરીઝની છેલ્લી મેચ ૩૧ જુલાઈથી કેનિંગ્ટન ઓવલમાં રમાશે. છેલ્લી ટેસ્ટ મેચ માટે બંને ટીમ કેનિંગ્ટન પહોંચીને પ્રેક્ટિસ શરૂ કરી ચૂકી છે. ભારતીય ટીમ આ ટેસ્ટમાં જીતીને સિરીઝને બરાબરી પર પૂરી કરવા જ્યારે ઈંગ્લેન્ડ આ જીત સાથે સિરીઝ પોતાના નામે કરવા મેદાને ઉતરશે. જો ભારતીય ટીમ પાંચમી ટેસ્ટ મેચ જીતી જાય તો સિરીઝ ડ્રો થાય એવામાં એન્ડરસન તેંડુલકર ટ્રોફી કોના ફાળે જશે એ મહત્વનો પ્રશ્ન છે.




નિયમાનુસાર જ્યારે કોઈ ટેસ્ટ સિરીઝ બે ટીમો વચ્ચે ડ્રો થાય છે તો ટ્રોફી એ ટીમ પાસે જ રહે છે જેણે ગત વખતે ટ્રોફી જીતી હોય. જેમ કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીનું નામ પહેલા પટૌડી ટ્રોફી હતું. ભારત અને ઈંગ્લેન્ડની ટીમો ગત વખતે ૨૦૨૧-૨૨માં પટૌડી ટ્રોફી માટે મેદાને ઉતરી હતી. ત્યારે સિરીઝ ડ્રો થઈ હતી. પરંતુ તે પહેલા ૨૦૧૮માં જ્યારે બંને ટીમો વચ્ચે સિરીઝ રમાઈ ત્યારે પરિણામ ઈંગ્લેન્ડ તરફી હતું, ઈંગ્લેન્ડે ૪-૧થી સિરીઝ જીતી હતી. ત્યારથી આ ટ્રોફી ઈંગ્લેન્ડ પાસે જ છે. જો વર્તમાન સિરીઝ ડ્રો થઈ તો ટ્રોફી ઈંગ્લેન્ડ પાસે જ રહેશે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે જો કેનિંગ્ટન ટેસ્ટ ડ્રો થાય તો ફરી ભારત સિરીઝ હારી જશે. કેમ કે ઈંગ્લેન્ડ પહેલા જ સિરીઝમાં ભારતથી ઉપર છે. ઈંગ્લેન્ડને જો કેનિંગ્ટનમાં જીત મળી તો તે ૩-૧થી સિરીઝ જીતી જશે. જો સિરીઝ ૨-૨થી ડ્રો થાય તો પણ ટ્રોફી ઈંગ્લેન્ડના કબજામાં જ રહેશે.

## ઓસ્ટ્રેલિયાએ ૮-૦થી વેસ્ટ ઈન્ડીઝમાં જીતનો વિક્રમ સ્થાપ્યો

**અબતક, નવી દિલ્હી**

ઑસ્ટ્રેલિયાએ સોમવારે અહીં વેસ્ટ ઈન્ડીઝને પાંચમી અને છેલ્લી ટી-૨૦માં ત્રણ વિકેટ અને ૧૮ બોલ બાકી રાખીને હરાવ્યું એ સાથે કાંગારૂઓએ ટી-૨૦ ફોર્મેટમાં પોતાના દેશ માટે નવો વિક્રમ રચ્યો હતો.

ઑસ્ટ્રેલિયાએ ક્રિકેટ ઈતિહાસમાં પહેલી જ વખત વિદેશી ધરતી પર રમેલી તમામ મેચોમાં વિજય મેળવ્યો. કેરિબિયન ધરતી પર ઑસ્ટ્રેલિયનોએ પહેલાં તો ટેસ્ટ સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી અને હવે ટી-૨૦ શ્રેણીમાં ૫-૦થી ક્લીન સ્વીપ કરી છે.




ઑસ્ટ્રેલિયા કોઈ એક દેશના પ્રવાસમાં આઠ મેચ રમ્યું હોય અને એ તમામ આઠ મેચમાં વિજય મેળવ્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે. આવા કિસ્સાઓની રેકોર્ડ બુકમાં ભારતનો વિશ્વ વિક્રમ છે. ૨૦૧૭માં શ્રીલંકાના પ્રવાસમાં ભારતીય ટીમ ત્રણ ટેસ્ટની સિરીઝ ૩-૦થી, પાંચ વન-ડેની સિરીઝ ૫-૦થી અને એક ટી-૨૦ની શ્રેણી ૧-૦ થી, એમ કુલ મળીને આખા પ્રવાસમાં ભારતે ૯-૦થી જીત હાંસલ કરી હતી. આ રેકોર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા હવે બીજા નંબરે છે.

કોઈ ટીમે ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીતી લીધી હોય એવું બીજી જ વખત બન્યું છે. ઑસ્ટ્રેલિયાની પહેલાં છ વર્ષ પૂર્વે ભારતે ન્યૂ ઝીલેન્ડમાં ટી-૨૦ શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી.

મિચલ માર્શના સુકાનમાં ઑસ્ટ્રેલિયાએ સોમવારે અહીં વેસ્ટ ઈન્ડિઝ સામેની પાંચમી ટી-૨૦માં ટોસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. શાઈ હોપની ટીમે શિમરોન હેટમાયર (બાવન રન, ૩૧ બોલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી ૧૯.૪ ઓવરમાં ૧૭૦ રન કર્યા હતા. ફાસ્ટ બોલર ડવેઈન ડ્વારશૂઈસે ત્રણ વિકેટ અને નેથન એલિસે બે વિકેટ લીધી હતી.ઑસ્ટ્રેલિયાએ ૧૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન કરીને વિજય મેળવી લીધો હતો જેમાં મિચલ ઓવેન (૩૭ રન, ૧૭ બોલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. વેસ્ટ ઈન્ડિઝ વતી અકીલ હોસૈને સૌથી વધુ ત્રણ વિકેટ મેળવી હતી.

## કેકેઆરને ચેમ્પિયન બનાવનાર કોચ ચંદ્રકાન્ત પંડિતની ટીમમાંથી વિદાય

**અબતક, નવી દિલ્હી**

કોલકાતા નાઈટ રાઈડર્સ ફ્રેન્ચાઈઝી ત્રણ સીઝન બાદ હવે મુખ્ય કોચ ચંદ્રકાન્ત પંડિત થી અલગ થઈ રહ્યું છે. પંડિત ૨૦૨૨માં કેકેઆર સાથે જોડાયા હતા. ત્યારે ભૂતપૂર્વ કિવી બેટ્સમેન બ્રેન્ડન મેક્લમને ઈંગ્લેન્ડની ટીમના હેડ-કોચ તરીકે નીમવામાં આવ્યા ત્યારે પંડિતની નિયુક્તિ કેકેઆરમાં તેના સ્થાને થઈ હતી.

૨૦૨૪માં શ્રેયસ ઐયરની કેપ્ટન્સીમાં કેકેઆરની ટીમ આઈપીએલ ચેમ્પિયન બની ત્યારે પંડિત આ ટીમના હેડ-કોચ હતા. કેકેઆરે ૨૦૨૫માં શ્રેયસને તો જાકારો આપી જ દીધો હતો, હવે પંડિતને પણ ગુડબાય કરવી પડી છે. શ્રેયસના સુકાનમાં પંજાબ કિંગ્સની ટીમ આ વખતની આઈપીએલમાં રનર-અપ રહી હતી.કેકેઆરના ફ્રેન્ચાઈઝીએ મંગળવારે સોશિયલ મીડિયામાં જાણકારી આપતા જણાવ્યું હતું કે 'ચંદ્રકાન્ત પંડિત હવે કોઈ નવા અવસર શોધી રહ્યા છે અને કેકેઆર સાથે મુખ્ય કોચ તરીકેની ભૂમિકા જાળવી રાખવા નથી માગતા. અમે તેમના અમૂલ્ય યોગદાન બદલ આભારી છીએ. તેમના કોચિંગમાં કેકેઆરની ટીમ ૨૦૨૪માં ટ્રોફી જીતી હતી અને તેમના જ કોચિંગમાં ટીમ મજબૂત પણ બની છે. તેઓ ટીમ પર અનેરો પ્રભાવ છોડી રહ્યા છે. અમે તેમને ભવિષ્ય માટે શુભકામના આપીએ છીએ.'




કેકેઆરના ટવીટમાં ચંદ્રકાન્ત પંડિત માટે જણાવાયું હતું કે 'તમે અમારા માટે હંમેશાં ગૌરવપૂર્ણ રહેશો. હંમેશાં અમારા સેનાપતિ ગણાશો. ચંદુ સર, કોલકાતાને હંમેશાં તમારા ઘર જેવું જ ગણજો.'

ખેડુત નેતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાની પુણ્યતિથિ નિમિતે

## ઉપલેટા: રકતદાન કેમ્પમાં ૨૮૩ બોટલ રકત એકત્રિત

### ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના આગેવાનો રહ્યા હાજર

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

સૌરાષ્ટ્રના અડીખમ ખેડુત નેતા પૂર્વ સાંસદ પૂર્વ મંત્રી અને જીલ્લા બેંકનું બે દાયકા સુધી સફળતા પૂર્વક શાસન કરી સમગ્ર ખેડુત સમાજમાં માન ભરયુ સ્થાન મેળવનાર સ્વ. વિઠલભાઈ રાદડીયાની દ્દઠી પુણ્યતિથિ નિમિતે ઉપલેટામાં યોજાયેલ રકતદાન કેમ્પમાં ૨૮૩ બોટલ રકત એકત્ર થયું હતું.

શહેરમાં દાસપંથી વાડીમાં પટેલ સેવા સમાજ ટ્રસ્ટ અને સહકારી પરિવાર દ્વારા સ્વ. વિઠલભાઈ રાદડીયાની દ્દઠી પુણ્યતિથિ નિમિતે યોજાયેલ રકતદાનને ધારસભ્ય અને જીલ્લા બેંકના ચેરમેન જયેશભાઈ રાદડીયાની વિશેષ ઉપસ્થિતિમાં વિશાળ ખેડુતોની હાજરીમાં પ્રારંભ કરાયો હતો.





તસવીર:- શહેઝાદ બાદશાહ


આ તકે જયેશભાઈ રાદડીયાએ જણાવેલ કે, આજે સમગ્ર ગુજરાતમાં ૧૭૭ જગ્યા પર સ્વ. વિઠલભાઈ રાદડીયા પુણ્યતિથિ નિમીતે રકતદાન કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, બાળકોને ભોજન ગાયોને નિરણ સહિતના સામાજીક સેવાકીય કાર્ય કરી શ્રધ્ધાંજલી અર્પણ થઈ રહી છે. ત્યારે તમામ આયોજકોનો આભાર માનું છું આજે પણ વિઠલભાઈ રાદડીયાની કામગીરીને ખેડુતો અને આમ જનતા ભૂલી નથી તે અમારા પરિવાર માટે ગૌરવ સમાન છે. આ તકે ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા, લલીતભાઈ વસોયા, આર.સી.સી. બેંકના ડિરેકટર હરિભાઈ ઠુંમર, નરસિંહભાઈ મુંગલપરા, સંઘના પ્રમુખ ગોપાલભાઈ સખીયા યાર્ડના વાઈસ ચેરમેન વિનુભાઈ ઘેટીયા પાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, શિક્ષણ સમિતિના ચેરમેન નિકુંજભાઈ ચંદ્રવાડિયા લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી નરેશભાઈ લકકડ, ભરતભાઈ રાણપરીયા, વિઠલભાઈ સોજીત્રા, દામજીભાઈ રામાણી, કિરીટભાઈ પાદરીયા, ખોડલધામ સમિતિના પ્રમુખ રાજુભાઈ મુંજપરા, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, જીલ્લા પંચાયતના સભ્ય જતિનભાઈ ભાલોડીયા, નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા સરપંચ મનસુખભાઈ કથીરીયા, પૃથ્વીસિંહ ચુડાસમા, કમલેશ ચંદ્રવાડીયા, હરસુખભાઈ સોજીત્રા સહિત ખેડુત અને સહકારી આગેવાનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પટેલ સેવા સમાજના પ્રમુખ ઉતમભાઈ ઠુમર મંત્રી જસ્મીનભાઈ વસોયા તેમજ તેમની ટીમ દ્વારા જહેમત ઉઠાવી હતી.

## ઉપલેટા: ત્રિલોકનાથ મહાદેવને પવિત્ર શ્રાવણ માસમાં અર્ધનારેશ્વરનો શ્રૃંગાર

### અભિષેક કરવા વહેલી સવારથી જ ભકતો ઉમટી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

પવિત્ર શ્રાવણ માસ શહેરના વિવિધ શિવાલયોમાં વિવિધ પ્રકારના શ્રૃંગારો ભોળાનાથને થઈ રહ્યા છે. ત્યારે બસ સ્ટેન્ડ ની પાછળ આવેલ આદેશ સોસાયટીમાં બિરાજતા પુરાણા ત્રિલોકનાથ મહાદેવને મંદિરના પુજારી પ્રશાંત ગૌસ્વામી દ્વારા દરરોજ જુદા જુદા શ્રૃંગાર કરવામાં આવે છે. ગઈ કાલે ભોળાનાથને અર્ધ નારેશ્વરનો આબેહુબ શ્રૃગાર કરતા ભકતોમાં ભારે આનંદ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ ભકતો દ્વારા જલ અને બિલી પત્રોમાં અભિષેક કરવામાં આવે છે.



તસવીર:- શહેઝાદ બાદશાહ

## ચાપરડા બ્રહ્માનંદધામ બન્યું રખડતા પશુઓનો 'આશરો'

### મુકતાનંદ બાપુ દ્વારા રખડતાં ગૌવંશ માટે સરાહનીય કામગીરી

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

બિલાખા ગામની અંદર બિનવારસી રખડતા ગૌવંશ (ખુટીયા)ને મુકતાનંદબાપુ દ્વારા સાચવવાની પહેલ કરેલ છે. બિલખા ગામના સરપંચ અને ગ્રામજનોને જણાવેલ કે, બિલખા ગામની બજાર એકદમ સાંકડી હોય અને બજારમાં શાક માર્કેટ પણ આવેલ હોય જેથી ત્યાઁ અવાર નવાર ગામમાં ખુટીયાઓનો ત્રાસ વધારે હોય છે. તો પુજય બાપુએ જણાવેલ છે કે તેવા બિન વારસુ રખડતા પશુઓને બ્રહ્માનંદ ધામ ચાપરડા ખાતે મોકલી આપવા જેથી ગામલોકોએ ૩૦ ખુટીયા ભરી મોકલી આપેલ છે. હજુ પણ બાપુએ જણાવેલ કે હજુ આવા કોઈ પશુઓ હોય તો તેને મોકલી આપવા જણાવેલ છે. પુ. બાપુ દ્વારા અનેક સેવાકિય પ્રવૃતિઓનો થઈ રહેલ છે. તેના વિષેશ સેવા કરવામાં આવેલ છે.



## ધોરાજી: નવચેતના ગ્રુપ દ્વારા તેજસ્વી તારલાઓને કરાયા સન્માનીત

### સમસ્ત સોની સમાજના ધો.૧ થી ૧૨ના છાત્રોને પ્રમાણપત્ર કરાયા એનાયત

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેરના બાબરીયા સમાજની વાડી ખાતે સરસ્વતી સત્કાર સમારંભ યોજાયો હતો જેમાં ધોરાજી શહેર તથા આજુબાજુ વિસ્તારના સમસ્ત સોની સમાજના ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા સારા માર્ક ઉર્તીણ થયેલા ધો.૧ થી ૧૨ના છાત્રોને પ્રમારપત્ર આપી સન્માનીત કરાયા.



આ તકે ધોરાજી શહેર સીટી પોલીસના પીઆઈ ગરચરતેમજ સોની સમાજના વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમસ્ત સોની સમાજ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્ઞાતિ ભોજન નો પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમોદભાઈ જામવેચા ભાવેશભાઈ કડેચા ધર્મેશભાઈ લાઠીગરા ડેવિડભાઈ ઝિકરીયા ધર્મેશભાઈ રાજપરા મિલનભાઈ ચરડવા અને મહિલા મંડળના પ્રમુખ ચેતનાબેન કઢેચા તેમજ કારોબારી તેમજ સોની સમાજના ભાઈઓ તથા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# દેવભૂમી દ્વારકા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સમિક્ષા કરતા રેન્જ આઈ જી યાદવ

## જિલ્લાના ૧૪ પોલીસકર્મીઓ, જેમાં પીઆઇ, પીએસઆઇ, એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને લોકરક્ષકનો સમાવેશ, વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનારને અશોક કુમારે સન્માનિત કર્યા

**અબતક મહેન્દ્ર કક્કડ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસકર્મીઓને દ્વારકા ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આઈ.જી. યાદવની ઉપસ્થિતિમાં યોજાયેલી પોલીસકર્મીઓની મીટિંગમાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાંથી પસંદ કરાયેલા પોલીસ કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ બિરદાવવામાં આવ્યા.



જિલ્લાભરમાંથી સન્માનિત કરાયેલા કુલ ૧૪ પોલીસકર્મીઓમાં કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. ટી.સી. પટેલ, ભાણવડ પો.સ્ટે.ના પી.આઈ. કે.બી. રાજવી, વાડીનાર પો.સ્ટે.ના પી.એસ.આઈ. વી.આર. શુક્લનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. મહમદભાઈ યુસુફભાઈ બ્લોચ અને ઈરફાનભાઈ આમદભાઈ,



કલ્યાણપુર પો.સ્ટે.ના અનઆર્મડ લોકરક્ષક મુન્નાભાઈ રામશીભાઈ લગારીયા અને વુમન લોકરક્ષક નીપાબેન રાજશીભાઈ માડમ; દ્વારકા પો.સ્ટે.ના આર્મડ હે.કો. સંજયભાઈ આયદાનભાઈ વાંક, આર્મડ હે.કો. શૈલેષભાઈ ભનુભાઈ સોલંકી, આર્મડ કોન્સ. જેસાભાઈ મસરીભાઈ આંબલીયા; મીઠાપુર પો.સ્ટે.ના અનાર્મડ હે.કો. આશાબેન મનોજકુમાર પરમાર; ઓખા મરીન પો.સ્ટે.ના હે.કો. પ્રધુમનસિંહ જાડેજા અને હે.કો. પ્રવિણભાઈ દલપતભાઈ વાણીયા તેમજ ઓખા મરીન પો.સ્ટે.ના અનાર્મડ એ.એસ.આઈ. કનુભાઈ અરસીભાઈ ચાવડાને વિવિધ ક્ષેત્રોમાં તેમની પ્રશંસનીય કામગીરી અને કર્તવ્યનિષ્ઠા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહ પોલીસકર્મીઓના મનોબળને વેગ આપશે અને અન્ય પોલીસકર્મીઓને પણ શ્રેષ્ઠ કામગીરી કરવા પ્રેરણા પૂરી પાડશે.

## દ્વારકા: રેન્જ આઇ જી અશોક યાદવનું સર્કિટ હાઉસ ખાતે સન્માન





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**


રાજકોટ રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ આઈ. જી અશોકકુમાર યાદવે ગઈકાલે દ્વારકા સર્કિટ હાઉસની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે દ્વારકા શહેરના અગ્રણી નાગરિકો, વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને પત્રકારો દ્વારા તેમનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં દ્વારકા હોટલ એસોસિએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર, કિરણભાઈ નકુમ, ચંદુભાઈ બારાઈ; ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમણભાઈ સામાણી, વિનુભાઈ સામાણી; જય જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના કે.જી. હિંડોચા; શિવ ગંગા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈશ્વરભાઈ જાખરીયા; તેમજ જયંતીભાઈ પાબાળી, ગુગળી બ્રાહ્મણ ૫૦૫ ના આગેવાન જીતુભાઈ ઠાકર, મુન્નાભાઈ વાયડા; દ્વારકા નગરપાલિકાના સદસ્ય અંકિતભાઈ સામાણી; અને પત્રકાર એકતા પરિષદના જિલ્લા પ્રમુખ અનિલભાઈ લાલ, સુભાષભાઈ સિંહ, હોમભાઈ થોભાણી, મહેન્દ્ર કક્કડ, વૃંદા પાઢિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામે પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરીને આઈ .જી અશોકકુમાર યાદવનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત પોલીસ અને નાગરિકો વચ્ચેના સંવાદને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે.

# એનસીસી કેમ્પમાં ગ્રુપ કમાન્ડર દ્વારા પરેડ નિરીક્ષણ કરી કેડેટ્સને પ્રોત્સાહન આપ્યું

## નકશા વાંચન, યુદ્ધાભ્યાસ, કુદરતી આફત નિવારણ તાલીમ, વ્યક્તિત્વ વિકાસ, સામાજિક સેવા અને વિવિધ વિષયો પર પ્રેરક વ્યાખ્યાન આપ્યું





જામનગર ખાતે હાલમાં ૧૦-દિવસીય પ્રિ-આરડીસી-૧ અને સીએટીસી સંયુક્ત એનસીસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ૨૪ જુલાઈથી ૨ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન આહીર કન્યા છાત્રાલય, કનસુમરા નજીક, જામનગર ખાતે યોજાઈ રહ્યો છે. આ શિબિરમાં આર્મી અને નેવીના કુલ ૩૫૦ કેડેટ્સ ભાગ લઈ રહ્યા છે.

આજરોજ જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટરના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી. શશી દ્વારા કેમ્પની પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે કેડેટ્સને સંબોધતા જીવનમાં શિસ્ત અને નિયમિતતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. બ્રિગેડિયર શશીએ કેડેટ્સને નેતૃત્વના ગુણો વિકસાવવા અને સામાજિક સહજીવન શીખવા પ્રોત્સાહિત કર્યા હતા, તેમજ તેમને સેનામાં જોડાઈને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપી હતી.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય દિલ્હીમાં ગણતંત્ર દિવસ ૨૦૨૬ ની કર્તવ્ય પથ પર યોજાનારી પરેડમાં ભાગ લેનારા કેડેટ્સની પ્રાથમિક પસંદગી કરવાનો છે. આ તાલીમી શિબિરમાં નકશા વાંચન, યુદ્ધાભ્યાસ, કુદરતી આફત નિવારણ તાલીમ, વ્યકિતત્વ વિકાસ, સામાજિક સેવા અને વિવિધ વિષયો પર પ્રેરક વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે. કેડેટ્સને ૦.૨૨ રાઈફલથી ફાયરિંગની તાલીમ પણ આપવામાં આવી રહી છે.

આ કેમ્પનું સફળ આયોજન ૨૭ ગુજરાત એનસીસી બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ મનીષ દેવરે ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આહીર કન્યા શૈક્ષણિક સંકુલના મેનેજમેન્ટના પ્રશંસનીય સહયોગથી કેમ્પનું સુચારુ સંચાલન થઈ રહ્યું છે.

# "મેરા યુવા ભારત" સંસ્થા દ્વારા કારગિલના શહીદો રાષ્ટ્રની શાન અને અભિમાન થીમ પર શ્રદ્ધાંજલિ અર્પી

જામનગરમાં "મેરા યુવા ભારત" સંસ્થા દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના જગાડવાના ઉદ્દેશ્યથી નવા નાગના સરકારી હાઈસ્કૂલ ખાતે એક પ્રેરણાદાયી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ સ્પર્ધામાં ભાગ લેનાર યુવા વક્તાઓએ "કારગિલના શહીદો રાષ્ટ્રની શાન અને અભિમાન" થીમ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે કારગિલ યુદ્ધના પ્રેરણાદાયક પ્રસંગો, શહીદ જવાનોના અપ્રતિમ બલિદાન, અને તેમના દેશપ્રેમના ભાવનાત્મક કિસ્સાઓ વર્ણવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્પર્ધાના મૂલ્યાંકન માટે નિવૃત્ત સેનાધિકારીઓ અને શિક્ષકોએ અતિથિ તરીકે ઉપસ્થિત રહી પોતાની સેવાઓ આપી હતી.

આ સ્પર્ધામાં કટેશિયા ભાવેશ પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા, જ્યારે વાઘોડિયા પિયુષ દ્વિતીય અને કાંકરિયા દિયા તૃતીય સ્થાને વિજેતા જાહેર થયા હતા. તમામ વિજેતાઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, "મેરા યુવા ભારત" એ ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત એક મહત્વપૂર્ણ સંસ્થા છે. આ સંસ્થા દેશના યુવાનોમાં રાષ્ટ્રભક્તિ, નેતૃત્વ ક્ષમતા અને સમાજ પ્રત્યેની જવાબદારીના ભાવને વિકસાવવા માટે સતત કાર્યરત છે.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જામનગરના જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ મૂળચંદજી દેશભ્રાંતરના માર્ગદર્શન હેઠળ સુશ્રી વર્ષાબેન પરમાર સહિત સંસ્થાની ટીમે કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા યુવાનોમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બની હતી.

# જવાહર નવોદય વિદ્યાલય અલીયાબાડામાં "કેરિયર ફેર-૨૦૨૫" યોજાયો

## વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોથી માહિતગાર કરાયા

વિદ્યાર્થીઓને તેમના ભવિષ્યના કારકિર્દી વિકલ્પો અંગે માર્ગદર્શન આપવા અને વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોથી માહિતગાર કરવાના ઉદ્દેશ્યથી જવાહર નવોદય વિદ્યાલય, અલીયાબાડા ખાતે "કેરિયર ફેર ૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં જિલ્લા રોજગાર અધિકારી સરોજ સાંડપા અને કાઉન્સિલર ધ્રુવસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. દરબાર ગોપાલદાસ શૈક્ષણિક વિદ્યા સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ, વિદ્યાનિકેતન માધ્યમિક શાળા, અલીયાબાડાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ, અને જવાહર નવોદય વિદ્યાલય, અલીયાબાડાના




ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ આ કેરિયર ફેરમાં ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓને કારકિર્દીના વિવિધ વિકલ્પો, પ્રવેશ પરીક્ષાઓ (એન્ટ્રન્સ એક્ઝામ્સ), વિવિધ અભ્યાસક્રમો અને કૌશલ્ય વિકાસ વિશે વિસ્તૃત અને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, કારકિર્દી માર્ગદર્શન સંબંધિત ચાર્ટ, ફાઈલો અને પુસ્તકોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું, જેનો લાભ ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ લીધો હતો.

શાળાના પ્રિન્સિપાલ એમ.પી. સિંહએ આ કાર્યક્રમની મહત્તા સમજાવતા જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓને સમયસર યોગ્ય દિશામાં માર્ગદર્શન પૂરું પાડે છે અને તેમના આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો કરે છે. આ "કેરિયર ફેર" વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને યોગ્ય દિશા નિર્ધારિત કરવામાં મદદરૂપ બન્યો હતો.

# અનુભૂતિ ગ્રુપના કલાકારોના ચિત્રોનું પ્રદર્શન હવે ઉદયપુરમાં



જામનગરના પ્રખ્યાત અનુભૂતિ ગ્રુપના કલાકારો, જેમાં સંજય જાની, ઉષા શાહ, દિક્ષિકા કાનિયા અને વિવેક ખાંસીનો સમાવેશ થાય છે, તેમના સમૂહ ચિત્ર પ્રદર્શનને હવે ઉદયપુરમાં રજૂ કરવાની તક મળી છે. આ કલા પ્રદર્શન રાજસ્થાનના ઉદયપુરમાં આવેલી "કલા વિધી" બાગોર કી હવેલી આર્ટ ગેલેરી ખાતે પ્રદર્શિત થશે.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, અમદાવાદના આર્થિક સહયોગથી રાજ્ય બહાર યોજાતા સમૂહ ચિત્ર પ્રદર્શનો માટે રાજ્યભરમાંથી આવેલી અનેક અરજીઓમાંથી, પસંદગી સમિતિ દ્વારા અનુભૂતિ ગ્રુપના કલાકારોના પ્રદર્શનને મંજૂરી આપવામાં આવી છે. આ પહેલા પણ અનુભૂતિ ગ્રુપે પોરબંદર ખાતે આવેલી મહારાણા નટવરસિંહજી આર્ટ ગેલેરીમાં સમૂહ ચિત્ર પ્રદર્શન યોજીને કલા જગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી.

આ વર્ષે પણ લલિતકલા અકાદમી દ્વારા તેમના બે ગ્રુપને જિલ્લા બહાર પ્રદર્શન માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

નોંધનીય છે કે અનુભૂતિ ગ્રુપમાં ૧૦ વર્ષથી ૭૨ વર્ષ સુધીના વિવિધ વયજૂથના કલાકારો જોડાયેલા છે, જેઓ પોતાની કલા દ્વારા શહેર અને રાજ્યનું ગૌરવ વધારી રહ્યા છે. આ ગ્રુપે જામનગર શહેરમાં સુમેર ક્લબ ખાતે પણ સફળતાપૂર્વક સમૂહ ચિત્ર પ્રદર્શનનું આયોજન કર્યું છે. ઉદયપુર ખાતે યોજાનારું આ પ્રદર્શન ગુજરાતની કલા અને કલાકારોને અન્ય રાજ્યોમાં રજૂ કરવાની એક ઉત્તમ તક પૂરી પાડશે.

# મોટી બાણુગર ખાતે "લેટ્સ બ્રેક ડાઉન" થીમ પર વિશ્વ હેપેટાઈટિસ દિવસની ઉજવણી

## વિદ્યાર્થીઓને હેપેટાઈટિસના વિવિધ પ્રકારો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી

જામનગરના મોટી બાણુગર ગામમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે વિશ્વ હેપેટાઈટિસ દિવસ ૨૦૨૫ નિમિત્તે એક ખાસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. "લેટ્સ બ્રેક ડાઉન" થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં હેપેટાઈટિસ, ટીબી, એનીમિયા અને વાહકજન્ય રોગો વિશે જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાનો હતો.



પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી બાણુગર હેઠળની આ શાળામાં ધોરણ ૧૧ અને ૧૨ના ૫૮ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને હેપેટાઈટિસના વિવિધ પ્રકારો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. આ ઉપરાંત, ટીબી (ક્ષય), મેલેરિયા, ડેન્ગ્યુ, ડાયેરિયા જેવા વાહકજન્ય રોગો અને એનીમિયા (પાંડુરોગ) વિશે પણ પત્રિકાઓ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

વિદ્યાર્થીઓને આ રોગોના લક્ષણો, નિવારણના ઉપાયો અને સારવાર વિશે ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓની શંકાઓ દૂર કરવા માટે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ, જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ અને જામનગર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જિલ્લા એસ.બી.સી.સી. ચિરાગ પરમાર અને ટીબી સુપરવાઈઝર વિમલભાઈ નકુમ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરાયું હતું. શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અમરીબેન ચંદ્રવાડીયા, શિક્ષકો રેખાબેન સુથાર, રિદ્ધિબેન પુરોહિત, હેતલબેન નાટડા અને દિવ્યાબેન જોષીએ આ કાર્યક્રમના સફળ આયોજનમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

# મોડીરાત્રે પથ્થરમારો: સાધના કોલોનીમાં પાર્ક કરેલી કારને નિશાન બનાવી

જામનગર શહેરની સાધના કોલોની વિસ્તારમાં, શ્રી જલારામ મંદિર નજીક પાર્ક કરેલી એક કાર પર અજાણ્યા તત્વો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. મોડી રાત્રે બનેલી આ ઘટનાની જાણ સવારે સ્થાનિક રહીશોને થતા લોકોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે.પથ્થરમારાના કારણે વાહનને નોંધપાત્ર નુકસાન થયું છે, પરંતુ આ કૃત્ય પાછળ કોણ છે અને તેનો હેતુ શું છે તે હજુ સુધી અકબંધ છે. રહેણાંક વિસ્તારમાં આવી અસામાજિક પ્રવૃત્તિઓથી લોકોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે અને સ્થાનિકોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# ધ્રોલમાં જન્માષ્ટમીએ નિકળશે ભવ્ય શોભાયાત્રા: હિન્દુ સેના દ્વારા તડામાર તૈયારીઓ

## શોભાયાત્રાના રૂટ પરના વીજ વાયરો ઉંચા લેવા અને રસ્તાઓની મરામત માટે પાલિકા અને વીજ કંપનીને રજૂઆત

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ આગામી તારીખ ૧૬ ઓગસ્ટ, ૨૦૨૫ને જન્માષ્ટમીના મહાપર્વની ધામધૂમપૂર્વક ઉજવણીના ભાગરૂપે ધ્રોલ શહેરમાં પણ આ પર્વને લઈને હિન્દુસેના દ્વારા એક ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રાને લઈને આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે અને તેના સુચારૂ સંચાલન માટે સ્થાનિક પ્રશાસનને લેખિતમાં રજૂઆતો પણ કરવામાં આવી છે.

હિન્દુસેના ધ્રોલના શહેર પ્રમુખ, ગૌરવભાઈ મહેતાએ આ અંગે જણાવ્યું હતું કે, શહેરમાં એક વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાશે અને ભગવાન કૃષ્ણનો સુશોભિત રથ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે.




શોભાયાત્રાના આયોજનને અનુલક્ષીને, હિન્દુસેના દ્વારા બે મુખ્ય સરકારી વિભાગોને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યા છે. પ્રથમ રજૂઆત પી.જી.વી.સી. એલ. કચેરી, ધ્રોલ ટાઉન, જીલ્લો જામનગરને કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, શોભાયાત્રામાં સામેલ થનાર ભગવાન કૃષ્ણના રથની ઉંચાઈ અંદાજે ૧૨ ફૂટ જેટલી રાખવામાં આવી છે. શોભાયાત્રા જે માર્ગો પરથી પસાર થવાની છે, તે માર્ગો પર આવતા વીજળીના તાર નીચે હોવાને કારણે કોઈ અકસ્માત કે દુર્ઘટના ન સર્જાય તે માટે સાવચેતીના ભાગરૂપે તમામ વીજ વાયરોને ૧૨ ફૂટથી વધુ ઉંચાઈ પર લેવા માટે અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત, બીજી રજૂઆત ધ્રોલ નગરપાલિકા, જીલ્લો જામનગરને કરવામાં આવી છે. નગરપાલિકાને પાઠવેલા પત્રમાં શોભાયાત્રાના નિર્ધારિત રૂટ પર યોગ્ય સફાઈ કરાવવા તેમજ માર્ગમાં આવતા ખાડા-ટેકરા અને ઉબડખાબડ રસ્તાઓનું તાત્કાલિક સમારકામ કરાવવા માટે અરજ કરવામાં આવી છે.

# જૂનાગઢ મનપાની શિવદર્શન યાત્રામાં છબરડો આયોજનના અભાવે શિવ દર્શન અધૂરા રહ્યા

## વડીલો માટે પૂરતી બસની વ્યવસ્થા ન હોવાથી ઘરે પાછા ફરી જવું પડ્યું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા લોક ભાગીદારીથી શ્રાવણ માસના સોમવારે સિનિયર સિટીઝનો માટે શિવ દર્શનનું જૂનાગઢમાં આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ સિસ્ટમ અને વ્યવસ્થાના અભાવે જાહેરાત બાદ શિવદર્શન માટે પહોંચેલા સિનિયર સિટીઝનોને પૂરતી બસની વ્યવસ્થા ન હોવાથી ઘરે પાછો જવાનો વારો આવ્યો હતો.

દરમિયાન વડીલો વિપક્ષ નેતા લલિત પરષણા પાસે પહોંચતા કોંગ્રેસ દ્વારા તાત્કાલિક બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેવી જ રીતે શહેર ભાજપ દ્વારા તેમના ભંડોળમાંથી પણ એક બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને વડીલોને શિવ દર્શન કરાવવામાં આવ્યા હતા. જો કે આટલી બસ પણ પૂરતી ન હતી. ત્યારે વડીલોને યાત્રાનો લાભ લીધા વગર નારાજગી સાથે ઘરે પરત ફરવું પડ્યું હતું. આ અંગે વિરોધ પક્ષના નેતા લલિત પરસાણાના જણાવ્યા મુજબ, જોષીપરાના પટેલ સમાજ ખાતે સોમવારે મનપાની જાહેરાત બાદ મોટી સંખ્યામાં વડીલો યાત્રા પ્રવાસ માટે આવ્યા હતા. પરંતુ બસની પૂરતી વ્યવસ્થા ન હતી ત્યારે વડીલોમાં નારાજગી ફેલાઈ હતી. જે અંગે યાત્રા પ્રવાસને લીલી ઝંડી આપવા પહોંચેલા પદાધિકારીઓને વિરોધ પક્ષના નેતાએ બીજી બસ બોલાવવા જણાવ્યું હતું, પરંતુ કોઈ સગવડ થઈ ન હતી. આગામી સોમવારે આ યાત્રાઓ માટે સિનિયર સિટીઝનોને બોલાવવામાં આવે જેથી કરી કોઈપણ મોટી ઉંમરના સિનિયર સિટીઝનો રહી ન જાય અને પવિત્ર શ્રાવણ માસ હોય દેવતુલ્ય વડીલો નારાજ ન થાય તેમ યાદીમાં જણાવ્યું હતું.

# જૂનાગઢ: જટાશંકરમાં છાપરા વિના વરસાદમાં પ્રસાદ લેવા વિવશ શિવભકતો

## મહંત અને ભકતજનોએ અનેક વખત રજૂઆત કરવા છતા નાનકડું છાપરૂ બનાવવાની માંગ વર્ષોથી અધ્ધરતાલ!

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની ગીરી તળેટીમાં આવેલ જટાશંકર મહાદેવ સેંકડો લોકોની આસ્થાનું કેન્દ્ર છે. અહીં વર્ષે

લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો જંગલ વચ્ચે પગપાળા ચાલી પહોંચે છે, અને જટાશંકર મહાદેવના પૂજન, અર્ચના કરી ધન્યતા અનુભવે છે. પરંતુ અહીં આવતા યાત્રિકોને વન વિભાગના કડક કાયદાઓ અથવા જડ વલણને કારણે અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

અહીં પતરાનો પૂરતો સેડ ન હોવાથી ચાલુ વરસાદમાં મંદિરમાં ચાલતા અન્નક્ષેત્રમાં ભાવિક ભક્તજનોને પ્રસાદ લેવો પડે છે. ત્યારે ભાવિકો માંગણી કરી રહ્યા છે કે, ''એક નાનકડો પતરાનો સેડ બનાવવા દો... પણ તે માંગણી વન વિભાગ દ્વારા પૂરી થતી નથી ત્યારે ભાવિકો દ્વારા ફરી એક વખત આ માંગ ઉગ્ર બની ઉઠવા પામી છે.



ગિરનારની ગોદમાં આવેલ જટાશંકર મહાદેવ મંદિર, જે ખડખડ વહેતા ઝરણાઓ અને જંગલની લીલી હરિયાલી વચ્ચે આવેલું લાખો લોકોનું આસ્થાનું સ્થાન છે. અહીં બિરાજતા જટાશંકર મહાદેવના દર્શન, પૂજન, અર્ચન કરવા મોટી સંખ્યામાં ભાવિકો પગપાળા ચાલી પહોંચે છે, અને ધન્યતા અનુભવે છે.

મંદિર અને સેવાભાવી લોકો દ્વારા દર્શને આવતા ભાવિકો માટે અન્નક્ષેત્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ ભાવિકો નિરાંતે બેસી પ્રસાદ આરોગી શકે તે માટે પૂરતું છાપરું પણ નથી.

આ માટે જટાશંકર મંદિરના મહંત તથા અહીંના ભાવિક ભકતજનો દ્વારા અવારનવાર વન વિભાગ સહિતના રાજકીય અગ્રણીઓ અને સરકારમાં બેઠેલા નેતાઓને વિનંતીઓ અને રજૂઆત કરવામાં આવી છે. છતાં પણ એક નાનકડું છાપરું બનાવવાની માંગ વર્ષોથી અધરતાલ રહેવા પામી છે. ત્યારે ફરી એક વખત ભાવિક ભકતજનોને ચોમાસાના દિવસોમાં ભોજન પ્રસાદ લેવા માટે પડતી તકલીફોને ધ્યાને લઈ નાનકડું છાપરું બનાવી દેવાની માંગ તીવ્ર બની છે.

# જૂનાગઢ: ખામધ્રોળ વિસ્તારના રહિશો દ્વારા અશાંતધારો લાગુ કરવા કલેકટરને આવેદન

## અસામાજીક તત્વોની દાદાગીરી વધતી હોવાથી પોલીસ પેટ્રોલીંગની માંગણી

**અબતક, દર્શન જોષી, જુનાગઢ**



જૂનાગઢના ખામધ્રોળ રોડ વિસ્તારમાં આવેલ ગોકુલનગર અને આસપાસની સોસાયટીમાં રહેતા રહેવાસીઓએ તંત્રને અશાંતધારો લાગુ પાડવા માટે આવેદન પત્ર પાઠવ્યું હતું.

આ અંગે આવેદનપત્ર પાઠવવા પહોંચેલા મહિલા અગ્રણી કૈલાશ વેગડાએ જણાવ્યું હતું કે, અમને બિન હિન્દુ લોકો સાથે કોઈ વાંધો નથી અને પરિવારો સાથે અમારે સંબંધ છે. પરંતુ ખાસ કરીને આ વિસ્તારમાં બિનહિન્દુ લોકોની રહેણી કરણી અને આહાર વિહાર હિન્દુ લોકોને અનુકૂળ ના હોય અને હિન્દુ સમાજનાં લોકોની લાગણી દુભાતી હોવાથી લોકોને નજીવા ભાવે પોતાના મકાન વહેંચવા પડે છે. આ સાથે કૈલાશબેન વેગડાએ ખામધ્રોળ રોડ વિસ્તારમાં સામાજિક તત્વોની દાદાગીરી પણ વધી હોવાથી પોલીસ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે, ખામધ્રોળ વિસ્તારમાં આવેલ હેમાવન અને સુકન સોસાયટીનાં રહીશોએ આવેદન પાઠવેલ છે. તથા ભાજપના અગ્રણી અને મનપાના પૂર્વ કારોબારી ચેરમેન હરેશ પરસાણા એ પણ જોષીપુરા વિસ્તારમાં અશાંતધારો લાગુ પાડવા માટે સરકારે સુધી રજૂઆતો કરી હતી. તેવું યાદીમાં જણાવેલ હતું.

# ભાણવડ: દેવળીયા ગામે ગૌ હત્યા કરનારા સામે કડક કાર્યવાહી કરવા માંગ

## હિન્દુ સંગઠનો દ્વારા ચાર જેટલા શખ્સો સામે આકરા પગલાં લેવા પોલીસ તંત્રને આવેદન પાઠવ્યું

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**



ભાણવડ તાલુકાનાં સેવક દેવળીયા ગામે ગર્ભવતી ગાયની હત્યા કરી નાખ્યાના બનાવના ઘેરા પડઘા પડ્યા છે. આ ઘૃણાસ્પદ બનાવમાં સંડોવાયેલા ચાર જેટલા શખ્સો સામે આકરા પગલા ભરવાની માંગ સાથે ભાણવડ તાલુકા વિશ્વ હિન્દુ પરિષદે વિશાળ રેલી કાઢી મામલતદાર અને પોલીસને આવેદન પત્ર આપ્યું છે.

ભાણવડના સેવક દેવળીયા ગામે જીહાદી માનસીકતા ધરાવતા તત્વોએ કહેવાતી ગાયની હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં હિન્દુ સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે. જો કે પોલીસે આ બનાવમાં સંડોવાયેલા ચાર જેટલા શખ્સોને દબોચી લીધા છે.

બનાવને વખોડવા માટે ભાણવડ તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રેલીનું આયોજન કરાયું હતું. વિશાળ સંખ્યામાં હિન્દુ લોકો અત્રેના પોશ વિસ્તાર ખોડિયાર ચોકમાં એકઠા થયા હતા અને રેલીનો પ્રારંભ થયો હતો. રેલી વેરાડ ગેઈટ, આઝાદ ચોક, ગાંધી ચોક, પોરબંદર ગેઈટ, રણજીતપરા, વિકાસ રોડ ઉપર પસાર થઈ હતી. બાદમાં તાલુકા સેવા સદન અને પોલીસને આવેદન પત્ર આપ્યું હતું અને કડક પગલાંની માંગ કરી હતી.

# કચ્છ: રાજવી પરિવારે પરંપરાગત ભુજંગદેવની પૂજનવીધી કરી લોકમેળાને ખુલ્લો કર્યો

## ભુજીયા ડુંગરની તળેટીમાં નાગપંચમીએ મયુરધ્વજસિંહ જાડેજાના હસ્તે પૂજનવીધી કરી લોકમેળો ખુલ્લો મુકવામાં આવ્યો



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

નાગપાંચમના ભુજીયા ડુંગરની તળેટીમાં ભુજંગદેવની પૂજા કરવામાં આવી રાજાશાહી સમયથી આ પરંપરા ચાલી રહી છે આજે રાજવી પરિવાર દ્વારા ભુજંગદેવની પૂજા કરી લોકમેળાને ખુલ્લો મુક્યો હતો.

ભુજીયા ડુંગરની તળેટીમાં નાગપંચમીના રાજવી પરિવાર દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી હતી. આજે રાજવી પરિવાર દ્વારા ભુજંગદેવની પૂજાવિધિ કરવામાં આવી હતી નાગ પંચમીની ભુજ સહિત સમગ્ર કચ્છભરમાં તેની ઉજવણી કરવામાં આવી હતી આજે તેરા ઠાકોર મયુરધ્વજસિંહ જાડેજાના હસ્તે પૂજાવિધિ કરવામાં આવી હતી ઈ.સ ૧૭૨૯ ના સમયે અમદાવાદના શેર બુલંદખાને ભુજ ઉપર ચડાઈ કરી હતી. કચ્છના મહારાવ દેશળજીના કુંવર લખપતજી અને રોહા જાગીરના ઠાકોર જીયાજીના સરદારી હેઠળ શેર બુલંદખાનના લશ્કર સાથે ભુજીયા ડુંગર પર યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં નાગાબાવાની જમાતએ યુદ્ધમાં જોડાય હતી. જેમાં કચ્છનો વિજય થયો હતો. આ દિવસ શ્રાવણ સુદ નાગ પંચમીનો હોવાથી આજના દિવસે ભુજંગદેવની પૂજા કરવામાં આવે છે. ભુજીયા ડુંગરની તળેટીમાં લોકમેળો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાતીગળ લોકમેળાને માણ્યો હતો.



# ખંભાળીયાના વડમા ગામે આવેલું પાંચ હજાર વર્ષ જુનું ધીંગેશ્વર મહાદેવ અને પ્રાચીન ગુફા આસ્થાનું કેન્દ્ર

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**



દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા શહેર તથા તાલુકામાં અનેક પ્રાચીન હજારો વર્ષ જુના ઐતિહાસીક શીવ મંદિરો આવેલા છે. જેમાં વડમા ગામે દ્વારકા હાઈવેથી ત્રણેક કી.મી.દૂર પ્રાકૃતિક વાતાવરણમાં તળાવથી ઘેરાયેલું ધીંગેશ્વર મહાદેવનું મંદિર અનોખું છે. જયાં શ્રાવણ માસમાં ભાવિકો ઉમટે છે.

અત્યંત પ્રાચીન આ સ્વયંભૂ પ્રગટ થયેલા ધીંગેશ્વર મહાદેવનું લીંગ ધીંગું એટલેકે જાડુ મોટું હોવાથી તેનું નામ ધીંગેશ્વર પડયું હતુ. શ્રાવણ માસમાં અહી બટુક ભોજન મેળો, સોમવારે પૂજા, યજ્ઞ તથા ભાવિકો દ્વારા શ્રાવણ માસમાં સવા લાખ બિલ્વપત્રો ચડાવાય છે. તથા સવાર સાંજ ભવ્ય આરતી સાથે શીવને વિશેષ શ્રૃંગાર પણ કરવામાં આવે છે.

મંદિરના પ્રાંગણમાંજ ચેતન ધુણો, ભૈરવનું મંદિર, મૂંડીયા સ્વામીની જગ્યા તથા અન્નપૂર્ણા માતાજીનું મંદિર પણ આવેલું છે. જયાં પણ દર્શને ભાવિકો ઉમટે છે. શ્રાવણ માસમાં અહીં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ભાવિકો રૂદ્રી કરવા થાળ ધરાવવા ઉમટે છે. અગાઉ પુજારી સ્વ. દયાગરજી બાપુ દ્વારા અહીં પૂજા થતી હતી અત્યારે મહંત જગદીશગીરી બાપુ નિયમિત વિશેષ શ્રૃંગાર તથા પૂજા કરે છે.

મંદિરની નજીકમાંજ એક પ્રાચીન ગુફા તથા તેમાં પાંચેક પ્રાચીન શીવલીંગો આવેલા છે. જે ગુફા અગાઉ અહીથી દ્વારકા જતી હોવાનું કહેવાતું હતુ. આ ગુફા તથા પ્રાચીન શીવલીંગોના દર્શને પણ ભાવિકો ઉમટે છે. શ્રાવણ માસમાં રોજ વિશેષ શ્રૃંગાર દર્શન થાય છે.

**શ્રાવણના પ્રથમ સોમવારે**

# સિહોર: વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસમાં શિવનાદ ગુંજયો



**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર શહેરની સુપ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારનાં રોજ વિદ્યા પ્રિ સ્કૂલ તેમજ ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી. શ્રાવણ માસના પવિત્ર સોમવારે જ ભગવાન આદિદેવની પૂજા કરવાથી દરેક પ્રકારનું પુણ્ય મળે છે. આ સમગ્ર કાર્યક્રમથી આખુ કેમ્પસ ભકિતમય બની ગયું હતું. આ કાર્યક્રમમાં સંચાલક અને ટ્રસ્ટી પી.કે.મોરડીયા ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પવિત્ર એવા શ્રાવણમાસનાં મહિમાની સમજ આપી સૌને શુભેચ્છા પાઠવી હતી. તેમજ કેમ્પસ ડાયરેકટર અનિકેતભાઈ રાજ્યગુરૂ, આચાર્ય સંગીતાબેન કોઠડિયા, કોર્ડિનેટર ભાવેશભાઈ કસોટીયા, સુપરવાઈઝરઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ: ૧૦૮ ટીમની સરાહનીય કામગીરીથી એક વ્યક્તિને મળ્યું 'નવજીવન'

## અજગર કરડવાથી નાજુક હાલતના દર્દીનો જીવ બચાવ્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ૧૦૮ ટીમની સરાહનીય કામગીરીથી એક વ્યક્તિને નવું જીવન મળ્યું છે. ત્યારે જુનાગઢ ૧૦૮ ની ટીમના ઈ.એમ.ટી. કુલદિપ સિંધવ અને પાયલોટ અક્ષય ચૌહાણની સરહારનીય કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

ભેસાણ તાલુકાના વિશાલ હડમતીયા ગામના વાડી વિસ્તારમાં અજગર કરડવાંથી એક વ્યકિતની હાલત નાજુક થઈ જવા પામી હતી, જેથી ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં આવતા

૧૦૮ ની ટીમના ઈ.એમ.ટી. કુલદિપ સિંધવ અને પાયલોટ અક્ષય ચૌહાણ તુરંત ઘટના સ્થળ પર પહોંચી જઈ, દર્દીની તપાસ કરતા માલૂમ થયું કે, તે વ્યકિતની તબિયત નાજુક હતી. જેથી ઈ.એમ.ટી. કુલદિપ સિંધવ દ્વારા અમદવાદ હેડ ઓફિસના ડો મહેશને ફોનિક હકીકત જણાવી, તેમના માર્ગદર્શન મુજબ જરૂરી સારવાર ૧૦૮ એમ્બ્યુલન્સમાં.જ શરૂ કરી દઈ, જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં દર્દીને પહોંચાડી, દાખલ કરાવી, દર્દીની વધુ સારવાર શરૂ દેવામાં આવી હતી.



જુનાગઢ ૧૦૮ ની ટીમના ઈ.એમ.ટી. કુલદિપ સિંધવ અને પાયલોટ અક્ષય ચૌહાણની સરહારનીય કામગીરીને જુનાગઢ જિલ્લાના અધિકારી યુવરાજ સિંહ ઝાલા અને પ્રોગ્રામ મેનેજર આકાશ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# વિરપુર: બેરાજા ખોડિયાર મંદિરે શિવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

## જીલ્લા બેંકના ડાયરેકટર લલીતભાઈ રાદડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, દેવરાજ રાઠોડ, વિરપુર**

વિરપુર નજીક આવેલા બેરજા ખોડિયાર માતાજીના મંદિરે ભવ્ય શિવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક પ્રસંગે અનેક ભાવિક ભક્તો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ભગવાન શિવના નવસ્થાપિત સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



આ શુભ પ્રસંગે જિલ્લા બેંકના ડિરેક્ટર લલિતભાઈ રાદડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિનાબેન ડોબરિયા, જનકભાઈ, નીતિનભાઈ તેમજ અન્ય અનેક અગ્રણીઓએ પણ હાજરી આપી હતી.

આ મંગલમય વાતાવરણમા ગગનભારતી બાપુએ ઉપસ્થિત સૌ કોઈને આશીર્વાદ પાઠવ્યા હતા અને આયોજકોના આ પ્રયાસને બિરદાવ્યો હતો. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવથી બેરજા ખોડિયાર મંદિર પરિસરમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનેરો માહોલ છવાયો હતો.

# બાબરા તાલુકાના ગામડાઓને એસ.ટી. બસના સ્ટોપ મળતાં આનંદો

## સાંસદ ભરત સુતરીયા અને પ્રભાત કોઠીવાળના પ્રયાસો રંગ લાવ્યા

**અબતક, બાબરા**

બાબરા તાલુકાના ઉટવડ ગામે થી અમરેલી રાજકોટ વાયા ચિતલ,લીલીયા અમરેલી રાજકોટ, અમરેલી રાજકોટ વાયા લાઠી. આ બસો એસ.ટી વિભાગ દ્વારા ચાલતી હતી પરંતુ ઊંટવડ ગામે સ્ટોપ ન હોવાથી આજુ બાજુ ના ઊંટવડ, નવાનિયા, રાયપર, સુકવલા, સમઢીયાલા, આંબલીધાર, ઘુઘરાલા વગેરે ગામડાના વિદ્યાર્થીઓ, દર્દીઓ તેમજ ધંધાર્થી ઓને અપડાઉનમા સુવિધા મળતી ન હતી તેમજ સાવરકુંડલા રાજકોટ જે સવારે ૫ કલાકે સવારકુંડલાથી ઉપડે છે જે પણ એક્સપ્રેસ હતી આ બધા રૂટ નો લાભ મળતો ન હતો જે અંગે ઊંટવડ ગામ ના મુસાફરો સૂર્યકાંતભાઈ, અભયભાઈ, પ્રશાંતભાઈ, સંદિપભાઈ વગેરે લોકોએ આ વિસ્તારના જાગૃત અને સક્રિય જીલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ ને જાણ કરતા તેઓએ સાંસદ ભરતભાઈ સૂતરિયાને જાણ કરતા લેખીત તેમજ મૌખિક રજૂઆત કરતા આ બધીજ બસના સ્ટોપ ઊંટવડ ગામને મળતા આ ગામોમાં આનંદની લાગણી ફેલાઈ છે. તમામ અપડાઉન કરતા મુસાફરોએ ભરતભાઈ સુતરિયા તથા પ્રભાતભાઈ કોઠીવાળ નો આભાર વ્યક્ત કરેલ છે.



# ચોટીલાના વડાળી ગામે વીજકરંટથી મોરના મૃત્યુ બાદ મંજૂરી વિના મૃતદેહનો નિકાલ

## રાષ્ટ્રીય પક્ષી મોરનુ મૃત્યુ છુપાવી મૃતદેહના નાશ કરવા બદલ ૭ ઈસમો જેલ હવાલે

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

ચોટીલાના વડાળી ગામે વીજ કરંટથી મૃત્યુ પામનાર મોરના મૃતદેહનો મંજૂરી વિના નિકાલ કરી મૃત્યુ છુપાવવા બદલ વન વિભાગ એ ૭ સામે ગુનો નોંધી અટકાયત મા લય જેલ હવાલે કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ચોટીલાના વડાલી ગામે તા, ૧૫ના રોજ વીજ શોકથી મોરનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારબાદ ૨૧જુલાઈ ના રોજ ભેટસુડા ગામે વીજ કરંટથી મોરનું મૃત્યુ નીપજયાની બીજી ઘટના નોધાઈ હતી, તેની જાણ વન વિભાગને થતા તપાસ દરમિયાન ૨/૭ ના રોજ મોરના મોતનો વિડીયો મળતા કરેલી તપાસ મા વિંડ વર્લ્ડ કંપનીના કર્મચારીઓએ ૩૩કેવી વીજ લાઈન પરથી મોર ઉતારી મોરના મુતદેહનો



મંજૂરી વગર નિકાલ કર્યો હોવાની હકીકત ખુલતા વન્યપ્રાણી સરક્ષણ અધિનિયમ અંતર્ગત ગુનો નોંધી સાત શખ્સોની અટકાયત કરી હતી.

આ મામલે વિન્ડવર્લ્ડ કંપનીના મેનેજર નાગાજણ દુલા કેશવાલા, રતનપર, ૨, વિષ્ણુ તેજાભાઈ પરમાર ૩, રાજેશ લાભુભાઈ ખાટરીયા ૪, રાકેશ રણજીત બારીયા ૫, રાહુલ જેસંગભાઈ મેતા ૬, લાલા સુપરાભાઈ પગી ૭, રાજેશ લક્ષ્મણસિંહ પગી ને ઝડપી લઈ ચોટીલા કોર્ટમાં રજૂ કરતા તમામને જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

આ કામગીરીમાં ચોટીલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર એનપી રોજાસરા, બીબી ખાચર, બી એચ સોલંકી, જે કે દુધરેજીયા, બીકે ભાલુ, અને સંતોષ પરમાર સહિતના કર્મચારીઓએ કામગીરી કરી હતી.

# જૂનાગઢમાં શ્રાવણિયો જુગાર રમતી ૧૨ સન્નારીઓ ઝડપાઈ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢમાં ઘરકામમાંથી ફુરસદ મેળવી સાંજના સમયે ગંજી પતો કૂટવા જાહેરમાં બેસી જુગાર રમતી ૧૨ મહિલાઓને પોલીસે પકડી, કાયદેસરની કાર્યવાહી કરતા, ખલીલપુર રોડ ઉપર આ બાબત ચર્ચાનો વિષય બની હતી, બીજી તરફ જુગાર રમતી મહિલાઓના પતિ, પુત્ર સહિતના પરિવારજનોને પોતાના ઘરના લક્ષ્મીને છોડાવવા પોલીસ સ્ટેશનમાં ભારે દોડધામ કરવી પડી હતી.

શહેરના ખલીલપુર રોડ, ગોપાલવાડીઉ, બાલકૃષ્ણ હવેલી પાછળ, સાંજના સમયે જાહેરમાં તીન પતી નામનો હાર-જીતનો પૈસા પાના વડે જુગાર રમતા જલ્પાબેન જેન્તીભાઈ સુવાગીયા , પારૂલબેન ભાવેશભાઈ રુપાપરા, હીનાબેન પ્રદિપભાઈ માધવાણી, મુકતાબેન રમેશભાઈ ટાંક, મંજુલાબેન મનસુખભાઈ સોલંકી, ભગવતીબેન ઉમેશભાઈ કાકડીયા, કિરણબેન કિશોરભાઈ ગઠીયા, લીલાબેન પ્રવીણભાઈ વાઘેલા, મંજુબેન લક્ષ્મણભાઈ સોરઠીયા, નીમુબેન ચેતનભાઈ કોરીયા, કાન્તાબેન કાન્જીભાઈ ડાભી તથા સંધ્યાબેના રામજીભાઈ હપાણીને બી ડિવિઝન પોલીસે પટ માંથી રોકડા રૂ. ૧૦૧૪૦, ગંજીપતાના પાના સાથે પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સૌરાષ્ટ્રમાં તરખાટ મચાવતા તસ્કરને એલસીબીએ દબોચ્યો

**અબતક પ્રદીપ ઠાકર, અમરેલી**



## અમરેલી સહિત ચાર જિલ્લાના ૮ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો: મુદ્દામાલ કબ્જે કર્યો

સૌરાષ્ટ્રમાં અમરેલી, રાજકોટ, જૂનાગઢ, બોટાદ સહિતના જુદા જુદા જિલ્લાઓમાં થયેલી કુલ ૮ મોટરસાયકલની ચોરીઓનો ભેદ ઉકેલાયો છે. અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૮ મોટરસાઈકલ સહિત કુલ ૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, એલ.સી.બી. ટીમ બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મળેલી બાતમી હકિકત આધારે એક ઈસમને શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી પાડીને પોલીસે પોતાની આગવી ઢબે મોટર સાયકલ અંગે સઘન પુછપરછ કરતા પોતે રાજુલા, બોટાદ, ગોંડલ, જુનાગઢ વિસ્તારમાંથી કુલ - ૮ મોટર સાયકલોની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. ચોરી કરેલ મોટર સાયકલો કબ્જે કરીને ચોરીના મોટર સાયકલ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં બે, બોટાદ પો.સ્ટે.-૧, જુનાગઢ બી. ડીવી. પો.સ્ટે. -૩, ગોંડલ બી ડીવી. પો.સ્ટે. - ૨ મળી કુલ - ૮ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળી છે. આરોપી અસ્લમ આમદભાઈ પબડા, ઉ.વ.૪૦, રહે. બગસરા પાસેથી ચોરાયેલી કુલ ૮ મોટર સાઈકલ જેની કિ. રૂ. ૨.૧૫ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે સૌરાષ્ટ્રમાં જુદા જુદા જિલ્લાઓમાં થયેલી કુલ ૮ મોટર સાઈકલ ચોરીઓનો ભેદ ઉકેલાયો છે.

# જસદણના ગંગા ભુવનમાં મહિલા પર પાડોશીઓનો હુમલો: જડબું તોડી નખાયું

## શેરીમાં અડધો શર્ટ ખુલો રાખીને ફરવા બાબતે બોલાચાલી થયાં બાદ પાઈપ અને કુહાડી લઈને ધસી જઈ માર મારનાર દંપતી સહીત ત્રણ વિરૂધ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

જસદણના ગંગા ભુવનમાં શેરીમાં અડધો શર્ટ ખુલ્લો રાખીને ફરવા બાબતે પાડોશીઓ વચ્ચે બોલાચાલી થયાં બાદ મહિલા પર પાઈપ અને કુહાડી લઈને ધસી આવેલ દંપતી સહીતનાએ હુમલો કરી જડબું તોડી નાખ્યું હતું. મામલામાં જસદણ તાલુકા પોલીસે પાડોશી પતિ, પત્ની અને પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

જસદણના સમાત રોડ પર ગંગા ભુવનમાં રહેતા ૪૦ વર્ષીય પરિણીતા પન્નાબેન ભરતભાઈ વાળાએ જસદણ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશી ભાભલુ ગીડા, નંદાબેન ગીડા, પૃથ્વીરાજ ગીડાનું નામ આપતાં જણાવ્યું હતું કે, અમારી બાજુમાં રહેતા ભાભલુભાઈ ગીડા બે વર્ષથી અમારી શેરીમાં પોતાનો શર્ટ અડધો ખુલ્લો રાખીને બેસતા હોય તેથી મેં તેને આવી રીતે શેરીમાં ન બેસવા માટે અવાર નવાર સમજાવતા ભાભલુભાઈ મારી સાથે ઝઘડો કરી ગાળો દેવા લાગતો હતો. બાદ ગઈ તા.૨૮/૦૭/૨૫ ના રાત્રિ ના આશરે દસેક વાગ્યાની આસપાસ હું તથા મારી બહેન ચંદ્રા અમારા ઘરની બહાર બેઠા હતા ત્યારે પાડોશી ભાભલુભાઈ ગીડા ત્યાંથી નીકળેલ ગાળો આપી જતો રહેલ હતો. જેથી મે પોલીસ સ્ટેશન ખાતે જાણ કરેલ હતી અને થોડીવારમાં પોલીસની ગાડી ત્યાં આવેલ હતી પણ ભાભલુ પોતાનું મોટરસાયકલ લઈને નીકળી ગયેલ હતો. બાદ રાત્રિના આશરે અગિયાર વાગ્યે હું તથા મારા બહેન ચંદ્રાબેન, જેઠાણી દમબેન પ્રતાપભાઈ વાળા, પાડોશમાં રહેતા હેમાલીબેન ભાવેશભાઈ સોલંકી, દક્ષાબેન વિજયભાઈ વાળા બધા અમારા ઘરની બહાર ઓટા ઉપર બેસેલ હતા. દરમિયાન પાડોશી ભાભલુભાઈ ગીડા તેના હાથમા લોખંડનો પાઈપ લઈને, તેની પત્ની નંદાબેન કુહાડી તથા તેનો દીકરો પૃથ્વીરાજ તેના હાથમાં પ્લાસ્ટિકનો પાઈપ લઈને ધસી આવેલ હતા. બાદ અગાઉના જગડાનો ખાર રાખી મને ગાળો આપવા લાગેલ હતા. બાદ ભાભલુએ લોખંડના પાઈપ વડે મને શરીરે ઘાં ઝીંકી દીધા હતા. તેની પત્ની તથા દીકરો પૃથ્વીરાજ ત્રણેય ગાળો આપવા લાગેલ હતા. જેથી મારી બહેન ચંદ્રા તથા મારી જેઠાણી દમબેન વચ્ચે પડતા ઝપાઝપી થઈ હતી. દરમિયાન મને જમણા ગાલ પાસે ઘા વાગી ગયેલ હતો જેથી ગાલમાથી લોહી નિકળવા લાગેલ હતું. બાદ હું નીચે બેસી ગયેલ હતી. દરમિયાન ત્રણેય શખ્સોએ બહેન ચંદ્રા તથા જેઠાણી દમબેનને પણ માર મારેલ હતો અને મને પતાવી દેવાની ધમકી આપી નાસી ગયા હતા. બાદ મારો દીકરો સત્યજીત આવી જતા મને અમારી સ્વીફ્ટ ફોરવ્હીલ ગાડીમાં બેસાડી સારવારમાં રાજકોટ જવા નીકળી ગયેલ હતા. દરમિયાન રસ્તામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સામી મળતા મને ૧૦૮ માં બેસાડી રાજકોટની પ્રાઈવેટ હોસ્પિટલમા સારવાર અર્થે દાખલ કરતા મને જમણી બાજુ જડબામાં ફેક્ચર થયાનું તબીબે જાહેર કર્યું હતું.


મામલામાં પરિણીતાની ફરિયાદ પરથી જસદણ પોલીસે પાડોશી પતિ, પત્ની અને પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# જૂનાગઢમાં મકાનમાંથી જુગારધામ પકડાયું

## આઠ શખ્સોની ધરપકડ કરી રૂ.૪.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ બી ડિવીઝન પોલીસ એ શહેરના હાથીખાના વિસ્તારમાં જુગાર અંગે દરોડો પાડી, કુલ રૂ. ૪,૬૧,૨૦૦ ના મુદામાલ સાથે ૮ ઈસમો ને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જુનાગઢ બી ડિવીઝન પોલીસને મળેલ ખાનગી બાતમી હકીકતના આધારે શહેરના જેલ રોડ, હાથીખાનાની બાજુમાં આવેલ યાદવ નીવાસ નામના મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા, મકાન માલિક શુભમ રમેશભાઈ યાદવ નામનો વ્યક્તિ પોતાના રહેણાંક મકાને બહારથી માણસો બોલાવી, ગંજીપતાના પાના અને પૈસા વડે રોન પોલીસનો હાર-જીતનો જુગાર રમી-રમાડતા મળી આવતા, પોલીસે પટ માંથી રોકડા રૂ. ૬૧,૨૦૦, મોબાઈલ ફોન નંગ ૦૯, ફોરવ્હિલર કાર નંગ ૦૨, મો.સા. નંગ ૦૨ મળી કુલ રૂ. ૪,૬૧,૨૦૦ ના મુદ્દામાલ સાથે શુભમ રમેશભાઈ યાદવ, નીશીત ઉમેશભાઈ યાદવ, વિરેન હરીભાઈ ડોલાસીયા, નીર્મલ કનુભાઈ સોલંકી, યશ સંજયભાઈ વાઘેલા, સંજય જીવાભાઈ ગોરીયા, વિરમ રામભાઈ ઝાલા તથા યોગેશ તનસુખભાઈ મેઘનાથીને જુગાર રમતા પકડી પાડી, જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# ધ્રાંગધ્રાના ભરાડા ગામે ઉઘરાણી કરતા પિતા-પુત્રને માર પડ્યો

## ચાર શખ્સોએ લાકડી વડે મારમાર્યાનો નોંધાતો ગુનો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના ભરાડા ગામે ઉછીના પૈસા આપેલા તે બાબતે પૈસાની ઉઘરાણી કરતા ચાર શખ્સો દ્વારા પિતા પુત્ર ઉપર લાકડી વડે હુમલો કરીને નાસી ગયા હતા. જેમાં ઈજાગ્રસ્ત પિતા પુત્રને હોસ્પિટલ ખસેડી ચારય શખ્સોં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ધ્રાંગધ્રા તાલુકાના ભરાડા ગામે રહેતા રાજેશભાઈ અલીભાઈ મુલતાની દ્વારા અગાઉ પોતાના ગામના જીલાભાઈ કરણાભાઈ ભૂંડીયાને હાથ ઉછીના રૂપિયા આપ્યા હોય જે પરત માંગતા ખીમાભાઈ કરણાભાઈ ભુંડિયા, જીલાભાઈ કરણાભાઈ ભૂંડીયા, પ્રભુભાઈ વિહાભાઈ ભૂંડીયા તથા લાખાભાઈ હીરાભાઈ ભૂંડીયા સહિત શખ્સો હાથમાં લાકડી લઈ રાજેશભાઈ મુલતાનીની દુકાને જ્યારે તેઓના પુત્ર હાજર હોય ત્યારે જેમતેમ ગાળો બોલતા હોય અને તેવા સમયે રાજેશભાઈ મુલતાની ત્યાં દુકાને પહોચતા ચારેય શખ્સો એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે પિતા પુત્ર પર હુમલો કરી ઈજા પહોચાડી ધમકી આપી નાશી ગયા હતા આ તરફ ઈજાગ્રસ્ત પિતા પુત્રને તાત્કાલિક સરકાર અર્થે હોસ્પિટલ ખસેડી ચારેય હુમલાખોર વિરૂધ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ગુન્હો નોંધાવી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ: છરીની અણી લૂંટ ચલાવનાર બેલડી ઝડપાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢમાં અગાઉ પોલીસમાં અરજી કરેલ હોય,જે વાતનો ખાર રાખી, શહેરના જમાલવાડી વિસ્તારમાં રહેતા આરોપી સમીર ઉર્ફે કયામત મયુદીનભાઈ શેખ (ઉ.વ. ૨૫) તથા શાહરુખ મયુદીનભાઈ શેખ એ ફરીયાદીના ઘરમાં ઘૂસી, ફરીયાદીને અગાઉ કરેલ ફરીયાદ પાછી ખેચી લેવાનુ કહેતા ફરીયાદીએ અગાઉ કરેલ ફરીયાદ પાછી ખેચી લેવાની ના પાડતા, બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી, પાઈપથી માર મારી, ફરીયાદીને છરી બતાવી, રોકડા રૂપીયા ૭૦૦ સાથેના પર્સની લુંટ કરેલ હોવાની ફરીયાદ એ ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી.

પોલીસને ફરિયાદ મળતા જ જુનાગઢ એ ડીવી.પો.સ્ટે.ના પો.ઈન્સ આર.કે.પરમાર એ આ ગુન્હાના આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના આપતા એ-ડિવિઝન ગુના નિવારણ સ્કોડના સ્ટાફએ આરોપી સમીર ઉર્ફે કયામત મયુદીનભાઈ શેખ તથા શાહરુખ મયુદીનભાઈ શેખને તાત્કાલીક પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢ: સગીરાને મરવા મજબુર કરનાર શખ્સ પકડાયો

## કિશોરીને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કર્યું'તુ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



સગીર વયની દિકરીને પ્રેમજાળમાં ફસાવી, મરવા મજબુર કરનાર નરાધમ આરોપીને જુનાગઢ એ ડિવિઝન પોલીસે તાત્કાલીક દબોચી લઇ, આરોપી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, ગત તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ શહેરના પ્રદીપ ખાડીયા વિસ્તારમાં રહેતો શખ્સ નયન દિનેશભાઈ સોલંકી (ઉ.વ.-૨૪) ભોગ બનનાર એક સગીર વયની દિકરીને લલચાવી પોતાની પ્રેમજાળમાં ફસાવી, અપહરણ કરી, ભગાડી લઈ જઈ, ભોગ બનનાર સગીરાને મરવા માટે મજબુર કરેલ હોવાનો બનાવ બનેલ. જે બાબતે એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ.૨૦૨૩ ની કલમ ૧૦૮, ૧૩૭ (૨), ૮૭ કલમ અંતર્ગત ફરીયાદ દાખલ થયેલ હતી. જે અનુસંધાને જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરા તથા જુનાગઢ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલીયા એ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, જેથી ''એ'' ડીવીઝન પોલીસ ઈન્સપેકટર આર.કે. પરમારએ આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીને સત્વરે પકડી પાડવા ગુના નીવારણ સ્કોડના પો.સ્ટાફને સુચના કરેલ. જે દરમિયાન પોલીસને મળેલ બાતમી હકીકતના આધારે આરોપીના રહેણાંક મકાને તપાસ કરતા આરોપી નયન સોલંકી મળી આવતા પોલીસે તેની અટક કરી આગળની તપાસ પો.સબ.ઈન્સ બી.એમ.વાઘમસી કરતા હોય વધુ કાર્યવાહી માટે આરોપીને સોપી આપેલ હતો.

# બાબરાના મોટા દેવળીયાની યુવતીનો આપઘાત

## દવા પીધા બાદ તબિયત બગડતા બે દિવસે પરિવારજનોને ખબર પડી

**અબતક રાજકોટ**

બાબરાના મોટા દેવળીયા ગામની યુવતીએ ખડ મારવાની દવા પી લીધા બાદ તબિયત બગડતા બેભાન હાલતમાં દવાખાને ખસેડતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન યુવતી નું મોત નીપજ્યું હતું

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બાબરાના મોટા દેવડીયા ગામે રહેતા શ્રદ્ધાબેન ભરતભાઈ સોલંકી ૨૨ એ ગત ૨૬, ૭ ના રોજ બપોરના સમયે ખડ બાળવાની દવા પી લીધી હતી, દવા પીધાની કોઈ પરિવારજનોને ખબર પડવા દીધી ન હતી, બે દિવસ પછી દવાની અસર ધીરે ધીરે થતાં તબિયત બગડતા પરિવારજનોએ તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરતા શ્રદ્ધાબેને ખડ મારવાની દવા પી લીધી હોવાનું બહાર આવ્યું હતું. તાત્કાલિક શ્રદ્ધાબેનને પ્રથમ શ્રીજી હોસ્પિટલ ગોંડલ અને ત્યાંથી રાજકોટ સરકારી હોસ્પિટલમાં લાવતા ઈમરજન્સીમાં દાખલ કર્યા હતા જ્યાં જેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

શ્રદ્ધાબેન ના પિતા ભરતભાઈ સોલંકી ખેતી કામ કરે છે તેમને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રીમાં શ્રદ્ધાબેન નો બીજો નંબર હોય છે આ અંગે બાબરા પોલીસે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલ: ટ્રેન હેઠળ ઝંપલાવી યુવકનો આપઘાત

## યુવકને પત્ની સાથે ઝઘડો થતા અંતિમ પગલું ભર્યું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ગત મોડિ રાત્રીના એક યુવકે ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. સુરેશ્વર ફાટક થી ભોજપરા ગામ વચ્ચે મુળ મધ્યપ્રદેશ નાં ભીંડ તાલુકાનાં કોતગામ નાં અને હાલ ગોંડલ ખોડીયાર નગરમાં રહેતા શૈલેન્દ્રસિંગ ઉર્ફે પંકજ મહેન્દ્રસિંગ રાજાવત ઉ.૨૫ ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. યુવકે રાત્રીના બે વાગ્યે રાજકોટથી ગોંડલ આવતી માલ ગાડી નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો.

ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકને પત્ની સાથે કોઈ કારણોસર ઝઘડો થયો હતો અને ત્યારબાદ ઘરેથી નિકળી સુરેશ્વર ફાટક નજીક યુવકે ટ્રેન નીચે પડતું મૂકી અંતિમ પગલું ભરી લીધાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

ઘટના સ્થળે શિવમ સાર્વજનિક ટ્રસ્ટના સભ્યો સુરેશ્વર ફાટક પાસે એમ્બ્યુલન્સ રાખી અંદાજે ૧ કિલોમીટર થી વધુ ચાલી મૃતદેહ સુધી પહોંચ્યા હતા અને મૃતક યુવકના મૃતદેહને પી.એમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તાલુકા પોલીસે યુવકના આપઘાત ક્યાં કારણોસર કર્યું તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# હિંમતનગરમાં માચીસ ફેકટરી પાસે જુગાર રમતા ૧૩ શખ્સની ધરપકડ

## રોકડ, વાહન અને મોબાઈલ મળી રૂ.૪.૧૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક,સંજય દિક્ષિત, સાબરકાંઠા**

શ્રાવણિયો જુગાર રમવાની મોસમ ખીલી ઉઠી હોય તેમ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં માચીસ ફેકટરી પાસે પોલીસે રેડ પાડતા જુગાર રમતા આશરે ૧૩ જેટલા શકુનીઓને દબોચી લીધા હતા

આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગર એ.ડીવીઝન પોલીસે માચીસ ફેકટરી નજીક સહકાર હોલની પાછળ ખુલ્લી જગ્યામાં તીન પત્તીનો જુગાર રમતા પકડાયેલા શખ્સોમાં મોસીન મસ્તાન ફકીર , જીતુ ગાડાભાઈ રાવળ,જીતેન્દ્ર અનિલભાઈ વાઘેલા, મનોજ વિજુભાઈ બારોટ, આશીફહુસૈન એહમદહુસૈન મલેક, સંજય વસંતભાઈ ડબગર, શાહનવાઝ સીરાઝભાઈ શેખ, જગદીશ મુલચંન્દ્રભાઈ વાઘેલા, સંજયસિંહ ભીખુસિંહ ચૌહાણ, સાહિલ સીરાજભાઈ શેખ, દિલાવર ફકીરમહોમંદ મેમણ,સમીર ગફુરભાઈ શેખ અને ઈલીયાસ લાલાભાઈ મીર ને ઝડપી લીધા છે.પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨૪,૬૦૦ રોકડા,અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન રૂ.૭૨,૫૦૦, રીક્ષા,બે મોપેડ સહિત અલગ અલગ વાહનો રૂ.૩,૨૦,૦૦૦ અને ગંજીફાના પાના મળી કુલ રૂ.૪,૧૭,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# સિહોર: બેન્ક ઓફ બરોડાની શાખામાં ચોરીનો પ્રયાસ

**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોરમાં અમદાવાદ રોડ પર આવેલી બેન્ક ઓફ બરોડાની સિહોર શાખામાં ગત રાત્રીનાં ૧૦-૩૮ કલાકે બેન્કની પાછળની દિવાલે આવેલી બારીની ગ્રીલ તોડી બે અજાણ્યા શખ્સો દ્વારા ચોરીનો પ્રયાસ કરવામાં આવતા આ અંગે બેન્ક ઓફ બરોડા, સિહોર શાખાના મેનેજર વિજયકુમાર સુર્યકાંતભાઈ વસાઈકરે આજ રોજ સિહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સિહોર પોલીસ દ્વારા બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી.

# સુરેન્દ્રનગર સી.જે.હોસ્પિટલના મહિલા સફાઈ કામદારે ફીનાઈલ પીધુ

## વહિવટી તંત્રના ત્રાસના કારણે પગલુ ભર્યાનો પરિવારજનોનો આક્ષેપ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર શહેરની મધ્યમાં આવેલ સી.જે. હોસ્પીટલમાં કાયમી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા મહિલાએ ફિનાઈલ પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. જે સમગ્ર મામલે ભોગ બનનાર સફાઈ કામદારના પરિવારજનોએ હોસ્પીટલના વહિવટી તંત્ર પર આક્ષેપ કર્યો હતો.આ અંગે મળતી માહિતી મુજબ શહેરની મધ્યમાં આવેલ સી.જે. હોસ્પીટલમાં વર્ષ ૨૦૧૪થી કાયમી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હંસાબેન મુકેશભાઈ વાઘેલાએ ફીનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કરતા સારવાર અર્થેસી.જે. હોસ્પીટલના આઈસીયુ વીભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા જયારે આ અંગે ભોગ બનનારના પરિવારજનોના જણાવ્યા મુજબ હોસ્પીટલના વહિવટી તંત્રને હંસાબેનને તેઓની તબીયત સારી રહેતી નહી હોવાથી હોસ્પીટલના ગાયનેક વિભાગને બદલે જનરલ વોર્ડમાં સાફ સફાઈની કામગીરી સોંપવામાં આવે તેવી માંગ કરી હતી પરંતુ વહિવટી તંત્ર દ્વારા સફાઈ કામદારના આરોગ્યની ચિંતા કર્યા વગર તેઓને ગાયનેક વિભાગમાં જ નોકરી કરવા પર દબાણ કરવામાં આવતા માનસીક ત્રાસથી કંટાળી ફિનાઈલ પી ને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો તેમજ ફરજ પરના ડોકટર દ્વારા ભોગ બનનાર મહિલા સફાઈ કામદારને સી.જે. હોસ્પીટલમાંથી અન્ય હોસ્પીટલમાં રીફર કરવાની સલાહ આપતા પણ અનેક ચર્ચાઓએ જોર પકડયું છે.

# ભાવનગર એલસીબીએ તસ્કરને ઝડપી લીધો: ત્રણ ચોરીના ભેદ ઉકેલાયા

**અબતક આનંદ રાણા, સિહોર**

ભાવનગર એલસીબી એ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે વાહન અને ઘર ફોડ ચોરીના આરોપીને ઝડપી આગવી ઢબે પૂછપરછ કરતા અઢી લાખ રૂપિયાના મુદ્દા માલ રિકવર કરીને પોલીસે ઘરફોડી અને વાહન ચોરીનો ભેદ ગણતરીની કલાકોમાં જ ઉકેલી લેવાનો યશ મેળવ્યો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ૨૯/૭ના રોજ ભાવનગર એલસીબી ના પેટ્રોલિંગ દરમિયાન અગાઉચોરીના ગુનામાં પકડાયેલઅલફેઝ અબુ બેલીમ રહે મોતી તળાવ કુંભારવાડા વાળો સરકારી વસાહત પાછળ બાવળની કાટ માંથી મોટરસાયકલ સાથે ઝડપાયો હતો તેની પૂછપરછમાં તેણે વિજય રાજનગરમાં થી એક્સેસ સ્કૂટર અને ઘરફોડી કર્યાનો કબૂલી લાકડાના કબાટમાંથી સોના ચાંદીના દાગીના રોકડા રૂપિયા અને મોબાઈલની ચોરી કર્યા હોવાનું જણાવ્યું હતુ પોલીસે તેની પાસેથી ત્રણ મોબાઈલ ઘડિયાળ ૮,૮૦૦ની રોકડ હોન્ડા બાઈક એક્સેસ સ્કૂટર સોનાનો ચેન વીંટી રુદ્રાક્ષ અને ચાંદીની વીંટી મળી ફૂલ રૂપિયા ૨,૪૬૧૦૦ નો મુદ્દા માલ કબ્જે કર્યો હતો ઝડપાયેલા અલફેઝ પર નીલમ બાગ પોલીસ સ્ટેશનમાં ચોરીના ત્રણ ગુના નોંધાયેલા છે.

# ધ્રાંગધ્રા: જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

શ્રાવણ મહિનો શરૂ થતાં ઝાલાવાડ પથકમાં પત્તા અને પાસાનું જુગાર રાજ્ય આખામાં વિખ્યાત છે ત્યારે ધ્રાંગધ્રા સીટી પોલીસ મથકના પી આઈ એમ યુ મશી ની સૂચન ધાંગધ્રા શહેરી વિસ્તારમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય તે સમયે મળેલ ચોક્કસ બાતમી ના આધારે ધાંગધ્રા શહેરના આંબેડકર નગર શાળા નંબર ૬ પાછળ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા આરોપી અંકુલભાઈ વિષ્ણુભાઈ દેવીપુજક, રાહુલભાઈ રાજુભાઈ દેવીપુજક, સુરેશભાઈ લક્ષ્મણભાઈ દેવીપુજક, સુરેશભાઈ બાબાભાઈ દેવીપુજક, ચાર આરોપીને રોકડ રકમ ૬,૯૦૦ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી લઈને આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી સીટી પોલીસ કરી રહી છે.

૭૧ વિધાનસભાના ધારાસભ્ય

# "ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે": ત્રંબામાં પોસ્ટરો લાગ્યા

**અબતક, રાજકોટ**

રાજય સરકારના એક માત્ર મહિલા કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા સામે મતદારોનો રોષ સતત વધી રહ્યો છે. ત્રંબા ગામ ખાતે રોષે ભરાયેલા લોકોએ ૭૧ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભાનુબેન બાબરિયા ગુમ થયા હોવાના બેનરો ગામમાં લગાવી દીધા છે. આ ઉપરાંત ગામના પાદરમાંજ ભાજપના કોઈ નેતાઓને ગામમાં પગ મૂકવો નહી તેવા પોસ્ટરો લગાવી દેતા ભારે ખળભળાટ મચી જવા પામી છે.

ત્રંબાના ગ્રામજનોએ એવો આક્ષેપ લગાવ્યા હતા કે ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા બન્યાબાદ અને કેબીનેટ મંત્રી બન્યા બાદ છેલ્લા અઢી વર્ષમાં એક પણ વખત ગામમાં ડોકાયા નથી. ત્રંબાના પૌરાણીક એવા ત્રિવેણી સંગમનો પુલ અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાય ગયો છે. આ પૂલને રિપેર કરવા તથા ત્રિવેણી સંગમ ખાતે સુવિધા વધારો કરવાની માંગણી છેલ્લા ઘણા વર્ષોથી ગ્રામજનો દ્વારા રાજય સરકાર અને ભાજપના નેતાઓ સમક્ષ કરવામાં આવી છે. છતા કોઈ કામગીરી કરવામાં આવતી નથી રોષે ભરાયેલા ગ્રામજનોએ આજે ૭૧ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભાનુબેન બાબરિયા ગુમ થયા હોવાના પોસ્ટરો લગાવ્યા છે. ભાનુબેનને શોધી આપનારને રૂ.૨૧ હજારનું ઈનામ આપવામાં આવશે. તેવી પણ જાહેરાત કરવામાં આવી છે.







તસવીરઃ અમિત મકવાણા

ભાજપના નેતાઓએ ગામમાં પ્રવેશ ન કરવો તેવા પણ બોર્ડ લગાવી દેવાયા

આ ઉપરાંત ત્રંબા ગામના પાદરમાં આવેલા બસ સ્ટેશનમાં એવા પોસ્ટરો લગાવવામાં આવ્યા છે કે ભાજપના એકપણ નેતાએ ગામમાં પગ મૂકવા નહી ગ્રામજનોએ ખાતરના ભાવમાં કરવામાં આવેલા તોતીંગ ભાવ વધારાનો પણ વિરોધ નોંધાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા સામે ભાજપના કાર્યકરોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. વિધાનસભા વિસ્તારમાં ભાનુબેને પોતાનું જન કાર્યાલય ખોલ્યું નથી અને જો કોઈ પ્રશ્નોને લઈ ગાંધીનગર રજૂઆત કરવા જાય તો કાર્યકરોનું અપમાન કરવામાં આવે છે. તેવી પણ ફરિયાદો ઉઠી રહી છે.

આ ઘટના અંગે રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાના બચાવમાં એવું નિવેદન આપ્યું હતું કે વિરોધ પક્ષ દ્વારા ખોટા મુદ્દાઓ ઉભા કરવામાં આવી રહ્યા છે.તાજેતરમાં સરધાર ખાતે સૌની યોજનાનું ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભાનુબેન બાબરીયા હાજર રહ્યા હતા.આ વિસ્તારની દરેક સમસ્યાના નિકાલ માટે ભાજપના નેતાઓ અને કાર્યકરો સતત સક્રિય છે.અમુક લોકો દ્વારા ખોટી રીતે ધારાસભ્ય અને ભાજપને બદનામ કરવા માટે આવા નાટકો કરવામાં આવી રહ્યા છે.

# હરણી હોનારતના પીડિતોને રૂ.૧.૨ કરોડ ચૂકવવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

## કોર્ટે વડોદરા ડેપ્યુટી કલેક્ટરને ૬ અઠવાડિયામાં રકમ ચૂકવવા સૂચન કર્યું

**અબતક, રાજકોટ**

વડોદરાની હરણી તળાવ ખાતેની હોનારતને મામલે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સોમવારે આદેશ આપ્યો કે તળાવના સંચાલન માટે જવાબદાર કોન્ટ્રાકટર કંપની મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સે જે રૂ.૧.૨ કરોડથી વધુની વળતર રકમ જમા કરાવી છે, તે રકમ તળાવમાં ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ થયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બાર બાળકો અને બે શિક્ષકોના પરિવારજનોને આપી દેવાશે. અરજદાર તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે રૂ.૮૧,૯૯,૬૬૪ અને રૂ.૩૦,૭૪,૮૮૦ ની રકમ ડેપ્યુટી કલેક્ટર વડોદરા પાસે જમા કરાવાઈ છે અને તે રકમ પીડિત પરિવારજનોને આપી દેવાથી કોઈ વાંધો નથી. આ નિવેદનના આધારે ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ન અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે વડોદરા ડેપ્યુટી કલેકટરને છ અઠવાડિયામાં આ રકમ ચૂકવવાનું સૂચન કર્યું છે. કોર્ટે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ આદેશ અંગે પણ નોંધ લીધી છે. હાઈકોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટર પેઢીને લગભગ રૂ.૪ કરોડ વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આના વીરુદ્ધ પેઢીએ સુપ્રીમ કોર્ટમાં ખાસ અનુમતિ અરજી દાખલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં કોટિયા પ્રોજેક્ટ્સે દલીલ કરી હતી કે તળાવ માટે વીમો લેવામાં આવ્યો છે અને વીમા કંપનીને પણ કેસમાં સામેલ કરવી જોઈએ. જોકે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે આ વિનંતી નામંજૂર કરી હતી અને હાઈકોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે આંતરિક વિવાદો કે વીમા કવરેજ પેઢીની જવાબદારીથી મુક્તિ આપી શકતા નથી. હાઈકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૫માં આપેલા આદેશમાં પેઢીને રૂ.૩.૫ કરોડથી વધુની રકમ ચાર હપ્તામાં જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. પ્રથમ ૨૫% હપ્તો ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જમા કરાવવાનો હતો.



આ નિર્ણય સામે પેઢીએ સમીક્ષા અરજી કરી હતી અને દાવો કર્યો હતો કે તેમના અગાઉના વકીલને વધુ જવાબદારી સ્વીકારવાનો અધિકાર ન હોતો. સમીક્ષા અરજી પણ ૯ મે, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું કે પહેલા આપેલો આદેશ માત્ર વકીલના નિવેદન પર આધારિત નહોતો અને કોર્ટે તમામ પાસાંઓનું સ્વતંત્ર મૂલ્યાંકન કર્યા બાદ પેઢીને જવાબદાર ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે હવે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ડેપ્યુટી કલેક્ટર, વડોદરા પેઢીની જમા કરેલી રકમ પીડિત બાળકોના માતાપિતા અને શિક્ષકોના પરિવારજનોને વહેંચી આપે. ઉપરાંત, સુપ્રીમ કોર્ટે પેઢીને હાઈકોર્ટમાં પેન્ડિંગ પીઆઈએલમાં તેના ભાગીદારો અને વીમા કંપનીને પક્ષકાર બનાવવા માટે સ્વતંત્રતા આપી છે.

# પૂરતા પુરાવાના અભાવે ગોધરાકાંડ પછીના રમખાણોના ત્રણ આરોપી નિર્દોષ જાહેર

## આગચંપી, તોડફોડ, ગેરકાયદે સભામાં આરોપીઓની ભૂમિકા હોવાનું સાબિત થઈ રહ્યું નથી: ટ્રાયલ કોર્ટનાં આદેશને પલટાવી નાખતી હાઈકોર્ટ

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૨ના ગોધરાકાંડ પછીના રમખાણોના કેસમાં કથિત સંડોવણી બદલ ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા અને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવેલા ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે, કારણ કે તેમની સજા વિશ્વસનીય પુરાવા પર આધારિત નહોતી.

પ્રાપ્ત વિગત અનુસાર ન્યાયાધીશ ગીતા ગોપીની હાઈકોર્ટ બેન્ચે સચિન પટેલ, અશોક પટેલ અને અશોક ગુપ્તા દ્વારા દાખલ કરાયેલી અપીલ મંજૂર કરી હતી.જેમણે આણંદની ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા તેમની સજા અને ૨૯ મે, ૨૦૦૬ ના રોજ સંભળાવવામાં આવેલા સજાના આદેશને પડકાર્યો હતો.

વિદ્વાન ટ્રાયલ કોર્ટના ન્યાયાધીશે પુરાવાઓની પ્રશંસા કરવામાં ભૂલ કરી હતી. દોષિત ઠેરવવામાં આવેલી સજા વિશ્વસનીય અને સમર્થન પુરાવા પર આધારિત નથી તેવી દલીલ હાઈકોર્ટમાં કરવામાં આવી હતી.ટ્રાયલ દરમિયાન આરોપીઓની ઓળખ સાબિત થઈ નથી, તેવું હાઈકોર્ટે તેના સોમવારના આદેશમાં જણાવ્યું હતું.

આ કેસમાં મૂળ નવ વ્યક્તિઓ સામેલ હતા. જેમાં ચારને રમખાણો, આગચંપી અને ગેરકાયદેસર સભા માટે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને

(અનુ. આઠમા પાને)

આઈપીઓમાં રોકાણ કરી ઉંચું વળતર આપવાની લાલચે

# ગુજરાત, મુંબઈ અને ઓડિશાના ૪૯ રોકાણકારો સાથે રૂ. ૪.૪૬ કરોડની છેતરપિંડી

## રાજકોટના કુવાડવા રોડ પર આવેલ શિવપરામાં રહેતા રોહિત રોરીયાએ પ્રથમ રોકાણ પેટે સારૂ વળતર આપી ફસાવ્યા : બાદમાં કરોડોની રકમ મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયો

**અબતક, રાજકોટ**

જીવનમાં કોઈ શોર્ટકટ નથી હોતો તેમાં પૈસા રળવાનો પણ કોઈ શોર્ટકટ હોતો નથી. જે લોકો શોર્ટકટથી નાણાં કમાવવા જાય તેમાં મોટાભાગના લોકોને ભેજાબાજોનો ભેંટો થઈ જતો હોય છે અને પરિણામે નાણાં ગુમાવવાનો વારો આવતો હોય છે. તેવો જ એક બનાવ રાજકોટમાં સામે આવ્યો છે. શહેરના કુવાડવા રોડ પર શિવપરામાં રહેતો રોહિત રોરીયાએ લોકોને આઈપીઓમાં ઊંચા વળતરની લાલચે રાજકોટ સહિત ગુજરાત ભરના ૪૯ લોકો સાથે ૪.૪૬ કરોડની છેતરપીંડી આચરતા ગુનો નોંધાયો હતો. જેમાં રાજકોટના ૨૭ સહિત અમદાવાદ, ગોંડલ, જૂનાગઢ, જામનગર, બોટાદની યુવતીઓ સહિતના લોકોએ મરણમૂડી ગુમાવવાનો વારો આવ્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં રામેશ્વર હોલની બાજુમાં રામેશ્વર પાર્ક-૧ માં રહેતાં કલ્પેશભાઈ દિનેશભાઈ બુસા (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રોહિત રમેશ રોરીયા (રહે. શિવપરા, જુના જકાતનાકા પાસે, કુવાડવા રોડ, રાજકોટ) નું નામ આપતાં યુની. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કિચનવેર એપ્લાઈન્સનું ટ્રેડિંગ કરે છે. તેમના મિત્ર કૌશીકભાઈ હર્ષદરાય સોનેજી નાઓ મારફત રોહિત રોરિયા સાથે ફોન ઉપર વાતચીત કરી તેઓને આઈપીઓ ભરવા અને રોકાણ

(અનુ. આઠમા પાને)

**રાજકોટ શહેરના ૨૭, ગોંડલ-કોટડાસાંગાણીના બે, અમદાવાદના ૧૪, મુંબઈના બે, જામનગર-જૂનાગઢના બે, બોટાદના અને મુંબઈના રોકાણકારો ઠગાઈનો ભોગ બન્યા : ભેજાબાજ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ગુનો**

### રાજ્યભરમાંથી ઠગાઈનો ભોગ બનેલા રોકાણકારોની યાદી

વિમલભાઈ રવજીભાઈ સમાણી (રહે. રાજકોટ) ના રૂ. ૧૪,૨૮,૫૭૪, ધ્વનીબેન વિમલભાઈ રામાણી (રહે.રાજકોટ) ના રૂ. ૨૪,૭૬,૭૫૦, યશ્વીબેન વિમલભાઈ રામાણી (રહે, રાજકોટ) ના રૂ. ૧૫.૬૦, ચિરાગભાઈ મનહરલાલ છાટબાર (રહે, રાજકોટ) ના રૂ. ૫,૮૨,૫૦૦, ભાવીનીબેન ચંદ્રકાંતભાઈ સોનેજી (રહે.રાજકોટ) ના રૂ. ૩,૪૮,૭૫૦, દર્શનભાઈ કાબુભાઈ ચુડાસમા (રહે. રાજકોટ) ના રૂ. ૫.૧૬ લાખ, ધવલભાઈ મનસુખલાલ મહેતા, (રહે.રાજકોટ)ના રૂ. ૪.૭૬ લાખ, મહેશભાઈ નાનાલાલા મહેતા (રહે.રાજકોટ) ના રૂ.૯૪ હજાર, વિમેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (રહે. રાજકોટ) ના રૂ. ૩,૬૯.૮૭૫, ધર્મિષ્ઠાબેન વિમેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (રહે. રાજકોટ) ના રૂ. ૧,૦૪,૫૦૦, નવનીતભાઈ જમનાદાસ વાગડીયા (રહે. રાજકોટ), ના રૂ. ૯,૬૮ હજાર, કુમારભાઈ કિરનભાઈ બોસમિયા (રહે. રાજકોટ) ના રૂ.૧૩.૬૫ લાખ, દલસુખભાઈ પરબતભાઈ ગોંડલીયા (રહે. રાજકોટ) ના રૂ. ૧૭.૨૬ લાખ, આકાશભાઈ ભરતભાઈ ચિત્રોડા (રહે.રાજકોટ) ના રૂ. ૩૮.૧૨૫, સ્વેતાબેન વિવેકભાઈ જેઠવા (રહે.રાજકોટ) ના રૂ. ૬,૦૪,૫૦૦, નિતીનભાઈ શિવકુમાર પાંડે, (રહે.રાજકોટ) ના રૂ.૩,૫૩,૨૫૩, રાજવિબેન વિરેનભાઈ કાલાવાડીયા (રહે.રાજકોટ) ના રૂ.૧.૪૭,૫૦૦, અંકીતભાઈ દલસુખભાઈ ગોંડલીયા (રહે. રાજકોટ) ના રૂ. ૭,૬૭,૯૯૯, રિંકલ હર્શદભાઈ મેર (રહે.રાજકોટ) ના રૂ. ૧,૧૧,૮૭૫ જીજ્ઞેશભાઈ દિલીપભાઈ સોનેજી (રહે. રાજકોટ) ના રૂ.૬,૩૪,૯૦૦, એમ.પ્રસાદ રહે. જલેશ્વરપુર ગામ, (ઓડીસા) ના રૂ.૧,૨૮,૬૮૩, શિલ્પાબેન હાર્દિકભાઈ કોઠારી (રહે.રાજકોટ) ના રૂ. ૮૯,૬૨૬, મહેશભાઈ કિશોરભાઈ જાદવ ( રહે.રાજકોટ) ના રૂ.૧૦.૧૬ લાખ, પરેશભાઈ રામજીભાઈ માવાણી, (રહે.રાજકોટ) ના રૂ.૩,૧૬,૭૪૯, અલ્પેશભાઈ કૈલાશભાઈ આતકરી

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં નિર્મલ મેડિકલ એજન્સીમાંથી ડુપ્લીકેટ સ્પુરીયસ દવાઓ પકડાય



## રાજકોટ ઉપરાંત અમદાવાદ, સુરત અને વડોદરામાંથી ૧૭ લાખની ડુપ્લીકેટ દવાઓ મળી આવી

**અબતક, રાજકોટ**

નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ડુપ્લિકેટ-સ્પુરીયસ દવાઓ વેચતાં ઈસમોના ઘરે અને મેડિકલ એજન્સીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અંદાજે રૂ. ૧૭ લાખની કિંમતની ડુપ્લિકેટ-સ્પુરીયસ એલોપેથીક દવાઓ જપ્ત કરવામાં આવી હતી તેમજ ૨૦ દવાના નમુનાઓ લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા હતા.

આ અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ. જી. કોશીયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં તંત્રના આઇ.બી. ફ્લાઈન્ગ સ્કવોડને મળેલી માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતા અરૂણસિંહ અમેરા - ૨૦, રાજનગર સોસાયટી, વટવાના રહેઠાણ પર આઇ.બી.ની ટીમે વહેલી સવારે દરોડો પાડતાં ખુબ મોટા પ્રમાણમાં સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓનો જથ્થો પકડી પડ્યો હતો.

આ ઉપરાંત નિલેશ હરીલાલ ઠક્કર - બી-૭, ચુનીલાલ પાર્ક, સીટીએમ ચાર રસ્તા પાસે,

(અનુ. આઠમા પાને)

# રાજયના પાંચ ઝોન પૈકી સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૫૫.૦૯ ટકા વરસાદ

## દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૬.૬૩ ટકા પાણી પડયું: ઉત્તર ગુજરાતમાં ૬૫.૨૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૪.૮૨ ટકા, અને કચ્છમાં ૬૪.૧૬ ટકા વરસાદ

**અબતક, રાજકોટ**

રાજયમા આજ સુધીમાં ચોમાસાની સીઝનનો ૬૨.૮૧ ટકા વરસાદ વરસી ગયો છે. પાંચ ઝોન પૈકી સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૫૫.૦૯ ટકા જ વરસાદ પડયો છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં હવે પાકને વરસાદની તાતી છે.છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ૯૫ તાલુકાઓમાં વરસાદ પડયો હતો.

ચોમાસાના આરંભે શરૂઆતના એક મહિનામાં સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ અનરાધાર હેત વરસાવ્યુ હતુ. પરંતુ હવે સૌરાષ્ટ્રમાં વરસાદની ખેંચ વર્તાય રહી છે. આજ સુધીમાં ૬૨.૮૧ ટકા વરસાદ પડયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૬.૬૩ ટકા વરસાદ પડયો છે. જયારે ઉત્તર ગુજરતામાં ૬૫.૨૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૪.૨૮ ટકા, અને કચ્છમાં ૬૪.૧૬ ટકા પાણી પડી ગયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૯૫ તાલુકાઓમાં વરસાદ પડયો છે. જેમાં કપરાડામાં સૌથી વધુ ૫૪ મીમી પાણી પડયું છે. આ ઉપરાંત વઘઈમાં ૪૫ મીમી, ડાંગ આહવામાં ૪૪ મીમી, ખેરગામમાં ૪૩ મીમી વાસેદામાં ૪૧ મીમી, ધરમપુરમાં ૩૭ મીમી, સુબીરમાં ૨૯ મીમી, વલસાડમાં ૨૯ મીમી, વાપીમાં ૨૩ મીમી, વરસાદ વરસ્યો છે. આજથી રાજયભરમાં વરસાદનું જોર ઘટી જશે.

રાજયની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ઉપરવાસના વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદના કારણે પાણીની ધીંગી આવક થવા પામી છે. સરદાર સરોવર ડેમ ૬૫.૯૭ ટકા ભરાય ગયો છે. હાલ ડેમમાં ૨૨૦૪૦૮

(અનુ. આઠમા પાને)

# ગીરમાં સાવજ વીરૂ બાદ જયની ડણક પણ શાંત

## દંતકથા સમાન સિંહ જોડી જય-વિરૂ ભલે ન રહ્યા પણ તેમની આત્મા ગીરમાં સતત ગુંજતી રહેશે

**અબતક, રાજકોટ**

ગીરની શાન સમી દંતકથા સમાન સાવજની જોડી જય અને વિરૂની ડણક હવે નહીં સંભળાય, વિરૂના અવસાન બાદ જયે પણ પ્રાણ છોડી દીધા છે.

એકાદ મહિના પહેલાં વીરૂના અને મંગળવારે જયના અવસાન સાથે, ગીરની જય-વીરૂની જોડી તુટી હતી. ગુજરાત સરકારના વનવિભાગના અધિકારીઓ અને પશુચિકિત્સકોના અથાગ પ્રયાસ પછી પણ જય-વીરુની જોડી તેમને થયેલી ઈજાઓમાંથી બહાર આવી શકી નહીં અને મૃત્યુને ભેટી. જયની સારવાર માટે વનતારાની ટીમ પણ ગીરમાં બે દિવસ રોકાઈ હતી, પરંતુ કમનસીબે તેઓ ઈચ્છીત પરીણામ મેળવી શક્યા નહીં.

ભારે હૃદય સાથે વન્યજીવપ્રેમી પરિમલ નથવાણીએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જયના અવસાનથી ઘણું જ દુઃખ થઈ રહ્યું છે. ખૂબ જ લાંબી અને

(અનુ. આઠમા પાને)

